# શ્રી રંગ પત્રમંજૂષા

(પૂ. શ્રી નું સમગ્ર પત્ર સાહિત્ય)



॥ શ્વાસે શ્વાસે દત્તનામ સ્મરાતમમ્ ॥

—રંગ અવધૂત

પ્રકાશક. જયંતિલાલ શંકરલાલ આચાર્ય
પ્રમુખ, શ્રી અવધૂત સાહિત્ય પ્રકાશન ટ્રસ્ટ,
નારેશ્વર, પો. સાયર
જી. વડોદરા ૩૯૩ ૧૦૭

૨જી આવૃત્તિ:

તા. ૧૦-૩-૧૯૯૭
વિ. સં ૨૦૫૩
ફાગણ સુદ. ૨
શ્રી રામ કૃષ્ણ જયંતી


પ્રત. ૨૦૦૦

મૂલ્ય: ૨૫=૦૦

મુદ્રક: અનિલ દેસાઇ.
પ્રિન્ટવેલ ઓફસેટ
અહામડી બાગ સામે,
હાંડિયા બજાર,
વડોદરા ૩૯૦૦૦૧

ટાઇટલ મુદ્રક:
શ્રી નારાયણ મુદ્રણાલય
નારેશ્વર, પો. સાયર
જી. વડોદરા, ૩૯૩ ૧૦૭

અર્પણ



પૂ. મોદીકાકાને

# પ્રકાશકનું નિવેદન

(પહેલી આવૃત્તિનું)

પૂ.શ્રી.એ મુ. મોદીકાકા તથા મુ. અંબાલાલભાઈ વ્યાસ સાથે પોતાના કોલેજ જીવન દરમ્યાન તથા તે પછી પણ જે પત્રો લખેલા તેને પ્રકાશિત કરતાં શ્રી અવધૂત સાહિત્ય પ્રકાશન ટ્રસ્ટ ગૌરવ અનુભવે છે.

સમગ્ર સાહિત્ય જગતમાં પત્રસાહિત્ય ખૂબ ઓછું વિકસ્યું છે. છતાં પત્રોમાં જ માણસનું સાચું હૃદય પ્રગટ થતું જોવા મળે છે. તેમાં પણ પોતાના આત્મીય મિત્ર પાસે જે હૃદય ખુલ્લું થાય છે તેનો જોટો જગતમાં હોતો નથી. વળી આ પત્રો એવા છે કે જેમાં એક ભારતીય પ્રાચીન પ્રણાલિ અનુસાર સત્યની ખોજ કરનાર સાધકનું તથા તે સમયની સાંપ્રત ભારતીય રાજકીય, સામાજિક, શૈક્ષણિક વગેરે અનેક પરિસ્થિતિનું આમૂલ દર્શન કરી બને તેટલા સત્કર્મમાં સહભાગી થવાના તલસાટવાળા યુવાન હૃદયનું પ્રતિબિંબ છે. આઝાદીની ઉષા ઊગે એ દિવસોને તો કેટલીય વાર હતી; ચારેકોર ઘનઘોર રાત્રી જ દેખાતી હતી. ગાંધીજીના હાથમાં રાજકીય સ્વરાજ્ય પ્રાપ્ત કરવા માટેના કાર્યક્રમોની બાગડોર હજી હમણાં જ આવી હતી. તેવે સમયે આત્મશુદ્ધિ કરતાં કરતાં સ્વરાજ હાંસલ કરવાની હાકલ તેમણે દેશના સૌ નવલોહિયાઓને પાડી. ત્યારે દેશભરમાંથી જે નવયુવકો પોતાની પ્રથમ હરોળની કારકિર્દીનાં સ્વપ્ન છોડી ગાંધીજીને મળ્યા તેમાંના આ ત્રણે મહાનુભાવો. શ્રી વ્યાસ એ મુ. મોદીજી અને પૂ.શ્રી. રંગઅવધૂતના કડીરૂપ મિત્ર. ત્રણે કૉલેજ છોડી ભેગા મળ્યા અને પૂ.શ્રી.ના સાધનકાળમાં સહચિંતનમાં સાથે રહ્યા, અથવા પૂ.શ્રી. જે વિચારતા, જે જે કાર્યક્રમ અમલમાં મૂકતા એ સર્વના સહૃદયભાવે, મુગ્ધભાવે અને પૂજ્યભાવે સક્રિય સાક્ષી રહ્યા . પૂ.શ્રી. ના વિચારોને, તત્કાલિન પરિસ્થિતિને અને પૂ.શ્રી.ની સાધક અવસ્થાને યત્કિંચિત્ સમજવાની ચાવી આમાંથી પણ મળી રહેશે એવી ખાતરી છે.

આ પત્રો મુ. મોદીકાકા પાસે એમ જ પડી રહેલા; મુ. શ્રી. વ્યાસ પાસેના પત્રો પણ એમણે જ મંગાવી રાખેલા. એક વખત હું અને શ્રી. ધીરુભાઈ નારેશ્વરમાં સાથે બેઠા અને જે જે પત્રો પર રદ્દીકરણની પોસ્ટની છાપ ઉકલી તે તે ઉપરથી તેને સાલવાર, માસવાર જુદા તારવ્યા અને તે તારીખો કૌંસમાં લખવાનું રાખ્યું. જેની તારીખ મળી નહિ તે હાલ તો પાછળથી છાપવાનું વિચાર્યું છે. એને અંદર આવતા ઉલ્લેખ અનુસાર જ્યાં ત્યાં ગોઠવવાનું કામ સમય માંગી લે તેવું છે, અને તે દરમાન્ય ૮૦ મી શ્રી રંગજયંતીનાં નગારાં જોરશોરથી વાગ્યાં એટલે એમાંનો પ્રથમ ભાગ એ સમયે પ્રગટ કરી દેવો એમ મુ. મોદીકાકા સાથે નક્કી કરી પ્રેસમાં અપાઈ ગયો. પરંતુ કાળે મુ. મોદીકાકાને ભરખી લીધા. તેથી કાર્ય થોડું લંબાયું.

આ પત્રોની પ્રેસકોપી કરવાનું કાર્ય ચાલતું હતું ત્યાં જ શ્રી. જનાર્દભાઈ (મુ. મોદીકાકાના

પુત્ર) બદલી થવાથી વિદ્યાનગર આવ્યા અને તેમણે કામ ખૂબ જ હોંશથી ઉપાડી લીધું. કોઈ કોઈ જગ્યાએ અક્ષરો તૂટી ગયા છે ત્યાં.... ખાલી જગ્યા રાખી છે.

શ્રી રંગદર્શનમાં અવારનવાર પૂ શ્રી.ના પત્રોમાંથી વાનગી આવતી હતી જ. પણ ગણદેવીના યુવાન અને ઉત્સાહી એંજિનિયર શ્રી. દોલતભાઈ દેસાઈને થયું કે આમ મહિનો રાહ જોયા પછી પત્ર વાંચવા મળે એના કરતાં પુસ્તકાકારે મૂકાઈ જાય તો સરસ ! એમણે એ કાર્યને કાર્યાન્વિત કરવા રૂા. ૨૦૦૧/- નો ચેક પણ મોકલી આપ્યો ! અમોને વેગ મળ્યો, અને આજે શ્રીરંગપત્રમંજૂષાનો પહેલો ભાગ પ્રગટ થાય છે.

પત્રો વાંચતાં ગમે તેવી મુસીબતમાં પણ અવધૂતજીનું સૌ પ્રથમ વાક્ય ‘આનંદમાં છું’ વાંચીએ છીએ ત્યારે એમના આકાશી ઉડ્ડયનનો, પરબ્રહ્મ સાથેના, આનંદસ્વરૂપ પરમાત્મા સાથેના અનુસંધાનનો કંઈક ખ્યાલ આવે છે. આખીય પત્રમંજૂષાને ‘આનંદમાં છું.’ એવું શીર્ષક પણ અપાય તેમ છે.

જ્યારે જ્યારે આ પત્રો વાંચીએ છીએ ત્યારે ત્યારે પૂ.શ્રી.નું શરૂથી જ જે ચિંતન હતું, તેને વ્યક્ત કરવાનું જે કૌશલ્ય હતું – થોડામાં ઘણું કહેવાની જે સ્પષ્ટ શૈલી હતી તેનાં દર્શન થયા વિના રહેતાં નથી, આમાંના ઘણા પત્રો તો એક પોસ્ટકાર્ડ ઉપર જ લખાયેલાં છે. સુવાચ્ય અક્ષરો, સુઘડ લખાણ અને સ્પષ્ટ ચિંતન એ આ પત્રોનું આગવું લક્ષણ છે. એ ઉપરાંત મુ. શ્રી. વ્યાસ અને મુ. મોદીકાકા સાથે તેઓ કેવા મૈત્રીભાવથી જોડાએલા હતા તેનું દર્શન પણ થાય છે. પોતે આજીવન બ્રહ્મચર્ય પાળશે, પૈસાને સ્પર્શ ન કરવાનો પોતાનો નિયમ, સ્થાનની નીતિ, આરંભની મુશ્કેલીઓ, અવધૂત તો અગવડતાને વર્યો છે, અવધૂતની બાદશાહી ખુમારીભરી બિમારી જોવી હોય તો આવો, વગેરે અંગેનાં લખાણો એ ઉભય સાથેનો આત્મીય સંબંધ બતાવે છે.

તેથી જ મુ. વ્યાસને જ્યારે આમુખ લખવાનું કહેવામાં આવ્યું ત્યારે તેમણે જરાય આનાકાની વગર લખી આપ્યું. અમો એમના આ માટે ઋણી છીએ.

## (બીજી આવૃત્તિનું)

ઘણાં વખતથી પત્રમંજૂષાના બંને ભાગો ખલાસ થઈ ગયા હતા. અવધૂત પરિવારના સદસ્યો ઘણા સમયથી રાહ જોતા હતા તે પ્રકાશન અમો મૂકી શકયા છીએ તેનો સંતોષ છે. આ વખતે બંને ભાગો ભેગા છાપ્યા છે અને પત્રોનો ક્રમ તારીખ – તિથિ – અનુસાર ગોઠવવાનો પ્રયત્ન કર્યો છે. છતાં કયાંક કયાંક નિશ્ચિત ન કરી શકવાથી પ્રશ્નાર્થનો આશ્રય લીધો છે.

આ પ્રવૃત્તિના પ્રકાશન માટે

| | | | |
|---|---|---|---|
| રૂ | ૫૧=૦૦ | શ્રી કોકિલાબેન | ગાંધીનગર |
| રૂ | ૪૦=૦૦ | એક રંગભક્ત | |
| રૂ | ૩૫૦=૦૦ | વસંતભાઇ અંબાલાલભાઇ પટેલ | સુરત |
| રૂ | ૫૧=૦૦ | રજનીકાંત દેસાઇ | મુંબઇ |
| રૂ | ૨૫૧=૦૦ | રમાબેન મોહનલાલ પટેલ | બાલીસાણા તા. પાટણ |
| રૂ | ૫૧=૦૦ | એક સદ્‌ભક્ત | |
| રૂ | ૫૦૧=૦૦ | કેયૂર અરવિંદભાઇ પટેલ | સુરત |
| રૂ | ૩૦૧=૦૦ | શ્રીમતીબેન હરિક્રિષ્ણ પટેલ તરફથી પોતાના માતાપિતાના સ્મરણાર્થે | વડોદરા |
| રૂ | ૫૦૧=૦૦ | સ્વ. વિઠ્ઠલદાસ પ્રાગદાસ પટેલના સ્મરણાર્થે હસ્તે લક્ષ્મુભાઇ વિ. પટેલ | મિઢોળ |
| રૂ | ૩૫૧=૦૦ | મધુસૂદન દેસાઇ (નડિયાદ) | વલ્લભવિદ્યાનગર |
| રૂ | ૨૦૦,૨=૦૦ | ડૉ. પરીક્ષિત વ્યાસ | સુરત |
| રૂ | ૨૦૦,૧=૦૦ | ડૉ. બિધન શેઠ | સુરત |
| રૂ | ૫૦૧=૦૦ | ચંપકલાલ ઠાકોરભાઇ મિઠાઇવાલા | સુરત |
| રૂ | ૫૦૧=૦૦ | નટવરભાઇ રેવાભાઇ પટેલ | અમદાવાદ |
| રૂ | ૧૦૦,૫=૦૦ | જે. સી. ભટ્ટ | વઢવાણ શહેર |
| રૂ | ૫૦૦,૧=૦૦ | રેણુકાબેન શરદકુમાર શ્રોફ | મુંબઇ |
| રૂ | ૫૦૦,૧=૦૦ | કુમારી મેનકા શરદકુમાર શ્રોફ | મુંબઇ |
| રૂ | ૭૦૦=૦૦ | પ્રા. નલિનીબેન દેસાઇ | સુરત |
| રૂ | ૭૨૫=૦૦ | જયશુકલેશ્વર મહિલામંડળ, | વિલેપાર્લે |
| રૂ | ૨,૪૫૦=૦૦ | સ્વ. મણિલાલ મહાશંકર દવે, સ્વ. ભુરિફોઇ, સ્વ. કાંતાબેન મણિલાલ દવે ના સ્મરણાર્થે હસ્તે પ્રા. ડૉ. સુભાષ મા. દવે | વડોદરા |
| રૂ | ૧,૫૦૧=૦૦ | છોટાભાઇ બકોરભાઇ છિંકણીવાળા | ઉમરેઠ |
| રૂ | ૧,૧૧૧=૦૦ | ભાવિન સુભાષચંદ્ર દવે | વડોદરા |
| રૂ | ૧,૦૦૦=૦૦ | મહેશભાઇ મુકુંદલાલ જોશી | વેજુગામ |
| રૂ | ૧,૦૦૧=૦૦ | ગીતાબેન એસ. ભટ્ટ | સ્વરૂપગંજ (રાજસ્થાન) |
| રૂ | ૧,૧૧૧=૦૦ | ઋત્વિક કે. રાવલ | આણંદ |
| રૂ | ૧,૦૦૧=૦૦ | પ્રા. શ્રુતિબેન દેવદત્ત જોશી | વડોદરા |

સાભાર મળ્યા છે. તેમની સૌની નિષ્કામ સેવા ભક્તિની સાનંદ નોંધ લઇ પૂજ્યશ્રીના ચરણ કમલમાં સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરી વિરમીએ છીએ.

– પ્રકાશક

# આમુખ

મને આ આમુખ લખવા માટે પ્રકાશન ટ્રસ્ટ તરફથી જે અનુરોધ કરવામાં આવ્યો છે તે માટે પહેલાં તો હું એના સંચલાકોનો ઋણી છું. રંગ અવધૂત સાથે મને વિદ્યાર્થી અવસ્થામાંથી જ ઘનિષ્ઠ પ્રસંગમાં આવવાની તક મળી હતી. એ ગોધરાની તેલંગ હાઈસ્કૂલમાં અભ્યાસ કરવા માટે જોડાયા તે જ વખતે મને પણ મારા મોસાળમાં રહીને તે જ હાઈસ્કૂલમાં ભણવાનો લાભ મળ્યો હતો. અને મેટ્રીક પાસ થતાં સુધી અમે બંને ત્યાં જ ભણ્યા હતા. અવધૂત એકદમ સાદાઈમાં એમનો વિદ્યાર્થી તરીકેનો સમય ગાળતા હતા ને તેથી જ એમની પ્રત્યે મારા સ્નેહ સદ્ભાવ અને ભક્તિભાવ પ્રતિદિન વધતાં જતાં હતાં. એમની પાસેથી જ હું આસનો, પ્રાણાયામ વગેરે શીખ્યો હતો. એમની કાવ્યશકિત અને વક્તૃતાથી હું તથા મારા બીજા મિત્રો પ્રભાવિત થયા હતા. ને શિક્ષકો પણ એમની હરેક પ્રસંગે પ્રશંસા કરતા હતા.

હું રજાઓમાં મારે વતન રામપુરા જતો હતો. તેવે પ્રસંગે કંઈક કંઈક કારણસર હું એમને પત્ર લખીને પ્રશ્નો પૂછતો હતો અને તેના જવાબ પણ મને એ પત્રો દ્વારા લખી મોકલતા. અમે ગોધરામાં એક વિદ્યાર્થી મંડળ પણ સ્થાપ્યું હતું. જેને અંગ્રેજીમાં Study circle કહે છે તેવી જાતનું અમારું એ મંડળ હતું. જાણીતા હરિજન સેવક નાનાસાહેબ ફડકેના માર્ગદર્શન નીચે અમે એ વિદ્યાર્થીમંડળ ચલાવતા હતા ને જુદા જુદા વિષયો ઉપર લેખ લખી લાવી એના પર ત્યાં ચર્ચા પણ કરતા હતા.

મેટ્રીક પાસ કર્યા પછી શરૂઆતમાં તો અમે બંને જણ અમદાવાદની ગુજરાત કોલેજમાં દાખલ થએલા. પણ પછી કેટલાંક અનિવાર્ય કારણોને લીધે એમને વડોદરા કોલેજમાં દાખલ થવું પડયું હતું. એ બે ત્રણ વર્ષ અમારો પત્રવ્યવહાર બહુ છૂટથી ચાલ્યો હતો. અને એમની મુશ્કેલીઓ મને પણ લખી જણાવતા. રંગ અવધૂત વિદ્યાર્થી અવસ્થાથી જ સંસ્કૃત ભાષાના ઊંડા અભ્યાસી હતા ને મને પણ એ વિષયમાં એ જરૂર પડે માર્ગદર્શન આપતા. અવધૂત બહુ ટીખળી પણ હતા અને અમારા મંડળમાં કે મંડળની બહારની વ્યકિતઓ ઉપર પણ એમનાં કટાક્ષબાણ છોડીને અમને બધાંને આનંદ પણ આપતા હતા. પણ એમનો એ કટાક્ષ કે મર્માળુ વાક્યોનાં ઝેર કે દ્વેષનો જરા પણ અંશ રહેતો નહીં ને કોઈને જરા માઠું લાગી જાય તો તરત એને મનાવી લેવાનો પ્રયાસ પણ કરતા. એમને લીધે જ હું સ્નાતક થયા પછી અમદાવાદની આદર્શ વિનયમંદિર રાષ્ટ્રીય શાળામાં ગયો હતો. તે તે વખતે એમનાં 'ગીર્વાણભાષાપ્રવેશ'ની તૈયારીમાં પડયા હતા ને હું પણ થોડો થોડો એમને વાક્યો, શબ્દો યોગ્ય સ્થળે ગોઠવવામાં કંઈક ઉપયોગી થઈ પડતો. કારણ મને પણ હાઈસ્કૂલમાંથી જ સંસ્કૃત ભાષા પ્રત્યે ખૂબ અનુરાગ ઉત્પન્ન થએલો. અમારા સંસ્કૃત શિક્ષક એક મહારાષ્ટ્રીય સજ્જન હતા અને એમણે અમને સંસ્કૃત સાહિત્ય પ્રત્યે હાઈસ્કૂલમાંથી જ આકર્ષ્યા હતા ને તેથી અમે ભગવદ્ગીતા ને કાલિદાસનાં કેટલાંક નાટકોની પણ ચર્ચા કરતા થઈ ગયા હતા.

પૂ. શ્રી રંગઅવધૂત મહારાજ



નારેશ્વર

# સ્વ. મુ. દાસકાકા—અવધૂતની આંખે

ૐ

દાસકાકાને આપણા ગયે ઘણો વખત થઈ ગયો; પણ એ યાદ જ આવતા હોય એવો દિવસ ભાગ્યે જ આથમતો હશે! એમના વગર અહીં બધું અંધારું છે. એમનો સૌની સાથે ભળી જવાનો મિલનસાર સ્વભાવ, સિદ્ધાંતોનો આગ્રહ, વૃદ્ધ હોવા છતાં જુવાનીઆને પણ શરમાવે એવો અદમ્ય ઉત્સાહ, અવધૂતની અકિંચન બાદશાહીને શોભે એવી કરકસર અને ચીવટ, આત્મૌપમ્ય સમદૃષ્ટિ, નિરપેક્ષ નિરહંકાર ગુરુ સેવાભાવ વગેરે વગેરે ગુણોની તો હવે સંભારી સંભારીને વાતો કરવાની જ રહી! અવધૂતની શરૂઆતની અકલ્પ્ય ઉન્મત્ત વૃત્તિને તો એજ જીરવી શકે. એમનું જીવન કોઈ કર્મયોગીના જેવું આદરણીય હતું. એમનું હૃદય ભલભલા ભક્તોને પણ ઈર્ષ્યા ઉપજાવે એવું હતું. શહેરના ઘોંઘાટથી દૂર, કીર્તિ કે મોટાઈની લેશ પણ લાલસા રાખ્યા વગર પ્રભુપ્રેરિત કર્તવ્યકર્મને નિષ્કામવૃત્તિથી બજાવતા, શ્વાસે શ્વાસે સેવાવૃત્તિ જીવતા, કોઈ આદર્શ ગૃહસ્થીની માફક તેઓ 'જીવ્યા' અને ગયા તે પણ નવીને અમર થવા માટે!! . . . . .

ભાવી કાર્યકરો એમનો આદર્શ નજર આગળ સતત જીવતો રાખી એમણે સેવેલાં સ્વપ્નાંને મૂર્તસ્વરૂપ આપવા માટે દરેક પ્રયત્ન કરી છૂટે એવી મારી મનીષા છે . . .

અવધૂત નિવાસ<br>
ગુરુદ્વારી<br>
૧૯-૮-૭.

રંગ અવધૂત

વડોદરાની કોલેજના અભ્યાસકાળ દરમ્યાન અવધૂત એક રામદાસી સાધુના સમાગમમાં આવ્યા હતા, ને એમનો પરિચય વધતાં વધતાં સંસાર પ્રત્યેની એમની વૈરાગ્યની માત્રા તીવ્ર થઈ ગઈ હતી અને સંસારમાં પડવું જ નથી એવો નિર્ણય ત્યાં જ લીધો હતો.

તે વખતની રાજકીય પ્રવૃત્તિ વિશે પણ અમે મળીએ ત્યારે આલોચના કરતા અને પત્રવ્યવહાર પણ કરતા ને જ્યારે ગાંધીજીની આગેવાની હેઠળ સ્પેશિયલ કોંગ્રેસમાં વિદ્યાર્થીઓને કોલેજ છોડી દેવાની માંગણી કરી ત્યારે અમારી બી.એ.ની પરીક્ષાના બેત્રણ મહિના બાકી હતા. સરકારી કોલેજોનો બહિષ્કાર કર્યો હતો. એમણે વડોદરાથી અને મેં તથા મોદી વગેરેએ અમદાવાદથી.

મોદીજી અને હું ગુજરાત કોલેજના છાત્રાલયમાં એક જ રૂમમાં ઘણો વખત સાથે રહ્યા હતા ને ત્યાં અમારો સ્નેહ સંબંધ બંધાયો હતો ને દિવસે દિવસે વૃદ્ધિ પામતો ગયો હતો. કોલેજમાં હું એક સ્કોલર હોવાથી વિદ્યાર્થીઓમાં મારી પ્રતિષ્ઠા જરા વધારે હતી ને તેથી મોદી ને એમના કેટલાક નડિયાદ ગાળાના મિત્રો પરીક્ષાના ગાળામાં એક બીજાની સાથે અભ્યાસ કરી ત્રુટિઓ દૂર કરવાનો પ્રયત્ન કરતા હતા. મોદીનો મારી પ્રત્યે એટલો બધો સદ્ભાવ હતો કે મેં તથા અવધૂતે કોલેજ છોડવાનો વિચાર કર્યો કે તરત જ એમણે પણ એમાં સંમતિ આપી હતી અને અમે એક જ દિવસે કોલેજ છોડી હતી. ગુજરાત વિદ્યાપીઠના અભ્યાસકાળ દરમ્યાન ગાંધીજીએ જ્યારે કહ્યું કે દેશમાં આગ લાગી છે તે વખતે તમે પુસ્તક-પોથાંના ઘેરામાં પડયા છો. વિદ્યાર્થીઓ પાસે કોલેજ છોડાવવાનો મારો તો એક જ હેતુ હતો કે તમે બધા દેશના કામે લાગી જાવ. ગાંધીજીનો આ પરામર્શ સાંભળીને મેં તથા મોદીએ તો તરત જ અભ્યાસ છોડી દેવાનો નિર્ણય લીધો ને ગાંધીજીએ અમને ઈંદુલાલ યાજ્ઞિક પાસે મોકલ્યા હતા ને ઈંદુલાલે અમને બારેજા (દક્ષિણ દશક્રોઇના) એક કેન્દ્રમાં રહીને કામ કરવાની સૂચના આપી હતી.

અમારા પત્રો તો અમારા વ્યક્તિગત કાર્યને પોષક નીવડે તે પ્રકારના હતા. પરંતુ એમાં તે વખતની પરિસ્થિતિ જાહેર જનતાને પણ ઉપયોગી વાચન પૂરું પાડશે એમ માનીને એને પ્રકાશમાં લાવવાની પ્રકાશન ટ્રસ્ટે જે ઈચ્છા પ્રદર્શિત કરી તે ખરેખર પ્રશસ્ય છે. આમાં જનતાને તે વખતની પરિસ્થિતિનો તથા અવધૂતની સ્થિતિનો, એમનો એક વિચારસરણીનો યત્કિંચિત્ પરિચય થશે તો આ સંગ્રહ કરેલા પત્રોની સાર્થકતા થશે.

ભૂવનેશ્વર, ઓરિસ્સા. **અંબાલાલ વ્યાસ**

॥ શ્રી દત્ત: પ્રસન્નોઽસ્તુ ॥



## શ્રી રંગ પત્ર-મંજૂષા

**૧**

શ્રી વડોદરા, તા. ૩૧-૧-૧૭

પ્રિય મિત્ર,

તમારો છેલ્લો પત્ર હું ગોધરે હોવાથી મને મોડો મળ્યો. ત્યાર પછી હું વડોદરે (શરીર વ્યાધિગ્રસ્ત હોવા છતાં) આવ્યો. કોલેજ છાત્રાલયમાં રહી વીશીમાં જમવાનું રાખ્યું છે. અમારી પરીક્ષા તા. ૧૩ માર્ચથી શરૂ થવાની છે. ફિઝિક્સ પ્રેક્ટિકલ વર્ક તા. ૪ માર્ચથી શરૂ થશે. ત્યાર પહેલાં તમારી પરીક્ષા થવાની છે એમ સાંભળ્યું છે તો સવાલપત્રો બને તો મને મોકલવાની તજવીજ કરશો. 'પંચરાત્ર'ની નોટ્સ મોકલવાની જરૂર નથી.

મારી સ્થિતિ હાલમાં ઘણી જ ખરાબ થઈ છે. एकस्य दुःखस्य न यावदन्तं । गच्छाम्यहं पारमिवार्णवस्य । तावद्वितीयं समुपस्थितं मे । छिद्रेष्वनर्था बहुलीभवन्ति ॥ આ સૂત્ર મને હાલમાં અક્ષરશ: લાગુ પડે છે. શારીરિક માંદગીમાંથી મહામુશીબતે ઊઠતાં સર્ટિફિકેટની મુશીબત ઊભી થઈ. તેમાંથી લગભગ પાર પડ્યો છું તો હવે ફિઝિક્સના એક્સપેરિમેન્ટ્સ કરવા દેશે કે નહીં, દેશે તો પરીક્ષા પહેલાં પૂરા થશે કે નહીં, પૂરા થઈ પરીક્ષામાં બેસું તો અભ્યાસ ઘણો ચાલી ગએલો હોવાથી તે થઈ શકશે કે નહીં, થઈ શકે તો હાથની નબળાઈ પ્રશ્નોત્તર સંપૂર્ણ રીતે લખવા દેશે કે નહીં વિ. વિ. અનેક અડચણો ધૈર્યની કસોટી કરવા ઊભી છે જ. અસ્તુ. જે ઈશ્વરની કૃપાથી અત્યાર સુધીની-કે જેમાંની કેટલીક ઘરનાં મનુષ્યો વગર બીજાને ભાગ્યે જ માલુમ હોય-સર્વ

---

૧. તો પણ પ્રયત્નને અંતે પરમેશ્વર છે જ.

મુશ્કેલીઓ દૂર થઈ તે જ ઈશ્વર શું આ વખતે ભગ્નહૃદયને નિરાશ કરી વધારે દુ:ખી કરશે ? હૃદય સાક્ષી પૂરે છે કે ના !! અસ્તુ. અહીં જોઈએ તેવો અભ્યાસ થઈ શકતો નથી. કારણ કે ઘણાખરા (અથવા લગભગ બધા કહું તો ખોટું નથી) વિદ્યાર્થીઓ રાત્રે જાગરણ કરી દિવસે ગંમત કરવામાં કાઢે છે ને વાંચે તો તે ઘણું જ થોડું. તેથી દિવસે ગડબડાટ થવાથી મનની એકાગ્રતાનો ભંગ થાય છે. રાત્રે જાગરણ કરવાનું મન ના પાડે છે. तथापि प्रयत्नान्ते परमेश्वर:१ એ સૂત્ર લક્ષમાં રાખી પરીક્ષા માટે તૈયાર તો થવું જ એવો વિચાર છે. પરીક્ષામાં ન બેસાય યા ન પસાર થવાય--આ શંકા યોગ્ય નથી એમ મારું મન મને કહે છે. તોપણ बलीयसी केवलमीश्वरेच्छा એ સૂત્રનું સ્મરણ કરી ગપ બેસવું કારણ यत्ने कृते यदि न सिध्यति कोऽत्र दोष: ૨ અસ્તુ.

ગોધરે પ્લેગ ચાલતો હોવાથી ગામ ઘણુંખરું ખાલી થયું છે એમ સંભળાય છે. અહીં પ્લેગ વધારે છે પણ કોલેજ તરફ ઠીક છે. અમદાવાદમાં કેમ છે તે લખશો. ખેડા જમીન મહેસૂલ પ્રકરણ તથા પંચમહાલ વેઠ પ્રકરણ વિષે વાંચ્યું જ હશે કે વખતે સત્યાગ્રહ થોડા વખતમાં થવાનો સંભવ છે.

૨. બલવાન છે ઈશ્વરેચ્છા નકી

૩. યત્ન કર્યે પણ જો સિદ્ધ ન થાય તો દોષ કોનો ?

પત્ર વ્યવહાર એ એક જ્ઞાન વધારવાનું ને ખેદ નસાડવાનું સાધન છે અને તેથી જ હું કેટલીક વખતે મારી અલ્પમતિ પ્રમાણે કેટલીક સ્વાનુભવની, સ્વનિરીક્ષણની અથવા આવી જ કોઈ બાબત પત્ર દ્વારા લખું છું. જો તમો પણ તેમ કરો તો કેવું સારું ! શું આ ઈચ્છવા જેવું નથી ? સાક્ષર કવિ લલિત એક ઠેકાણે લખે છે કે

"નાહી લેજે, કંઈ ભીંજવજે, અંજલિ એય લેજે !
પોતાવીતી કહી સ્વજનનું, દુ:ખ ભૂલાવી દેજે.
લૂછાવતાં તું પણ લુછજે સ્નેહીનાં આંસુડાંને;
આંસુડાના વિનિમયમહીં જન્મસાફલ્ય હા ! છે."

હવે મારાથી કેટલીક અડચણોને લીધે વખતસર પત્ર લખી શકાશે નહીં છતાં તમારા તરફથી વેળાસર પત્રોની ઈચ્છા સફળ નહીં થાય ?

રા. રતિલાલ, ભીખાભાઈ વિ. મિત્રમંડળને મારા નમસ્કાર નિવેદન કરશો. રા. ચંદુલાલ માણેકલાલ દેસાઈ ત્યાં હોય તો તેમને પણ મારું સ્મરણ કરાવશો. હાલ તો એ જ.

સરનામું : લી.

બરોડા કોલેજ **વળામેના** સપ્રેમ પ્રણામ

P. e. class Baroda

---

૧. બલવાન છે ઈશ્વરેચ્છા નકી ૨. યત્ન કર્યે પણ જો સિદ્ધ ન થાય તો દોષ કોનો ?

૨

શ્રી ગોધરા, તા. ૬-૧-૧૮

પ્રિય બંધુ અંબાલાલ,

તમારો કૃપાપત્ર મળ્યો વાંચી બીના જાણી છે. મને મળવા ન અવાયું તેથી દિલગીર બીલકુલ થશો નહીં. મ્હારી તબિયત હજી સારી થઇ નથી. ડૉ. ગિરધરલાલનું ઔષધ ચાલુ છે. તબિયત નિખાલસ સારી થઈ શરીરમાં ગએલી તાકાત પાછી આવે ત્યાં સુધી ગોધરે જ રહેવાનો વિચાર છે. તમારે ખાવાની વ્યવસ્થા કેમ ચાલે છે ? કલબ ઉઘડયા છે કે નહીં ? મી. વસાની નોટ્સ તેમને આપી દેશો. તથા મી. આણેરાવનું સ્વપ્નવા (सवदत्तम्) પણ તમારે વાંચવું હોય તો વાંચીને આપી દેજો. પંચરાત્રની નોટ્સ તમો સારી રીતે વાંચીને પછી મને મોકલજો. મેં માણેકલાલને કાગળ લખ્યો હતો પણ તેમણે મને ઉત્તર આપ્યો નથી. અમદાવાદમાં પ્લેગ કેમ ચાલે છે તે લખજો. હાથની અશક્તતાને લીધે વધુ લખાય તેમ નથી. મારે જાણવા જેવી કઈ પણ બીના હોય તો તે લખી મોકલવા ચૂકશો નહીં. એ.જ મી. વસા, ચંદુલાલ વિ. જે કોઈ મને સંભારતા હોય તેમને મારા પ્રણામ ક્હેશો.

લી. શુભેચ્છક

**વળામે**

૩

શ્રી ગોધરા, ૧૮-૧-૧૮

પ્રિય અંબાલાલ,

આપણા વિયોગથી મને ખરેખર ઘણો જ આનંદ થાય છે ! આ વાંચી કદાચ તમને આશ્ચર્ય લાગશે; પણ વસ્તુસ્થિતિ ખરેખર એવી જ છે. કારણ વિયોગ ન થયો હોત તો વિયોગ શી ચીજ છે, વિયોગમાં દુઃખગર્ભિત કેવો મધુર આનંદ સમાએલો છે, વિયોગથી અન્યોન્યના હૃદયમાં શી લાગણીઓ ઉભરાય છે... વિગેરે બાબતોનું યથાર્થજ્ઞાન કદાચ થઈ શકત નહીં. જ્યાં સુધી માણસ પોતે અંધ થતો નથી ત્યાં સુધી નેત્રોની કિંમત, અંધમનુષ્યને પડતાં અસહ્ય દુઃખ વિગેરેનું તેને માત્ર નહીં જેવું જ ભાન હોય છે. અસ્તુ.

તાવથી મારી સ્થિતિ ઘણી જ ગંભીર થઈ પડી છે. ડૉ. ગિરધરલાલની દવા હજી ચાલુ છે. પણ

वैद्या वदन्ति कफपित्तमहद्विकारान् ।
ज्योतिर्विदो ग्रहगतिं परिवर्तयन्ति ॥
भुताऽभिषंग इति भुतविदो वदन्ति ।
प्राचीनकर्मबलवन्मुनयो वदन्ति ॥

આવી રીતે સ્થિતિ છે. રા. જોશી હજી અહીં જ છે ને તમને સંભારે છે. ગામમાં પ્લેગ ચાલે છે. ને લોકો બહાર ઓઢામાં જવાની તૈયારીમાં છે. મેં વડોદરા કોલેજના પ્રિન્સિપાલને કાગળ લખ્યો છે પણ હજી જવાબ નથી. મારે આવતા સોમવારે તા. ૨૮ને રોજ વડોદરા જવાનો વિચાર છે. ઈશ્વરેચ્છા હશે તો જવાશે. મને જવા દેવાની બધા ના પાડે છે. હવે મને પુસ્તકો નિરસ લાગે છે. એકાંત અસ્તિ પ્રિય થઈ પડયું છે. કુદરતની લીલા હૃદય ખેંચે છે. રંગબેરંગી પક્ષીઓના મધુર નાદ, વહેતી નદીનો કલકલ ધ્વનિ, વિમળ આકાશમાં ઝબુકતા નિર્મળ તારાઓ વિગેરે નૈસર્ગિક ચીજો જોઈ મન આહ્લાદ પામે છે. આ સ્થિતિ કેવી મધુર છે ! શું તે હંમેશને માટે ટકશે ? છેવટમાં જે કોઈ મને સંભારતા હોય તે સર્વને સપ્રેમ પ્રણામ કરી આ પત્ર આટલેથી જ પૂર્ણ કરું છું.

લી. શુભેચ્છક<br>
**વળામે**

## ૪

શ્રી. ગોધરા. તા. ૨૧-૧-૧૮

પ્રિય સુહૃદ્,

મેં ત્રણ ચાર દિવસ ઉપર લખેલો કાગળ પહોંચ્યો જ હશે. મેં તમારા કહેવા મુજબ કોલેજના હેડ કલાર્ક ઉપર 'કોશનમ'ની માટે અરજી કરી છે તથા આજરોજ મેં પ્રિન્સિપાલને મારા 'લીવ્હીંગ' સર્ટિફિકેટ માટે પણ અરજી કરી છે જે મને જલદી ન મળે તો પરીક્ષામાં બેસાય તેમ નથી. જો તમો તે બાબત તપાસ કરી જલદી મોકલે તેમ કરશો એવી આશા છે. જો સર્ટિફિકેટ માટે યા કોશનમળ માટે કશું ભરવાનું હોય તો તમો તે ભરી મને લખી જણાવશો કે હું તમોને મનીઓર્ડરથી અથવા તમારે ઘેર તે રકમ આપીશ. કારણ મને તે બાબત કાંઈ ખબર નથી ને ખબર પડયા પછી હું પ્રિન્સિપાલ સાહેબને મોકલાવું તો વખત વીતી જઈ પરીક્ષામાં બેસવાનું બનશે નહીં ને વરસ નકામું જશે. હું આ કામ કરવા બદલ તમારો અંત:કરણપૂર્વક આભાર માનીશ. શું કર્યું તેનો જવાબ જરૂર વળતી ટપાલે લખશો કે હૃદયને શાંતિ થાય. હું સોમવારે વડોદરે જઈશ. તબિયત દિવસે દિવસે સુધરે છે. હાલ તો એ જ.

લી. શુભેચ્છક<br>
**વળામે**ના પ્રણામ

૫

શ્રી. વડોદરા. તા. ૧૧-૨-૧૮

પ્રિય મિત્ર,

તમારો તા. ૩૧મીનો આશાજનક (પત્ર વાંચીને મ-)નને ઘણો આનંદ થયો. જે અસર સેંકડો પુસ્તકોથી થતી નથી તે અસર સહૃદય મિત્રના એક લાગણીભર્યા પત્રથી થાય છે એનો પ્રત્યક્ષ અનુભવ ઘણા જ થોડા સુહૃદ્જનોને થાય છે કારણ તેવા લાગણીવાળા મિત્રો આ જમાનામાં જવલ્લે જ નજરે પડે છે. મને તેવો લાગણીભર્યો અનુભવ કરાવનાર મિત્રનો જેટલો ઉપકાર માનું તેટલો થોડો જ છે.

અહીં હજી પ્લેગનું જોર વધારે છે. ગરીબોની ઝૂંપડીમાંથી શ્રીમંતોના બંગલાના સમાચાર લઈ ગરીબ બિચારા છાત્રાલયના રંક વિદ્યાર્થીઓ ઉપર તે પોતાનું જોર અજમાવવા મથે છે. એક બે વિદ્યાર્થીઓના ભોગ લીધા છતાં તેની આસુરી ક્ષુધા શાંત થતી નથી ! અસ્તુ.

મારા ફિઝિક્સના પ્રયોગો (૨૫) પૂરા થયા છે ને લગભગ અર્ધો અભ્યાસ દરેક વિષયનો થયો છે. પ્રકૃતિ સારી સ્થિતિમાં આવી ગઈ છે. ગોધરે પ્લેગ ઘણો જ ચાલે છે તેથી મારે ત્યાં રવિવારે સવારે જઈ આવવાનો વિચાર છે. અમદાવાદ પ્લેગનું જોર કેમ છે તે લખશો. મારી પરીક્ષા તા. ૧૩ માર્ચથી ૧૫ માર્ચ સુધી છે તેથી લગભગ ૧૬મી સુધી મારાથી ગોધરે જવાય તેમ નથી. અહીં પ્લેગ વધે તો ગોધરે જવું પડશે. (જે કોઈ મને યાદ) કરતા હોય તે સર્વને મારા નમસ્કાર નિવેદિત કરશો. એજ

લી. પ્રેમાભિલાષી

**પાંડુરંગ વિઠ્ઠલ વળામે**

૬

શ્રી. વડોદરા, તા. ૨૬-૨-૧૮

પ્રિય સુહૃદ્

તમારો તા. ૧૭મી નો પત્ર મળ્યો. અમારી પ્રેક્ટિકલ ફિઝિક્સની પરીક્ષા આવતા સોમવારથી શરૂ થવાની છે. હું તા. ૮ ને રોજ ગોધરે જવાનો વિચાર રાખું છું. અહીં પ્લેગનું જોર નરમ પડતું નથી. અમો રહીએ છીએ તે બ્લોકના બે છોકરા પ્લેગથી મરણ પામવાને લીધે અમને કોલેજના મકાનમાં રહેવાની ફરજ પડી છે. તા. ૮ સુધી તમારી પરીક્ષા પૂરી થઈ તમો ગોધરે રહેવાના હો તો મને મળશો. સવાલપત્ર ને બને તો મેથેમેટિક્સની નોટ મોકલી આપશો. તથા બીજી કોઈ નોટ્સ લખાવી હોય તો પણ-થોડી હોય તો-મોકલાવશો. ફિઝિક્સમાં થિએરેટિકલ પ્રશ્નો અહીં ઘણા આવે છે. વધુ હકીકત પ્રત્યક્ષ. એજ

લી. પ્રેમાભિલાષી

**વળામે**ના સપ્રેમ પ્રણામ

**૭**

શ્રી.

ગોધરા, ૨-૪-૧૮

પ્રિય સુહૃદ

પત્રવાંચી આપને,

અભિનંદન ફૂલમાળ, સુહૃદ હો અભિનંદન ફૂલમાળ,
અરપું સ્નેહે વ્હાલ, સુહૃદ હો અભિનંદન ફૂલમાળ.
હૃદય ચમનનાં ફૂલ રૂપેરી, મનમાળી વિણનાર ! સુo
પ્રેમસૂત્રથી જે જગ નાથે, તે સૂત્રે ગ્રથિ વ્હાલ ! સુo
આ સ્રગ્ગન્ધિ જ્યમ જગ પ્રસરી, પ્રસરો તવ યશ વ્હાલ ! સુo
પુષ્પ ખીલ્યાં આ જેમ વિકાસે, વિકસો તવ મન વ્હાલ ! સુo
માગી આ પ્રભુ પાસે પ્રીતે, 'રંગ' અરપતો માળ ! સુo

oo વળી oo

રાચત હઈડું નાચત મનડું, શિવ તાણ્ડવ સાચાર ! સુo
ગાન કરતું ઊડે નભમાં, જઈ બેસે સુરઝાડ ! સુo
શોભા નિરખી સુર ઉપવનની, મન ઠરિયું તે ઠામ ! સુo
યોગસમાધિ સાધી એણે, બિચ બિચ નિસરે નાદ ! સુo
સોઽહં સોઽહં એ તો, ગરજત કયમ એ વ્હાલ ! સુo

મારી પરીક્ષાના માર્ક્સ મને જે રૂપમાં મળ્યા તેવા આપને નીચે લખી જણાવ્યા છે. આપને તેનો નિવેડો લાગે તો સત્વ(રે જણાવ)શો.

| માર્ક્સ સેંકડે | |
|---|---|
| અંગ્રેજી | ૩૭-૫ |
| સંસ્કૃત | ૬૮ |
| મેથેમેટિક્સ | ૩૦ |
| ફિઝિક્સ | ૩૦ |

લી. શુભેચ્છક
**વળામે**ના પ્રણામ

૮

શ્રી. વડોદરા, તા. ૨-૭-૧૮

પ્રિય સુહૃદ્

આપનો પત્ર મળ્યો. વાંચી આનંદ થયો. છાત્રાલયમાં લાગવગનું જોર હોવાથી જગ્યા મળી નહીં. બહાર સારી સગવડવાળા ઘરના તથા સારા સહાધ્યાયીના અભાવે રા. દત્તોપંતને ત્યાં તેમના મોટાભાઈના કહેવાથી રહેવાનું તૂર્ત નક્કી કર્યું છે. ભોજન વીશીમાં થાય છે.અહીં લગભગ લાગવગનું જ સામ્રાજ્ય છે. પુસ્તકો માટે "poor boys' fund' માં અરજી કરતાં લૉજીકનું પુસ્તક મળવાનું છે. બીજાં પુસ્તકો 'નોટ્સ' સિવાય ખરીદવાનો વિચાર છે. ઈતિહાસનો પીરિઅર્ડ તથા paradise regained આવતી ટર્મમાં ચાલવાનાં હોવાથી હાલ ખરીદવાનો વિચાર નથી. અભ્યાસ ધમધોકાર શરૂ થયો છે. ઈતિહાસને માટે વિદ્યાર્થીઓને સંતોષ આપે તેવા અધ્યાપક નથી. બાકીના વિષય માટે સારા છે.

શરીર સુદૃઢ છે. મન શાંત છે. આપની તંદુરસ્તી ચાહું છું. રા. દત્તોપંતના પિતાશ્રીને દેવાજ્ઞા થવાના ખેદજનક સમાચાર કદાચ આપ જાણતા જ હશો ! રા. રતિલાલભાઈ, ગોકળદાસ, શિવાભાઈ, પાઠક વિ. મિત્રમંડળને તથા રા. ત્રિવેદી, ભગત, દલાલ વિગેરે પૂજ્ય શિક્ષકવર્ગને મારા ઘણા જ પ્રેમથી પ્રણામ નિવેદન કરશો. હાલ તો આટલેથી જ રજા લઈશ.

લી. શુભેચ્છક

**વળામેના** પ્રણામ

૯

શ્રી વડોદરા

તા. ૧૦ જુલાઈ (૧૯૧૮)

પ્રિય સુહૃદ્,

આપનો પત્ર મળ્યો. મેં 'મેકૉલેઝ એસે ઑન મિલ્ટન' વેચાતાં લીધાં છે. આજથી એક વર્ષ પર્યંત રા. દત્તોપંતને ત્યાં (રજામાં ગોધરે અને પાઠશાળા ચાલતી હોય ત્યારે અહીં) મારે ભોજન લેવાનું નક્કી થયું છે. તેથી છાત્રાલયમાં જગો ન મળવામાં તથા ગામમાં સારો સહાધ્યાયી ન મળવામાં જગન્નિયંતા પરમેશ્વરનો ગૂઢ હેતુ હતો એમ જ માનવું પડશે. અસ્તુ. રા. ચિંતામણ સદાશિવ જોશીનો પુનેથી પત્ર આવ્યો હતો. તેઓએ 'ઍન્જીનીઅરીંગ કૉલેજ'માં પ્રવેશ કર્યો છે. અહીં રહેવામાં કેટલીક અડચણો તો છે જ. પરંતુ ઘેરથી પત્ર આવ્યો હતો તેમાં પૂજ્ય માતુશ્રીએ અહીં રહેવા જ આજ્ઞા ક્યાંથી તેમ કરવાની હાલ તો ફરજ પડી છે. ભવિષ્યમાં ઈશ્વરની આજ્ઞા થશે તેમ કરવું એ વગર બીજો રસ્તો નથી. હજુ કેટલીક મુશ્કેલીઓને કારણે અભ્યાસ શરૂ કર્યો નથી. હજુ એકાદ અઠવાડિયું એમ જ જશે. હાલ તો એ જ. વધુ હકીકત

આવતે અઠવાડિયે લખીશ. સર્વ મિત્રમંડળને મારા પ્રણામ.

**લિ. 'વળામે'**ના ઘણા પ્રેમથી પ્રણામ

## ૧૦

શ્રી. વડોદરા, ૮-૮-૧૮

પ્રિય સુહૃદ્

કંટકની વચમાં રહીને જ ગુલાબનું પુષ્પ જાતે પ્રફુલ્લ થાય છે અને બીજાને પ્રફુલ્લિત બનાવે છે, અને પોતાની સુવાસથી ચારે દિશા ભરી નાખી જનમાત્રને મોહિત કરી મૂકે છે. ચંદનવૃક્ષને સર્પસમૂહમાં રહીને જ પોતાના દિવસ કાઢવા પડે છે. તદ્વત્ જ દુ:ખપરંપરારૂપી કંટકમાં રહીને જ માનવીહૃદયરૂપી પુષ્પ વિકાસ પામે છે અને તેમાંથી ચારિત્રરૂપી સુવાસ બહાર પ્રસરી જગતમાત્ર ઉપર એક પ્રકારની મોહિની પ્રસારે છે. આ સત્યસિદ્ધાન્તનો, આ નૈસર્ગિક નિયમનો જેને જાતિ અનુભવ થાય છે તે માણસ ખરેખર ધન્ય છે ! ત્રિવાર ધન્ય છે ! કેટલાંક પુષ્પો વિકસિત થઈ જગતને પોતાની સુગંધીનો ફાયદો આપ્યા વગર કરમાઈ જાય છે એ ખરેખર અફસોસની વાત છે ! કેટલાંક પુષ્પો વિકાસોન્મુખ સ્થિતિમાં હોય છે એટલામાં જ નિર્દય માળી તેમને ચૂંટે છે ! આ નૈસર્ગિક નિયમ મનુષ્યોને શું લાગુ પડતો નથી ? કેટલાં સુકુમાર માનવીપુષ્પો જગતને પોતાની સુવાસનો સ્વાદ ચખાડ્યા વગર કરમાઈ જાય છે ! ચૂંટાઈ જાય છે ! અસ્તુ.

રામાયણનો કયો ભાગ વાંચી આપના મન પર ઘણી અસર થઈ તે જાણવાની મારી ઈચ્છા છે. અડચણ ન હોય તો સગવડાનુસાર લખી મોકલશો. અહીં કૃષ્ણમાચાર્ય નામના એક મદ્રાસી ગૃહસ્થ આદર્શ જીવન (Ideal Life) ઉપર અંગ્રેજીમાં ભાષણો આપી રહ્યા છે. પોતે પ્રાચીન મતાભિમાની (An advocate of orthodoxy) [1] છે. બ્રહ્મચર્ય, ઠંડા પાણીથી સ્નાન, મંત્રબળ, પ્રાણાયામ વિગેરે બાબતો પર તેમના વિચાર મનનીય છે. ૐ तत्सत् ब्रह्मार्पणमस्तु ।

---

૧ એન એડવોકેટ ઑફ ઓરથોડોકસી

---

૧ ગરીબ વિદ્યાર્થી ફંડ ૨ 'પૅરેડાઈઝ રીગેઈન્ડ' અંગ્રેજ કવિ મિલ્ટનનું કાવ્ય.

## ૧૧

શ્રી વડોદરા, તા. ૨૭-૧૧-૧૮

પ્રિય સુહૃદ્

આપનો પત્ર મળ્યાને આજે ઘણા દિવસ થઈ ગયા છે. અમારી પરીક્ષાનું પરિણામ બહાર પડતાં હજી વિલંબ લાગશે એમ ધારી આજે પત્ર લખું છું. માત્ર લૉજીક્નું પરિણામ આજે જણાયું તેમાં ૫૭/૧૦૦ માર્ક્સ મળ્યા છે. મારી પ્રકૃતિ સારી છે. હમણાં હું 'In friendship's name'[1] નામનું પુસ્તક વાંચુ છું. પુસ્તક સારૂં છે. આપની કોલેજની લાયબ્રેરીમાં હોય તો યથાવકાશે યોગ્ય લાગે તો વાંચશો. હાલમાં હું છ વાગે ઊઠું છું કારણ નળ વહેલો આવતો નથી. પછી શૌચ વિગેરે કરી સ્નાનસંધ્યામાંથી પરવારતાં લગભગ ૭ાા વાગે છે. પછી પોણા દસ સુધી કોલેજનો અભ્યાસ કરૂં છું. પછી ભોજન કરી થોડુંક વાંચી ૧૧ વાગે કોલેજમાં જવા નીકળું છું. કેટલીક વખતે--સોમ, મંગળ ને શનિવારે--૧૨ પછી જઉં છું ત્યાંથી ૪ા વાગે છૂટી ઘેર આવતાં લગભગ પાંચ થાય છે. ગુરુ તથા શનિવારે ૩ાા એ છૂટીએ છીએ. ત્યાર પછી થોડો આરામ લઈ સંધ્યા વિ. પછી થોડો વખત ચિંતનમાં ગાળી જમી લઉં છું. તથા થોડો આરામ લઈ લગભગ ૮ાા ના સુમારે સૂઈ જાઉં છું. મને હાલમાં ઊંઘ ઘણી સારી આવે છે. અને એક ઊંઘે ૫ાા-૫ાાા ના સુમારે જાગું છું. આવી રીતે હાલમાં દિનચર્યા ચાલે છે. ભાઈશ્રી રતિલાલ વિ.ને મારા પ્રણામ નિવેદન કરશો. એજ.

**લી. વળામે**ના પ્રણામ.

## ૧૨

શ્રી વડોદરા, તા. ૮-૧-૧૯

પ્રિય સુહૃદ્

આપે ગોધરાથી લખેલો કાગળ મળ્યો છે. અમારી કૉલેજની સોશીઅલ ગેધરીંથ' ચાલુ મહિનાની ૨૦મી થવાની છે. વિદ્યાર્થી વર્ગનો એક પક્ષ આ દુષ્કાળના સમયમાં આવી રીતે મોજ મઝામાં પૈસાનો વ્યય કરવાની વિરુદ્ધ છે. તેઓ 'સોશીઅલ ગેધરીંગ ફંડ'નો ઉપયોગ દુષ્કાળથી પીડાતા ગરીબ લોકોના ઉપયોગ માટે વાપરવાની દલીલ કરે છે.અલ્પ સંખ્યાને લીધે આવા લોકોની શુભેચ્છા પૂર્ણ થાય તેમ લાગતું નથી. આપણા 'અંડરગ્રેજ્યુએટ' ભાઈઓ દુ:ખીના દુ:ખની દાઝ કયારે જાણશે ?... અહીં ગએ શનિવારે 'વ્યવહાર' એ વિષય ઉપર બોધમય અને વિદ્વતાપૂર્ણ રમુજી વ્યાખ્યાન થયું. હું ખુશીમાં છું. અભ્યાસ સંતોષકારક રીતે થાય છે. મને જે કોઈ સંભારતું હોય તેને મારા પ્રેમપુર:સર પ્રણામ કહેશો. એજ

**લી. વળામે**ના સપ્રેમ પ્રણામ.

---

૧ ઈન ફ્રેન્ડશીપ્સ નેઈમ : મૈત્રીના નામે

## ૧૩

શ્રી વડોદરા, તા. ૬-૨-૧૯

પ્રિય સુહૃદ

આપનો પત્ર મળ્યો. અમારી 'પ્રિલિમિનરી' તા. ૨૪ ફે. થી ૧ માર્ચ સુધી છે. કોલેજમાં અભ્યાસ હજુ પૂરો થયો નથી તેમ ૨૪મી સુધી થાય એમ પણ લાગતું નથી. મને અભ્યાસને માટે જોઈએ તેવો વખત મળતો નથી તેમ છતાં જે અલ્પ વખત મળે છે તેનો યોગ્ય ઉપયોગ કરવાથી અભ્યાસ સંતોષકારક થયો છે અને આશા છે કે પરીક્ષામાં નિર્ભયતાથી ઉત્તીર્ણ થવાશે. આપણી પરીક્ષા ગુજરાત કૉલેજના મકાનમાં લેવાય છે કે મેટ્રીકના મંડપમાં તે તપાસ લાગે તો લખી જણાવશો. 'પ્રિલિમિનરી' પછી હું ગોધરે જવાનો છું. આપનો શો વિચાર છે તે લખી જણાવશો. હું હાલમાં ઘણો જ તંદુરસ્ત છું તેમ મનની પણ સ્થિતિ ઘણી જ આનંદી છે. આપના તરફના સમાચાર વખતોવખત જણાવતા રહી ઉપકૃત કરશો એવી આશા છે. અત્રે કેટલાક વિદ્યાર્થીઓએ સંસ્કૃતમાં બોલવાનો નિશ્ચય કરી એક મંડળ સ્થાપ્યું છે. વિ. વિ. અનેક જાતની સુખમય પ્રવૃત્તિઓ ચાલી રહી છે. વિચાર વિનિમય આનંદથી થાય છે અને જ્ઞાન મહાસાગરનું જીવન ટીપે ટીપે પ્રાશન કરવામાં દિન વ્યતીત થાય છે. આપની ખોટ પત્ર દ્વારા અંશતઃ પૂરાશે તો પણ કાંઈ ઓછો ફાયદો નથી. અસ્તુ. ઈશ્વરેચ્છા હશે તેમ ભવિષ્યમાં થશે. હાલ તો હવાઈ કિલ્લા બંધાય છે. અને મનોરાજની મોજભઝામાં દિન જાય છે. થોડા દિવસ પૂર્વે અત્રે એક બંગાળી સંન્યાસી સાથે મારે મુલાકાત થઈ હતી. સ્વામીજીનું આંગ્લ ભાષાનું જ્ઞાન જોઈ મને અચંબો લાગ્યો. સંસ્કૃતમાં પણ સ્વામીજીની પ્રગતિ ઘણી જ હતી. તેમની સાથેનો વાર્તાલાપ યથાવકાશે લખી મોકલવાની કોશીશ કરીશ. હાલ તો આટલેથી જ.

**લી. વળામે**ના સ્નેહાભિવંદન

## ૧૪

શ્રી ગોધરા, ૧૩-૬-૧૯

પ્રિય સુહૃદ

રાજર્ષિ ભર્તૃહરિનો अज्ञः सुखमाराध्य....શ્લોક આપને યાદ હશે જ. પરોત્કર્ષ અસહિષ્ણુ મનુષ્યો બીજાના કાર્યમાં કેવી રીતે વિઘ્ન કરવા મથે છે તે પણ આપ જાણો છો જ. આપની જ્ઞાતિની ત્રીજી પત્રિકા બહાર પાડવાનો વખત પાસે આવતાં ઉપરનાં તત્ત્વોની ઝાંખી રા. ભીખાભાઈને થવા લાગી છે. અભિપ્રાય આપનારમાંના ...એમની વિરૂદ્ધ જઈ પત્રિકા દિવાળી પર બહાર પાડવાનું જણાવે છે. કારણ પૂછતાં જવાબ ઉડવાઉડવીનો આપે છે. આરંભ કરેલા કાર્યને આગળ ન વધારતાં ત્રણ ચાર મહિના કુંભકર્ણની નિદ્રામાં ઘોરતા પડવું મને સંમત નથી. જીવિત ટૂંકું છે ને કાર્યો ઘણાં છે. મતલબ એ કે...ના મતની દરકાર કર્યા વગર વધુ મતથી

પત્રિકા નિયમિત વખતે બહાર પાડવાને મેં સંમતિ આપી છે. આપનો અભિપ્રાય લેવાનું ભૂલી જવામાં આવ્યું છે તેથી વગર વિલંબે પત્રિકા આપે વાંચી તે સંમત હોય તો તેમ વિસ્તારથી પત્ર દ્વારા લખી મોકલાવશો. અભિપ્રાય વગર બીજું કાંઈ જ એ કાગળમાં લખશો નહીં.

લી. **ત્રાહિત**

## ૧૫

શ્રી વડોદરા, તા. ૨૦-૬-૧૯

પ્રિય અંબાલાલ,

આપનો પત્ર મળ્યો.હું અત્રે ખુશી આનંદમાં છું. છાત્રાલયમાં જગ્યા મળી છે. રા. જીવણલાલ સહાધ્યાયી છે. આપને છાત્રવૃત્તિ મળી કે છે નહીં તે લખશો, મેં પણ આપની માફક સંસ્કૃત જ લીધું છે. મારા માર્ક નીચે પ્રમાણે છે :-

| ઈ | સં | ઈ | લૉ | કુલ |
|---|---|---|---|---|
| ૧૦૭ | ૪૮ | ૫૦ | ૬૮ | = ૨૭૩ |

રા. ચિંતામણ સદાશિવ જોષી ગોધરે આવ્યા હતા. આપને મળવાને ઘણા ઉત્સુક હતા. અત્રે બે ચાર દિવસથી વરસાદ સારો પડે છે. મારી પ્રકૃતિ સારી છે. મને જે કોઈ ત્યાં સંભારતું હોય તેને મારા પ્રણામ કહેશો. હાલ એજ.

લી. આપનો
**વળામે**

સરનામું :-
બરોડા કોલજ રેસીડન્સી
હાઈસ્કૂલ બ્લોક રૂમ. નં. ૬૨ બરોડા.

## ૧૬

શ્રી વડોદરા, તા. ૧૭-૭-૧૯

પ્રિય અંબાલાલ,

આપનો પત્ર મળ્યો. હું ૫ દિવસ ગોધરે રહી પાછો અત્રે આવ્યો છું. અત્યાર સુધી પુસ્તકો ન હોવાથી વાંચવાનું લગભગ બંધ હતું. આજથી શરૂ કરૂં છું. ગામમાં કોલેરા ચાલે છે. સરપોતદારના જ્યેષ્ઠ ભાઈના કહેવાથી 'એલેંબિક કેમિકલ વર્કર્સ'ના ફંડમાંથી મને રૂ. ૫૦/- મળ્યા છે. મેં તેમને આ બાબતની વાત કરી ન હતી. ઈશ્વરે જ તેમના મનમાં પ્રેરણા કરી હશે એમ મારૂં ચોક્કસ માનવું છે. એક દિવસ રા. દત્તોપંત મને તેડવા આવ્યા. તેમની સાથે હું કારખાનામાં ગયો અને રૂ ૫૦/- લઈ આવ્યો. મારે માટે પૂછપરછ વગેરે કાંઈ મારી રૂબરૂ થઈ નહીં. પાછાં ફરતાં ગીતાજીમાંના अनन्याश्चिन्तयन्तो मां etc. શ્લોકનું મને વારંવાર સ્મરણ થયું.

મારી તે વખતની મનની સ્થિતિનું વર્ણન આ લઘુ પત્રમાં થઇ શકે તેમ નથી. ઉપરોક્તિની સત્યતા મને કોલેજમાં આવ્યા પછી ચાર પાંચ વખત કટોકટીના પ્રસંગે ભાસી છે. છાત્રાલયનો મારો અનુભવ મેં આપને પ્રિવિયસમાં અહીં રહેતો હતો ત્યારે લખી જણાવ્યો હતો તે જ હજુ કાયમ છે. અહીં મારી સાથે સંબંધમાં આવનાર હરકોઈ માણસ મને ચહાય છે. મારી પ્રકૃતિ સારી છે. ગોધરાની પ્રવૃત્તિ રા. ભીખાભાઈ લખી જણાવશે જ. મને સંભારતા હોય તે સર્વને મારા નમ્ર પ્રણામ કહેશો. રા. ચંદ્રશંકરનું મારા તરફથી અભિનંદન કરશો.

લી. આપનો **વળામે**

## ૧૭

શ્રી　　　　વડોદરા, ૨૮-૭-૧૯

પ્રિય અંબાલાલ,

પત્ર મળ્યો. ઉત્તરમાં શું લખવું તે સૂઝતું નથી. શૂન્યમનસ્કતા સ્પૃહણીય નથી પણ તેટલી જ અનિવાર્ય છે. અને વરસાદ ઘણો સારો પડે છે. મારી પ્રકૃતિ સારી છે. બળેવ ઉપર ગોધરે જવાનો મારો પણ વિચાર છે એટલે પ્રત્યક્ષ ભેટનાં આનંદી સ્વપ્નામાં વધુ ન લખાય તો તે ક્ષમ્ય નહીં ગણાય ? મને યાદ કરનાર મિત્ર મંડળને પ્રેમી પ્રણામ સાથે.

આપનો પ્રણયી **'વળામે'**

## ૧૮

શ્રી　　　　વડોદરા, ૨૭-૮-૧૯

પ્રિય અંબાલાલ,

આપનો પત્ર મળ્યો. મારી પ્રકૃતિ સારી છે. મારા રૂમનો નં. ૬૨ છે માટે તેમ લખશો. આપે મંગાવેલા પુસ્તકો મળવાના ઠેકાણાં નીચે પ્રમાણે છે:

with the commentary of Shri Shankeracharya Translated into Eng. by M. Hiriyanna M.A. Srirangam, Shri Vani Vilas Press.

केनोपनिषद् नैषधकाव्यम् with मल्लिनाथ'S ટીકા (Sargas 1 to 6)

Wrapper Bound 1-4-0

Cloth Bound 1-8-0

To be had it

R. Subramanya Vashyar

Bookseller & Publisher

Ramanathapuram.

૧૮

## ૧૯

શ્રી                                                  વડોદરા, ૨૭-૯-૧૯

પ્રિય અંબાલાલ,

પત્ર મળ્યો. અમારી પરીક્ષા તા. ૬ઠી એ શરૂ થઈ ૧૦મી એ પૂરી થાય છે. તેથી તા. ૧૧મી એ સવારે ગોધરે જવાનો વિચાર છે. આપ તે અરસામાં ત્યાં હશો તો સમાગમ થશે. હાલમાં મારા દિવસ ઘણા જ આનંદમાં જાય છે અને શરીર સુખાકારી પણ સારી રહે છે. પુનેથી રા. જોશીનો કાગળ આવ્યો હતો તેમાં તેઓ લખે છે કે આંખો આવ્યાનું નિમિત્ત થઈ તેમની આંખોને ઘણું જ નુકસાન થયું છે. ચશ્મા લગાડ્યા વગર છૂટકો નથી. રા. જીવણલાલ તા. ૯મી એ ગોધરે જવાના છે ત્યાર પહેલાં જો રા. રતિલાલ કાલોલ જવાના હોય તો તેમને મળીને જાય એમ જીવણલાલ લખાવે છે. મળવા અવાય તેમ ન હોય તો કાગળ લખે કે જેથી જીવણલાલ તેમને સ્ટેશન પર મળવા આવી શકે. હાલ એ જ. મને કોઈ સંભારતું હોય તો તેને મારા સપ્રેમ નમસ્કાર કહેશો.

લી. વળામે

## ૨૦

શ્રી                                                  ગોધરા, ૧૦-૧૦-૧૯

પ્રિય અંબાલાલ,

રા. નટવરલાલે ઘણી મહેનત કર્યા છતાં યુનિવર્સલ લાયબ્રેરીની લિટરરી સોસાઈટીનું પુનરુજ્જિવન થઈ શક્યું નથી. માટે આપણે ઠરાવ્યા મુજબ આપની સહીથી વ્યાખ્યાનની નોટીસ ફેરવવાની ગોઠવણ કરી છે. प्रारभ्यते न खलु विघ्नभयेन नीचैः વિ. ભર્તૃહરિનું કથન આપ જાણો છો જ. બિલાડીને કોટમાં ઘંટડી ટાંગવાનું સાહસ આપ સર્વેની અનન્ય સહાનુભૂતિ હશે તો જ પાર પડશે. આપણો હેતુ ઉચ્ચ છે. તેમાં કુટિલતાની ગંધ જરા પણ નથી. શું ઈશ્વર આપણા કાર્યમાં મદદરૂપ નહીં થાય ? પ્રયત્ન કે ઉત્સાહની ઉણપને લીધે કાર્ય પડી ભાંગે તો વાંક કોનો ? રા. ભીખાભાઈએ મને પૂછ્યા વગર--હું ધારૂં છું કે ગેરસમજુતીને લીધે જ--આ રવિવારે ભાષણ નથી એવો સંદેશો આપને મોકલાવ્યો છે. માટે જ મારે પત્ર લખવાની ફરજ પડી છે. આપના ભાષણનું પણ આપણે આ રવિવારે જ જાહેર કરવું પડશે. ગોકળદાસને વાત કરી છે. તેઓ સદા સહાનુભૂતિ (ધરાવે છે અને) આપણા હાઈસ્કૂલમાં સા(રા એવા) મિત્રો સંપૂર્ણ રીતે કાર્યને પોતાનું સમજી ઉ(પાડશે એમાં) મને તો સંશય નથી જ. બીજાઓની આશા વ્યર્થ છે. આપની ગેરહાજરીમાં દ્વારકાંદાસ ઘણા જ ઉપયોગી થઈ પડ્યા છે. ઉપર લખેલી સર્વ બાબતનો સ્વતંત્ર રીતે વિચાર કરી યોગ્ય લાગે તો આ રવિવારે આવવા કૃપા કરશો. ભીખાભાઈના કહેવડાવેલા સંદેશા મુજબ તેમની સાથે જવું હોય તો મારી બિલકુલ ના નથી. વધુ મળીશું ત્યારે.

લી. આપનો 'વળામે'

## ૨૧

શ્રી                                                    વડોદરા, ૨૨-૧૧-૧૯

પ્રિય અંબાલાલ,

આપના તરફથી ઘણા દિવસથી પત્ર નથી. અમારી છ માસિક પરીક્ષાનું પરિણામ બહાર પડયું છે. બે છોકરાઓને સંસ્કૃતમાં ઘણા સારા તથા સરખા જ માર્ક મળે છે. ઈંગ્લિશમાં એક માર્કનો તફાવત છે. એક છોકરો આર્તે સાહેબને ત્યાં ભણવા જઈ ફેલોશીપ માટે પ્રયત્ન કરે છે એમ બીજાએ ત્રીજાને કહ્યું એટલે બીજાએ આર્તે સા. પાસે જઈ પોતાની હરીફાઈ માટે ઈચ્છા જણાવી ખાનગી મદદ માટે વિનંતિ કરી. આપને તો બંને સરખા હોવા જોઈએ વિ. કહ્યું. પણ આર્તે સા. એ મારે ત્યાં કોઈ પણ આવતું નથી અને આવી હરીફાઈની લડાઈ મને ગમતી નથી એમ કહ્યું. વસ્તુત: પહેલો છોકરો આ. સા. ને ત્યાં જાય છે કે કેમ તે હું જાણતો નથી. પણ બીજાએ મારી સલાહ પૂછી કે આ. સા. મદદ કરવાની ના પાડે છે તો મારે મારૂં સ્થાન કેમ જાળવવું ? મેં કેતકર સા. ને ત્યાં જવાની સલાહ આપી છે. એકનું મન બીજાને જોઈ ચકડોળે ચઢે છે. તેઓ અન્યોન્ય પ્રત્યે સાશંક વૃત્તિથી જુએ છે. તેમના બોલવાચાલવા અને વર્તનમાં બેત્રણ દિવસમાં ઘણો જ ફરક પડેલો માલુમ પડે છે. મને તેમની માનસિક અને શારીરિક ચેષ્ટાઓ જોઈ હસવું આવે છે અને એક પ્રકારનો અવનવો આનંદ થાય છે. અસ્તુ.

હું વિજ્યોત્સવ પ્રસંગે ગોધરે જવાનો છું. આપ આવો ત્યારે fairei Queeneની એક સારી edition તથા ૨૮ ઉપનિષદોનો ગુટકો કિ. ૦-૧૨-૦ બની શકે તો લેતા આવશો કારણ અહીં બન્ને પુસ્તકો મળતાં નથી, તથા નીચેના શબ્દો ઉપર લખી મારા વતી ઉપનિષદોનો એવો જ એક ગુટકો ભાઈ ચંદ્રશંકરને ભેટ કરશો. ""feeling, as I do, that practical Vedant is the only way to Salvation, this book is presented to Mr. C. P. Shukla by me at the time of his marriage, as a token of sincere love I feel for him." -

**P. V. Valame**

પુસ્તકોના પૈસા આપ ગોધરે આવશો ત્યારે આપી દઈશ. હાલ એ જ

લી. આપનો

**પાંડુરંગ**

સીલીઝી એકયાન્ઝી પર નોટ્સ હોય તો જીવણલાલ મંગાવે છે.

## ૨૨

શ્રી વડોદરા, તા. ૩૦-૧૧-૧૯

પ્રિય અંબાલાલ,

આપનો પત્ર મળ્યો. ફેરી કવીન નોટસ વગર સમજાય તેવી હોય તો સાદી પ્રત માટે કાંઈ વાંધો નથી. આપને યોગ્ય લાગે તેમ કરશો. મારી પ્રકૃતિ સારી છે. અભ્યાસ ઠીક ચાલે છે. સંસ્કૃતમાં ઘણી મહેનત કરવી પડશે કારણ કે કોલેજમાં જોઈએ તેવી મદદ મળતી નથી. હું તા. ૧૧ મીની સાંજે ગોધરે જવાનો છું. રતિલાલભાઈ તથા બીજા જે કોઈ મને યાદ કરતા હોય તેમને મારા નમસ્કાર કહેશો. હાલ એ જ વધુ મળીશું ત્યારે.

લી. આપનો

**વળામે**

તા.ક. ભાઈ ચંદ્રશંકરને કહેશો કે રા. બ. કમળાશંકરનાં શાંકરજયન્તિ વખતે અપાયેલાં વ્યાખ્યાનોનું પુસ્તક મળે તો આપની સાથે મોકલાવે.

## ૨૩

શ્રી વડોદરા, તા. ૨૯-૧-૨૦

પ્રિય અંબાલાલ,

આપનો કાગળ આવ્યા છતાં ચોક્કસ સરનામાના અભાવે ઉત્તર જલદી આપી શક્યો નથી. અમારી પરીક્ષા તા. ૨૬ ફેબ્રુઆરીથી ચાલુ થશે. તા. ૧૨ થી ૨૫ સુધી મારો ગોધરે રહેવાનો વિચાર છે. અંગ્રેજી અભ્યાસ લગભગ પૂરો થયો છે. સંસ્કૃતને યોગ્ય ન્યાય આપી શક્યો નથી. વર્ગમાં કાઠકોપનિષદ્ પર પ્રકાશિકા ચાલે છે પણ સારી સમજણ પડતી નથી. હું ધારું છું કે આપને ત્યાં સારી શિખવાડાતી હશે તો નોટ્સ વિ. લખી લેશો. આવતા વરસ માટે નિયમિત થએલાં અંગ્રેજી પુસ્તકો ત્યાં મળતાં હોય તો મારે માટે સારાં જોઈ લેશો. તથા આપની લાયબ્રેરીમાંથી આપે તો વૈદ્યનાં "Mahabharat & Epic India" --બે ન મળે તો પહેલું એકલું જ લેતા આવશો. જો આપ ઋગ્વેદ વેચાતો લેવાના હો તો Peterson નો લેતા નહીં કારણ તે મને મળ્યો છે એટલે વાંચી શકાશે. મારી તબિયત સારી છે. શ્રીયુત રતિલાલ વિ. મને સંભારતા સર્વ ભાઈઓને મારા પ્રણામ કહેશો.

લી. પ્રણયી **પાંડુરંગના** પ્રણામ.

## ૨૪

શ્રી ગોધરા, તા. ૧૬-૨-૨૦

પ્રિય અંબાલાલ,

પત્ર મળ્યો. હું ગોધરે આવ્યો છું. તબિયત સારી છે. પરીક્ષા માટે તા. ૨૫મીએ રાત્રે પાછો વડોદરે જવાનો છું. રા. ચંદ્રશંકર પાસે મેં આવતી રજાઓમાં ભાષણ કરવા ઈચ્છનારાઓનાં નામ અને વિષયો મને લખી જણાવવાની માંગણી કરી હતી પણ મને અદ્યાપિ તે બાબતનો જવાબ મળ્યો નથી. મારો વિચાર આવતી રજાઓમાં સાત ભાષણો -- તેમાંનાં ચાર હસ્તપત્રકો કાઢી વાડી અથવા એવે બીજે સ્થળે--રખાવવાનો છે. તેમાં ચાર છોકરાઓનાં જેમાં એક અથવા બે જાહેર પ્રજા સમક્ષ અને ત્રણ મોટાઓનાં જાહેર પ્રજા સમક્ષ. છોકરાઓમાંથી જાહેર પ્રજા સમક્ષ મોકલવા ત્યાંના કોલેજીયનોમાંથી કોઈ પણ તૈયાર થાય તેમ સારું. કારણ બીજું કોઈ અહીંથી બોલી શકે તેમ નથી. જાહેર પ્રજા સમક્ષ વાંચવાનો નિબંધ અથવા ભાષણ જાહેર પ્રજા રસ લે એવો જોઈએ. નાતાલ પછી અત્યાર સુધીમાં માત્ર એક જ ભાષણ--રમણલાલનું બાળલગ્ન ઉપર--થયું છે. સભ્યોની સંખ્યા લગભગ ૮૦ની છે. આ બધી હકીક્ત રા. ચંદ્રશંકરને વંચાવી બધાએ સાથે વિચાર કરી લંબાણથી મને સંયુક્ત પત્ર લખો તો આગળનું કામ સરળ થાય. પુસ્તકો રાખવાને માટે યોગ્ય માણસ નથી. રા. અંબાલાલ પરીખ પોતાના લગ્નમાં ગુંથાએલા હોવાથી તથા રમણલાલની પરીક્ષા વિ. હોવાથી પુસ્તકોની યોજના હાલમાં તુરત જ બહાર પડી શકે તેમ નથી. માર્ચમાં બધા ભેગા મળ્યા પછીથી વિચાર. બધા સભ્યો મંડળ પોતાનું સમજીને એક દિલથી કાર્ય કરવા તત્પર ન થાય તો કંઈ પણ થાય તેમ નથી. હું તા. ૨૫મીએ જઈ ૨૮મીએ રાત્રે પાછો આવવાનો છું. મને સંભારતા સર્વે ભાઈઓને મારા પ્રણામ કહેશો.

**પાંડુરંગ**

## ૨૫

શ્રી ગોધરા, તા. ૧૫-૪-૨૦

પ્રિય અંબાલાલ,

પત્રમાં શું લખવું ? ગામડાના શાંત વાતાવરણમાં તત્ત્વમંથન કરનારને શહેરની ધમાલથી શા માટે દૂષિત કરવો ? તથાપિ શહેરની દૂષિત હવાને પુનીત કરવા કોઈ પવિત્ર આત્મા પધારે ત્યારે અન્ય સમાનશીલ મનુષ્યને બોલાવવામાં વાંધો ન હોય. શ્રીમતી સરલાદેવી પોતાના જીવનનું પાવિત્ર્ય ગોધરાની પ્રજામાં રેડવા પોતાના પતિદેવ સાથે શનિવાર તા. ૧૭ને રોજ સવારે અહીં પધારે છે. પ્રકૃતિ અને પુરુષનું ઐકય થતાં શું નહીં થાય ? આવાં આદર્શ દંપતી હિંદમાં સર્વત્ર હોય તો ?

**લી. આપનો, વળાટે**

## ૨૬

શ્રી ગોધરા, તા. ૯-૫-૨૦

પ્રિય અંબાલાલ,

ઉપસ્થિત લડતનો અંત વિદ્યાર્થીઓની સંપૂર્ણ જીતમાં આવ્યો છે. મનુષ્ય સાપ સાપ કરી ધૂનમાં ને ધૂનમાં આક્રોશ કરતો જમીન પર માથું પછાડે છે પરંતુ લોહી નીકળતાં જાગૃત થઈ જ્યારે તે પોતાની આગળ માત્ર એક દોરડીનો કકડો જ જુએ છે ત્યારે પોતાની મૂર્ખતાથી શરમિંદો થઈ મોં સંતાડે છે ! વિદ્યાર્થી મંડળ તરફથી કન્યાશાળાના મકાનમાં અંગ્રેજી ૬ઠ્ઠા અને ૭ મા ધોરણના વિદ્યાર્થીઓ માટે સંસ્કૃત અને ગણિત શીખવાડવા મફત વર્ગ ખોલવામાં આવ્યા છે. પરંતુ વિદ્યાર્થીઓ જોઈએ તેટલો રસ લેતા નથી. વિદ્યાર્થી વગર વર્ગમાં ચેતન શી રીતે આવે ? તા. ૨૧મી એથી વાંચવાનું લગભગ બંધ જ હતું. આજે ફરીથી શરૂઆત કરું છું. પ્રતિકૂળ પરિસ્થિતિને અનુકૂળ કેમ બનાવાય એનો અખતરો અજમાવું છું. મ. ગાંધીજીની રાષ્ટ્રીય શાળાના શિક્ષકો વડોદરે ગયા છે. ત્યાંથી પગે ચાલી પાવાગઢ જવાના છે. પછીથી તા. ૧૪-૧૫મી સુધી અહીં આવવાની વકી છે. નક્કી તારીખ તો આજે ન જ લખી શકાય. તેમના જ્ઞાન અને અનુભવનો લાભ વિદ્યાર્થીઓને અપાવવાનો મંડળના કાર્યવાહકોનો વિચાર છે. આપને આવવું હોય તો તે અરસામાં આવી જશો. વધારે રોકાવું પડે અથવા નિરાશ થવું પડે તો હું જવાબદાર રહીશ નહીં. હાલ એ જ.

લી. આપનો

**'આનંદલહરી'**

## ૨૭

શ્રી વડોદરા, તા.૨૯-૬-૨૦

પ્રિય અંબાલાલ,

આપનો કાગળ મળ્યો રા. ભાઈ ચંદ્રશંકરનો પણ પત્ર આવ્યો છે. ઉત્તર ફુરસદે આપીશ. આપ પંચમહાલ કલબના મેનેજર થયા છો એમ સાંભળ્યું છે. મેનેજરની જવાબદારીઓ અને મુશ્કેલીઓ હું અહીં ખુરશી પર બેઠો ન સમજી શકું એ સ્વાભાવિક છે. પરંતુ રા. કેશવલાલ કરીને પંચમહાલ નિવાસીને કેવળ કલબમાં જમવાની સગવડ ન થયાથી જ અમદાવાદ છોડી અત્રે આવવું પડયું છે. તેમને અમદાવાદ કોલેજમાં જ ભણવાની તીવ્ર ઈચ્છા છે. આ ઈચ્છા સગવડના અભાવે જ ન પૂર્ણ કરી શકાય એ હું જોઈ શકતો નથી. આપની કલબમાં ઘણા વિદ્યાર્થીઓ જમતા હોવાથી જગ્યા નથી એમ તેમણે મને કહ્યું. ત્યાંની કલબનું અહીંથી જ પ્રત્યક્ષ જ્ઞાન થવું મુશ્કેલ છે પણ રા. કેશવલાલની જગ્યાએ હું પોતે જ છું એમ ધારી તેમને આપની કલબમાં અથવા આપનું વજન ખર્ચ કરી બીજી કોઈ કલબમાં એમને દાખલ કરાવશો

એવી આશા છે. આ વિનંતિનો અસ્વીકાર નહીં જ થાય એવી આશાથી જ રા. કેશવલાલને અહીંથી પાછા મોકલ્યા છે.

•

બીજું ગોધરાની ધમાલમાંથી મુક્ત થઈ પુસ્તકો સાથે એકાંત જીવન ગાળવા હું અહીં આવ્યો. પરંતુ ઈશ્વરેચ્છા બીજી જ જણાય છે. મેં આપને કહ્યું હશે કે ગત વર્ષે હું એક 'ડીબેટીંગ સોસાયટી'ની સભામાં બોલાવા ઊભો થયો. તેની ઝાંખી કેટલાકને રહી ગઈ છે. આ શનિ ને રવિવારે 'સ્ટુડન્ટસ ફેડરેશન'ની પરિષદ અહીં ભરાવવાની છે. તેમાં મારે એક ઠરાવ રજૂ કરવો એમ આગ્રહપૂર્વક વિનંતી કેટલાક તરફથી થાય છે. મેં અખિલ ભારત વર્ષના વિદ્યાર્થીઓનું એક મંડળ હોવું જોઈએ એ આશયનો ઠરાવ રજૂ કરવા અર્ધી સંમતિ આપી છે. હજુ ચોક્કસ નિશ્ચય નથી. સર્વે મિત્રોની આજ્ઞા થાય તેમ વર્તીશ. કદાચ વધારે પ્રવૃત્તિમાં જોડાવું પડે... મને સંભારતા સર્વે ભાઈઓને મારા પ્રેમપૂર્વક પ્રણામ કહેશો. પત્રનો જવાબ હાઈસ્કૂલ બ્લોક રૂમ નં ૬૨ બરોડા કૉલેજ એ સરનામે આપશો.

લી. સ્નેહાંકિત

**વળામે**

## ૨૮

શ્રી વડોદરા. તા. ૧૭-૭-૨૦

પ્રિય ભાઈ અંબાલાલ,

આપના બંને પત્રો મળ્યા. હું ગોધરેથી આવ્યા પછી કેટલીક સારીનરસી બીનાઓ બની ગઈ જેથી અભ્યાસ પરીક્ષાની દૃષ્ટિએ સંતોષકારક થઈ શક્યો નથી. બે ત્રણ દિવસથી ઠીક વંચાય છે પરંતુ હજી ઠેકાણે પડતે આઠેક દિવસ લાગશે. મહાભારતની જે પ્રત હું લાયબ્રેરીમાંથી લાવ્યો હતો તેમાં માત્ર ત્રણ હજાર જ શ્લોક હતા. આખા ઉદ્યોગપર્વમાં લગભગ સાડા છ હજાર શ્લોક છે એટલે મારે પણ બીજી પ્રત મેળવી વાંચવી પડશે. હું દેશી ભાષા દ્વારા શિક્ષણ અપાવું જોઈએ એ વિષય ઉપર કોલેજમાં એક ભાષણ ઑગસ્ટમાં આપવાનો છે. મારા મનમાં ભવિષ્યના વિચારો રમ્યા કરે છે. પણ સફળતાનો આધાર આપના જેવા મિત્રોની સહૃદય મદદ ઉપર જ છે.

રા. હરિપ્રસાદને મારા પ્રણામ કહેશો. તેમનો કાગળ આવ્યો હતો. હું દરેક ભાઈને અલાઈદો પત્ર લખવાનો વિવેક વાપરી શક્તો નથી; કારણ ઘણા કાગળો ઔપચારિક જ હોવાથી જવાબમાં શું લખવું તે મને સૂઝતું નથી. છતાં આ ભાઈઓની મારા પ્રતિ પ્રેમાળ લાગણી હું ભૂલી શકતો નથી. પત્રમાં તમે લખેલી કેટલીક બીના વાંચી મેં રા. કેશવલાલને કાગળ ન લખી આપ્યો હોત તો સારું એમ મને લાગવા માંડયું છે. હું એ વાત ઉપર વધુ લખીશ નહીં.

મારી શરીરપ્રકૃતિ સારી રહે છે અને મન પણ ઉલ્લાસમાં છે. ચંદ્રશંકર, રતિલાલ, કમોદિઆ, ગોકળદાસ વિ.વિ. ભાઈઓને મારા નમસ્કાર કહેશો. એ જ.

લી. સ્નેહાંકિત

**આનંદલહરિના પ્રણામ**

## ૨૯

શ્રી વડોદરા, ૩-૮-૨૦

પ્રિય ભાઈ અંબાલાલ,

લોકમાન્ય ગયા અને આપણે પણ જઈશું ? લોકમાન્યને માટે આખું હિન્દુસ્તાન રોયું ! શરીર સુધરવાના સમાચાર સાંભળી હું તો આનંદમાં સૂતો હતો. ત્યાં મારો એક મિત્ર આવ્યો. કહે કે "ઊઠ, ઊંઘે છે શું ?" મેં કહ્યું શું છે ? તો સાંભળ્યું કે લોકમાન્ય ગયા. હું તો આભો જ બની ગયો. બોડે માથે અને ઉઘાડે પગે અમે તો સર્વ વિદ્યાર્થીઓને ભેગા કરી, ગામમાં ભટક્યા. દુકાનો બંધ થઈ. જેના તેના મોંમાં લોકમાન્યના અવસાનની જ વાત. ભેગું થએલું ટોળું કેમે કરી જાય નહીં. અમે તો જ્યુબીલી બાગમાં બેઠા. ખરેખર લોકમાન્ય ગયા અને આપણે પણ જઈશું ! લોકમાન્ય માટે આખું હિંદુસ્તાન રોયું ! મને બે મિનિટ બોલવાનું ફરમાન થયું. અને મારા દિલમાં મોટો ધ્રાસકો પડ્યો. બે ચાર જણ બોલ્યા. કાળા વાવટાની વચમાં મારી જીભ તો ચાલે જ નહીં. પણ ગાંડું-ઘેલું મારે પણ બોલવું જ પડયું. ગઈ કાલે સવારથી કોલેજ બંધ કરાવવાની ધમાલ. કારણ લોકમાન્ય ગયા અને આપણે પણ જઈશું ! લોકમાન્યને માટે આખું હિંદુસ્તાન રોયું ! કોલેજ બંધ થઈ. પણ છોકરાંનું ટોળું કેમે કરી છોડે નહીં. કહે કે ડીબેટીંગ સોસાયટી શોકપ્રદર્શક સભા ન ભરે તો કરવો અસહકાર. આવતી કાલે મારું જ ભાષણ હોવાથી અસહકારની શરૂઆત મારે જ કરવી પડશે એમ લાગે છે. અહીંના વિદ્યાર્થીઓ મારી તરફ અપ્રતિમ પ્રેમ રાખે છે. પણ આપના જેવા મિત્રોના અભાવે હું વધારો કરી શકતો નથી. પ્રિ. સાહેબ પાસે નામ ગયું હોય એમ સંભળાય છે. દરેક જગ્યાએ હોય છે એમ બે ચાર ડાહ્યાઓ અહીં પણ છે. મારે શું ? કારણ લોકમાન્ય ગયા અને આપણે પણ જઈશું ! લોકમાન્યને માટે આખું હિંદુસ્તાન રોયું ! કોલેજમાં જતાં પહેલાં કાગળ લખ્યો છે. બપોરે શું શું થાય છે તે જોવાનું છે. આજે ગામમાં શોકપ્રદર્શક સભા છે.

લી. **આનંદલહરિના** પ્રણામ સર્વને

## ૩૦

શ્રી વડોદરા, તા. ૧૭-૮-૨૦

પ્રિય ભાઈ અંબાલાલ,

લોકમાન્ય ગયા અને તેમની સાથે સર્વસ્વ ગયું. મેં આપને પત્ર લખ્યા પછી બનેલી સર્વ બીના ટૂંકમાં મેં ચંદ્રશંકરભાઈને લખી જણાવી છે તે આપે જાણી જ હશે. ગામમાં મેલેરીઆના વાવડ છે અને હું પણ તેમાં સપડાયો છું. ભવિષ્યમાં શું કરવું એ વિચારથી હું મૂંઝાઉં છું. મેં કાર્યક્રમની ઝાંખી રૂપરેખા દોરી કાઢી છે. મદદનીશોની શોધમાં છું. સર્વ બાજી ઈશ્વરને આધીન છે.

અભ્યાસ બરોબર થતો નથી. ગયા સત્તર અઢાર દિવસમાં તો નહીં જેવું જ વાંચ્યુ છે. ઓનર્સ ન છોડવું એવો તો ચોક્કસ વિચાર છે. મ. ભા. કોલેજમાં વાંચતા નથી. સ્મૃતિ અર્ધી પણ થાય તેમ લાગતું નથી. આવી સ્થિતિમાં જે થાય તે ખરૂં.

ચંદ્રશંકરભાઈની તબિયત કેમ ? મેં પૂછાવેલા સર્વ પ્રશ્નોનું એમણે લંબાણથી ઉત્તર આપ્યું નથી. એમની તબિયત સારી ન હોય તો એમનું થોડું કામ આપ ઉપાડી લો. તે લખે છે કે પંચમહાલના સર્વ કેળવાએલા યુવકોને એકત્ર કરી મસલત કરીએ. પણ આ કેટલું વ્યવહારૂ છે એની મને શંકા છે. અને તેમ છતાં માત્ર ભાષણો કરી બેસી રહેવાની હું વિરુદ્ધ છું. રા. મહેતાએ 'પ્રજામંડળ' જેવી સંસ્થા કાઢવાની કોશીષ કરી જોઈ પણ હજી તેને મૂર્તસ્વરૂપ આવ્યું નથી. રા. મામાને ચંદ્રશંકરે લખેલા પત્રનો શો જવાબ આવ્યો ? હું ગોધરે ગયો ત્યાં ન હતા. તા. ૨૮ મી એ ફરી જવાનો છું. હાલ એ જ. મને સંભારતા સર્વે ભાઈઓને મારા નમસ્કાર કહેશો.

લી. સ્નેહાંકિત
**આનંદલહરિ**ના પ્રણામ

## ૩૧

શ્રી અંબાલાલ, અમદાવાદ,
સોમવાર તા. ૩૦-૫-૨૧

પ્રિય ભાઈ અંબાલાલ,

મેં ગોધરેથી લખેલો કાગળ પહોંચ્યો જ હશે. તમારો પત્ર નથી તો લખશો. તમારે અમદાવાદ આવવું છે ? 'નવજીવન' માં પ્રૂફરીડર તરીકે એક માણસની તાકીદે જરૂર છે. પગાર ૭૦-૭૫ મળશે. પગાર બાબદ મેં સ્વામીને પૂછ્યું નથી; પણ એટલો મળવામાં વાંધો નહિ આવે. કામ માત્ર ઘણું કરવું પડશે. અઠવાડિયામાં બે દિવસ રજા મળશે. બાકી રાત્રે પણ જરૂર હોય તો જાગવું પડે. કારણ હવે બારડોલી પ્રકરણ શરૂ થયે કામ વધશે. અંગ્રેજી ગુજરાતી બંને

પ્રુફ્સ જોવાં પડશે. આવવું હોય તો પૂર્ણ વિચાર કરીને વળતી ટપાલે જવાબ આપશો. રહેવાનો વિચાર હોય તો જ શરૂઆત કરવી. તમે ખાદીનું શું કર્યું ? ત્યાં સારી ન મળતી હોય તો હું અહીંથી લઉં. અહીં આઠેક આને વાર ઠીક મળે છે. મને જવાબ માત્ર જલદી આપશો. ઉતાવળમાં જ કાગળ લખ્યો છે. મારે કામ ઘણું છે. સંભાળતા સર્વે ભાઈઓને નમસ્કાર કહેશો. હું ૧૮ મીએ ગોધરે જવાનો છું. એ જ.

લિ. સ્નેહાધિન
**પાંડુરંગના પ્રણામ**

## ૩૨.

શ્રી

અમદાવાદ
શનિવાર, તા. ૬ ઓગસ્ટ ૨૧

પ્રિય ભાઈ અંબાલાલ,

તમારો કાગળ મળ્યો. પણ લખવાની ફુરસદના અભાવે જવાબ લખી શક્યો નહિ. અમારી નિશાળમાંથી એક શિક્ષક ખાનદેશ તરફથી મહાસમિતિમાં ચૂંટાવાથી એ પોતાના જિલ્લામાં કામ કરવા જાય છે એટલે ફરીથી સમયપત્રકમાં ફેરફાર થવાનો છે. મારે હમણાં ઘણું જ કામ કરવું પડે છે. સાંજે ધાર્મિક વર્ગ રાખ્યો છે તેમાં જવું પડે છે. પણ એમાં જે શાંતિ મળે છે એવી તો આખા દિવસના કામમાં પણ મળતી નથી.

તમારી નિશાળનું ગાડું તો ઠીક ચાલતું હશે. શિક્ષકો થોડા ને કામ વધારે એ બૂમ તો લગભગ દરેક ખાનગી શાળામાં હોવાની. પણ તમે તેને પહોંચી વળશો એની મને તો ખાતરી જ છે. હું અહીં રહીને કોઈ પણ જાતની મદદ કરી શકું એમ હોય તો તે કરવા હું હંમેશાં તત્પર રહીશ.

રામ બાદશાહની પર્ણકુટીમાં નારાયણ સ્વામી પાસે રહી આવેલા એક શિક્ષક અમારી શાળામાં છે. સંન્યાસ લેવાની વૃત્તિથી બિચારો ત્રણવાર હિમગિરિનાં ધવલ શિખરોની રમ્ય શોભા જોઈ આવ્યો. પણ નસીબ બળવાન કે પાછો આવી આ સંસારકર્દમમાં લપટાવું પડ્યું ! એમની સાથે મારે ઠીક સ્નેહ બંધાયો છે. માણસ બહુ વિદ્વાન નથી પણ ભાવિક છે. ઘણાનો સત્સંગ કરેલો છે એટલે એની વાતચીતમાં કેટલીક વાર આનંદ પડે છે. એ જ વધુ આગળ ઉપર.

લી. **પાંડુરંગ**

## ૩૩

શ્રી અમદાવાદ સોમવાર તા. ૩ અ.

(તા. ૩-૧૦-૨૧)

પ્રિય ભાઈ અંબાલાલ,

આજે ઘણે દિવસે કાગળ લખું છું. કાગળ હોય ત્યારે વખતનો અભાવ અને વખત હોય ત્યારે કાગળનો અભાવ અને બન્ને હોય ત્યારે મન ભટકતું હોય કંઈ આસ્માની તરંગોમાં ! ઘેર પણ માતુશ્રી એકલાં હોવા છતાં વખતસર કાગળ નથી જ લખાતો. રોજ ઠપકો આવે છે કે આટલામાં જ તું બધાને ભૂલી ગયો તો આગળ ઉપર શું નહિ કરે ! બધાંને ભૂલી જઈ એકમાં જ મન પરોવવાની ઈચ્છા તો છે પણ આજે તો એવી સ્થિતિ નથી આવી. વડોદરેથી પણ એ જ બૂમ કે વડોદરા કૉલેજ સાથે અસહકાર કે શું ? વસ્તુત: મેં તો બંનેમાંથી એકની સાથે પણ અસહકાર નથી કર્યો. મારો તો પાપની સાથે જ અસહકાર છે. પણ આ બધું એમને કોણ સમજાવે ? તમારે પણ કંઈ આક્ષેપ હોય તો સાંભળવા તૈયાર છું. પણ ભવિષ્યમાં તેનું નિરાકરણ કરવા માત્ર બંધાતો નથી. મારું તો રોજ એમ જ ચાલશે. તમારે બધાને આ 'પડયું પાનું સુધારી' લેવું હોય તો ઠીક છે નહીં તો 'ગૂડ બાય' ! ગાઈશ હું તો મસ્ત થઈને :

હમનસે મત મિલો લોગો, હમન ખફગી દિવાને હૈં।
ખુશીકા રાહ ત્યાગા હૈ, કઠિન મેં જા સમાને હૈં ॥

આવવું હોય તો આવો.
નહીં તો સલામ ! સલામ !! સલામ

## ૩૪

શ્રી અમદાવાદ તા. ૨૪

(૬-૪૫ સવાર) ગુરુવાર તા. ૨૪

(નવેમ્બર' ૨૧)

પ્રિય ભાઈ અંબાલાલ,

તમારો પત્ર મળ્યો. મારે શું લખવાનું હોય ? હાલમાં સાત આઠ દિવસથી મન ઘણું જ પ્રફુલ્લિત રહે છે. કોઈ ભિખારીને અચાનક અખૂટ દ્રવ્યનો નિધિ મળી આવે તેના મનની જેવી સ્થિતિ થાય તેવી જ કંઈક મારા મનની થઈ છે. ફરક એટલો જ છે કે એને કશાકની પ્રાપ્તિ થાય છે અને મેં કંઈક ખોયું છે. પણ એ ખોવામાં કંઈ અખંડ પ્રાપ્તિનો માર્ગ નહીં હોય ? આટલો બધો આનંદ થવાનું શું કારણ હશે તે કંઈ કળી શકાતું નથી. કેટલીક વાર ચંદ્રની શીતળ ચાંદનીમાં બેસી હું મન સાથે એકલો હસ્યા જ કરૂં છું, અને હસતાં હસતાં વિચાર કરૂં છું કે આવું હસવાનું ચોવીસે કલાક હોય તો કેવું સારૂં !

હાલમાં ગીતા અને ""In tune with the Infinite" નું વાચન અને મનન ચાલે છે. ""Character-building thought power" ના હિન્દી અનુવાદનું વાંચન હમણાં જ પૂરું કર્યું. સત્યદેવના ''मनुष्य के अधिकार'' ની શરૂઆત કરી છે. 'રેંટીયાનું રહસ્ય'' નામનો એક સંવાદ લખ્યો છે. ''સ્વરાજ્ય કીર્તન'' નામનું એક મરાઠી સંવાદનું ભાષાન્તર તૈયાર છે. એકાદ અઠવાડિયામાં મોકલાવીશ. થોડા દિવસ ઉપર વડોદરાના એક ભાઈને સંસ્કૃતમાં કાગળ લખવાની લ્હે આવી. તમને પણ કદાચ એ વાંચવાનું મન થાય એમ ધારી સાથે એક નકલ મોકલી છે. આમ થોડા દિવસમાં લેખન અને વાંચનની પ્રવૃત્તિ ઘણી થઈ. આજે કલમ નીચે મૂકું છું. પરમાત્મા ઉપાડવાનો હુકમ કરશે ત્યારે ફરીથી ઉપાડીશ. મેં લખ્યું અને હું લખીશ એ અભિમાન મિથ્યા છે. ''હું લખું છું'' એ ભાવનાનો પૂર્ણ નાશ થયે જ માણસ લખી શકે છે.

नत्वा सरस्वती देवीं शब्दार्थान्तरधारिणीम् ।
प्रेम्णा यल्लिख्यते किञ्चित्तदस्तु तव प्रीतये ॥ *

स्वस्ति । वटोदरे परमप्रेमनिधानं मित्रवर्य देवतेति दिव्यकुलोत्पन्नं बलवन्तसूनुं रामचंन्द्रनामाभिधानममदावादपत्तनात्पांडुरंग: परमप्रेमपुर: सरं प्रणम्य लिखति यथा। गतं खल्वानन्दस्य परां कोटिं मे मनो यदाऽहं श्रुतवान्भवां 'न्फेलो' पदे नियुक्त इति । किं कर्तुकामोऽस्ति भवानत: परम्| अप्यात्मानं 'मास्टर ऑफ् आर्टस्' इत्युपाध्यलडकृतं द्रष्टुमिच्छति । अपि विस्मृतोऽस्त्ययं जन एतावतैव कालेन सर्वै: सुहज्जनै: । क्व सन्ति ते भावेताम्बेगणपुलयादयो महानुभावा: कस्मिन्महति कार्ये व्यापृता यन्न विन्दन्ते कालममुं दीनं जनं संस्मर्तुमपि । हरतु भवांस्तान्प्रति मत्कुशलमयप्रवृत्तिसनाथं साष्टांगप्रणिपातम् । मया किल भ्रान्तमनेकदिक्षु देशसेवापिपासया । लब्धं यशश्चापकीर्तिश्चापि यतो विरला: खलु ते ये सर्वास्तुष्टिं मानयन्ति । तुलायष्टिसदृशानुवृत्तिर्हि लोक: उभयपक्षानुरञ्जनार्थं यतमानस्य तु दिवाभीतवन्न कुत्रापि प्रतिष्ठा । प्रतिष्ठाहीनस्य च जन्माजागलस्तनस्येव निरर्थकम् । अस्तु नामैतद्गतेतिहासकथनेन भवत: कालापहरणम् । अथ प्रकृतमनुसरामि । अधुना त्वत्रस्थायां 'राष्ट्रीय आदर्श विनयमंदिरे'ति ख्यातायां पाठशालायां गीवार्णाऽ्गभाषाध्यापकपदे नियुक्तोऽस्मि । नेच्छाम्यत: परं निर्लज्जधर्मैहीनाडग्लराजनियंत्रितविद्यापीठदत्तोपाधिनाऽऽमानं मलिनीकर्तुं । नैतद् उपपद्यते खलु प्राचीनवेदामृतमंथिवंशजेषु यत्क्षुद्रस्वोदरपूरणार्थं स्वाभिमानं राष्ट्राभिमानं च दूरीकृत्य श्वावन्नि:शङ्कं तेषां श्वेतयवनराजपुरुषाणां पादयोलाऽगुलचालनं कुर्वन्ति । हा धिगिमां निर्लज्जताम् । नि:शङ्कं विहरत्स्वेतादृशेषु कुलाङ्गारेषु कथं देशोदयस्वप्न: सफल: स्यात् । क्वात: परोऽध:पात: सम्भवत्यस्मद्देशीयानम् । क्षम्यताम् । प्रेमात्मन् ! क्षम्यताम् । निष्फलोऽरण्यनादितवन्ममाश्रुपातोऽस्मिन्विषय इति जानन्नपि न शक्नोमि हृदयोर्मिप्रवाहं संयन्तुम् । अप्येतद्दौर्बल्यम् । न जाने । इच्छाम्यात्मन: सकलं मनोगतं भवत: पुरस्तादुद्घाटयितु सामर्थ्यम् । किन्त्वशक्यमेव तत् । अत्यान्ताशक्यम् । हृदयपेटिकानिगूढानेतादृशान्विचारान्वर्णयितुं वैखरी न समर्था । बुद्धिरपि पंङ्गुस्तदाकलने किं मन: । तेषां गंभीरता मनुष्यमुन्मनीकृत्याश्चर्ये निमज्जयति । किं बहुना विद्वन् !! प्रत्युत्तरेणानुग्रहीतव्योऽयं जन: कदाचित् । प्रणतिपुर:सरं विरम्यतेऽधुना ।

२९

स्वीकर्तव्यो दोषसंकुलोऽपि प्रेमप्रेरित इत्ययं लघुर्लेखः

अमदावादपत्तने वळामे कुलोत्पन्नस्य विठ्ठलसूनोः

का. शु. १३ भानुवासरे सं. १९७८ पांडुरंगशर्मणः

१३-१०-२१

તા. ક. કોલેજના માસિક માટે લખેલા ''અંહિસા એટલે શું ?'' એ લેખમાં વધારો ઘટાડો કરીને 'વસન્ત'માં છાપવા ધ્રુવ સાહેબ ઉપર મોકલાવી આપ્યો છે. છપાયે તમને વાંચવા મળશે. મુંબઇની ધમાલ વિષે વાંચ્યું જ હશે. અમારી શાળા ૧૦ ડીસેમ્બરથી બંધ થવાની છે એટલે હું ૧૧ થી ૧૨ મી સુધી ગોધરે આવી જઇશ. વડોદરા જવાનો વિચાર છે. ભાઇ હરિપ્રસાદને મારા નમસ્કાર કહેજો. વધારે લખવાનું ન હોવાથી જુદો પત્ર નથી લખતો. 'ચરોતર એજ્યુકેશન સોસાયટી'માં જોડાવાની ઉતાવળ ન કરશો. હું તમારા વિચારમાં જ છું. મળીશું ત્યારે લંબાણથી વાત થશે. એ જ

લી. સ્નેહાંકિત
**પાંડુરંગ**

## ૩૫

શ્રી (૨૧ જાન્યુ. ૨૨)
ગોધરા, શનિવાર સવાર

પ્રિય ભાઈ અંબાલાલ,

અહીં કંઈ કામ ન હોવાથી હું સોમવારે સવારની ગાડીએ અમદાવાદ જવાનો છું. મેં મંગાવેલ શુદ્ધ ખાદીનો એક તાકો બને તો કાલ સુધીમાં મોકલાવી આપશો. કાલે કોઈ આવનાર ન મળે તો આઠ પંદર દિવસે મોકલશો તો પણ ચાલશે. મગફળી પણ મોકલવાનું ભૂલશો નહિ. પણ એની કાલે જ ઉતાવળ કરવાની જરૂર નથી. કિંમત જે થાય તે મને લખી મોકલશો. આજે કણજીઆ જાઉં છું. કાલે રાત્રે પાછો આવી પરમ દિવસે સવારે અમદાવાદ ઉપડી જઈશ. રા. ગીરધરલાલ, ડોકટર વગેરેને વન્દે માતરમ્ સાથે

લી. સ્નેહાંકિત
**વળામે.**

---

★ ગુજરાતી માટે જૂઓ રંગહૃદયમ્.

# ૩૬

શ્રી અમદાવાદ, સોમવાર સાંજ
(૭ માર્ચ ૨૨)

ભાઈ અંબાલાલ,

તમારો પત્ર ગોધરે મળ્યો હતો પણ મને ગોધરે ચેન પડતું નથી. એટલે હું વધારે ત્યાં ન રોકાયો. પાસે કાર્ડ નહોતું એટલે જવાબ આપતાં વિલંબ થયો. તમે કાલોલ જવાનું નક્કી કરો ત્યારે પહેલાં ઊંડો વિચાર કરશો. ત્યાંની નાણાંની સ્થિતિ મારી જાણ પ્રમાણે હાલોલ કરતાં ખરાબ છે. હાલોલમાં તમને ૫૫/- સુધી પગાર મળે તો ત્યાં રહેવું એ અનેક દૃષ્ટિએ સારૂં છે. તમારે અહીં આવવું છે કે કેમ ? અમારે ત્યાં તમને ૭૦/- સુધી પગાર મેળવવાની વ્યવસ્થા હું કરી શકીશ. તમારે અંગ્રેજી શીખવવું પડશે એ તો મેં લખ્યું જ છે. તમારો છેલ્લો અને ચોકકસ વિચાર મને લખી જણાવશો જેથી મેનેજરને વાત કરું. આ બાબતનો કાગળ બંધ લખશો કારણ કે એ બીજો કોઈ શિક્ષક વાંચે એ ઈચ્છવા જેવું નથી.

ભીખાભાઈને મારા ઉપર ખૂબ જ રીસ ચઢી લાગે છે. એમણે મને બીજા અંકથી જ 'નવશક્તિ' મોકલવાનું બંધ કર્યું છે. મેં કારણ પણ-લેખ ન મોકલીને-ગુસ્સે થવાનું સબળ આપ્યું છે. હું શું કરું ? મારું જીવન દિવસે દિવસે એવું થતું જાય છે કે હું કંઈ પણ લખી શક્તો નથી. ધાર્મિક પુરુષોનાં જીવનો એમને મોકલવાનું લખ્યું હતું પણ એ શુદ્ધાંય લખી શક્યો નથી. અરે, શરુઆત પણ થઈ નથી. તમારે આ બાબત વિષે એમને લખવાની જરૂર નથી.

તમે સ્નાતકની પદવી માટે અરજી કરી ? ન કરી હોય તો કામની વિગત સાથે મહામાત્ર પર મોકલાવશો. સેનેટે ડીગ્રી આપવાનો ઠરાવ કર્યો છે.

હાલમાં ચિદ્ઘનાનંદજીની ગીતાનું વાચન ચાલે છે. જ્ઞાનેશ્વરી પણ શરૂ છે. બીજું બીજે વખતે.

લી. પાંડુરંગ

# ૩૭

શ્રી અમદાવાદ, બુધવાર સાંજ
(૧૫ માર્ચ ૨૨)

ભાઈ અંબાલાલ,

હું કંટાળી ગયો છું. આ લોકો મને અહીં પણ જંપવા નથી દેતા. આજે જ ભીખાભાઈ આવી ગયા. લેણદાર વાણિયો દેવાદારની સ્થિતિ કરી મૂકે છે તેવી એમણે મારી સ્થિતિ કરી છે. હું પણ ઘડાએલા દેવાળિયાની માફક વાયદા કર્યાં જ કરું છું ! વળી બે ચાર દિવસનો વાયદો કર્યો છે. પણ નથી જાણતો કે ઈશ્વર મને લખવા દેશે કે નહીં. મારા જેવા ભિખારીની પાછળ

આ લોકો શા માટે પડતા હશે ? –પાછા મારી સાથે અધૂરામાં પૂરા રહેવા આવ્યા છે. મારી–ખુદાની–ધર્મશાળામાં હરકોઈ માણસ ઉત્તરી શકે. અરે જીવજંતુને રહેવાની પણ મારી તો મનાઈ નથી. પણ આ આગંતુક મુસાફરોએ એકબીજાને ખલેલ ન પહોંચાડવાની તો તસ્દી લેવી જોઈશે ! બીજા કેટલા ગણાવું ? હું આ લોકોથી તદ્દન કંટાળી ગયો છું. છેવટે નિરૂપાયે મારે અહીંથી ભાગી જવું પડશે. ખુદાના આદેશની રાહ જોઉં છું, નહીં તો બારણાં બંધ કરી "No admission'ની સુલતાની ગજાવવી પડશે. Permissionનું દખલ ક્યાં રાખવા બેસું ? કોને આપું ને કોને ના કહું ? બધા લોકો મારા પર નારાજ થશે. થવા દો બિચારાઓને ! હું નારાજ નહીં થઉં એટલે થયું !

તમારો વિચાર મેં કર્યો છે. વાંચનની સાથે વિચાર કરવાનું રાખો તો સારુ.. બારણાં બંધ કરી ઓરડીમાં ભરાઈ બેસો. લોકો બાયલા કહેશે એટલું જ ને ? કહેવા દો. જગત્ કોને શૂરવીર કહે છે ? જે જગત્‌ની ભવાઈમાં નિર્લજ્જ થઈ નાચે તે શૂરવીર ! બીજા તદ્દન બાયલા ! નાચવાનું મન થાય જ તો ઈશ્વરનો દરબાર ક્યાં નથી ? નાચો વસ્ત્ર કોરાણે મૂકી નગ્ન થઈ એ ભવ્ય દરબારમાં ! તમે કોઈ દિવસ રાત્રે આકાશમાં નજર નાખી છે ? કેટલા બધા તારલાઓ નાચી રહ્યા છે એ નીલમંડપમાં ! આવો, આવો, આપણે પણ નગ્ન થઈ નાચીએ – કુંદડી ફરીએ – એ જગતના ધણીના સભામંડપમાં ! આવો.

## ૩૮

શ્રી અમદાવાદ, રવિવાર સાંજ
(૨૪ એપ્રિલ .૨૨)

ભાઈ અંબાલાલ,

તમારો પત્ર મળ્યો, શું કરું ? લખવાની વૃત્તિ જ થતી નથી. લખવાનું પણ કંઈ નથી. જૂનથી તમારું નકકી કર્યું છે, એટલે તમે નિશ્ચિંતે હાલોલ છોડી શકશો. આપણા વચ્ચેના પત્રવ્યવહારની બાબત બીજાથી નહીં તો પણ....થી તો ગુપ્ત રાખવાની તમારે ખાસ કાળજી રાખવી ઘટે. હમણાં જ એમણે તમારા અહીં આવવાની વાત ન કરવાની જગ્યાએ કરી મારી સ્થિતિ જાણ્યે અજાણ્યે કફોડી કરી મૂકી છે. પણ ઈશ્વર વગર હું કોઈની પરવા જ કરતો નથી એટલે એથી મને કંઈ નુકસાન થવાનું નથી. છતાં આવું વારંવાર બને તો તમને નુકસાન થવાનો સંભવ ખરો. તમને અહીં કેવા સંજોગોમાં લાવવાનું નકકી કરવાનું હતું તે મેં લખેલું જ એટલે પુનરુક્તિ નથી કરતો. બનવાનું બની ગયું છે. તમારે કરવાની તૈયારી કરી રાખશો. મને હાલમાં ચેન પડતું નથી. હૃદયમાં કેટલીકવાર ઘણી વ્યાકુળતા થાય છે. બહારની દુનિયા સાથે મેં લગભગ વ્યવહાર બંધ જ કરી દીધો છે. આવી સ્થિતિમાં રજાઓમાં ગોધરે આવીને શું કરું ? ત્યાં મને આવો આનંદ નહીં મળે. પણ આવ્યા વગર થોડા દિવસ પણ– કંઈ છૂટકો છે ? કંઈ કામ કાઢી મૂકો તો ઠીક. અહીં પણ બધી હીલચાલ તો ઠંડી જ છે. તમે આશ્રમમાં રહી શું કરશો ? છતાં

રહેવા જવું હોય તો મારી ના નથી. હું ક્યાં જઉં ? તમે રસ્તો નહીં બતાવો ? મારી સ્થિતિ દયાજનક થઈ છે. દુનિયામાં મને રસ નથી પડતો. છતાં ભૂતની માફક કામ તો કર્યા જ કરું. છું. મેં આ જન્મ અવિવાહિત રહેવાનું નક્કી કરી દીધું છે. હવે એને માટે શંકા નથી. ઈશ્વરની જ બીજી ઈચ્છા હોય તો જુદી વાત. બાકી મેં ચૈત્ર સુદ પાંચમે એ વિચાર નક્કી જ કરી દીધો છે. ઘરથી લગ્ન માટે કાગળ આવેલો ત્યાં પણ લખી દીધું છે. એની અસર વૃદ્ધ માતા ઉપર શી થશે ? એનો વિચાર ઈશ્વરને સોંપ્યો છે. પણ રજામાં ક્યાં જવું ? એક સંન્યાસી અત્રે આવેલ છે. તેમની સાથે ફરવા જાઉં ? તમે શી સલાહ આપશો ? ઈશ્વરને પૂછી જ રહ્યો છું. પણ હજી જવાબ નથી.

## ૩૯

શ્રી

અમદાવાદ,
બુધવાર, તા. ૨૪.૫.૧૯૨૨

પ્રિય ભાઈ અંબાલાલ,

તમારો તથા હરિપ્રસાદનો કાગળ મળ્યો. હું ઘણું ખરું કાલે ગોધરે જવાનો છું. ૧૦-૧૨ દિવસ રહેવાનું થશે. કદાચ મળવાનું થાય. બને તો હાલોલ આવી જઈશ.

અત્રે બે-ત્રણ દિવસથી પંડિત માલવીય પધાર્યાં છે. દર્શન અને શ્રવણનો લાભ બહુ લીધો. શૌકતઅલીનું પણ કાલે ભાષણ હતું પણ ગયો ન હતો. કોણ જાણે કેમ પણ ભાષણો સાંભળવા ઉપરથી મન ઊઠી ગયું છે. એક દિવસ નિશાળમાં હરિદાસ રેવાશંકરની હરિકથા પણ થઈ.

મારો ઘણોખરો વખત ચિંતનમાં જ જાય છે. મારી સ્થિતિ ઘણી સારી છે. કદાચ ત્યાં આવ્યો હોત તો એ એકાંતસુખ ન મળત. કોંગ્રેસમાં જવું કે ન જવું એનો નિર્ણય નથી કરી શક્યો. ત્યાં આવ્યા પછી બધા સાથે વિચાર કરીશું. ત્યાં આવી ગામડાંમાં ભટકવાનો વિચાર છે. વામનરાવે હા પણ પાડી છે. જે બને તે આમ બની શકે તેમ છે. અત્યારે ત્યાં આવી કાયમનો રહું એ તો અશક્ય જ ભાસે છે. હરિપ્રસાદ, ગિરધરલાલ વગેરેને પ્રેમપ્રણામ કરી વિરમું છું.

**–પાંડુરંગ**

## ૪૦

અમદાવાદ બુધવાર સ્હાંજ, (૧૯૨૨)

ભાઈ અંબાલાલ,

તમારો પત્ર મળ્યો. મેં તમારા નવજીવન વિષે ભાઈ ચંદ્રશંકરને વાત કરી હતી. પણ નવો નંબર મોકલાવ્યા વગર કંઈ ઠેકાણું પડશે નહીં એમ તેમણે જણાવ્યું. માટે નવો નંબર ખોળી મોકલાવશો. નવજીવન પ્રેસ હાલ સારંગપુર દરવાજે ગયું છે. ત્યાં હું જાતે જઈ શક્યો

નથી કારણ કે ઓફિસ ટાઈમમાં મારી શાળા પણ ચાલતી હોય છે અને એટલે આઘે જઈને અવાય એટલો વખત હું શાળાના વખતમાંથી બચાવી શકું તેમ નથી હોતું.

તમારે અહીં આવવું હોય તો ચોકકસ વિચાર કરી મને લખશો. જૂનથી તમારી વ્યવસ્થા થશે. પગાર ૭૦/- સુધી મળશે. પણ જૂન સુધી જવાબ આપવાનું મુલતવી ન રાખશો. છેવટનો નિર્ણય કરી મને બેચાર દિવસમાં લખી મોકલો તો જ. અહીંથી થોડે દૂર ધોળકા લાઈનમાં બાવળા નામના ગામે એક શાળા છે ત્યાં મુખ્ય અધ્યાપકની જરૂર છે પણ એ અસહકારી નથી એટલે તમે પસંદ નહીં કરો એમ ધારી ના પાડી છે. એટલે મારી શાળામાં જ ગોઠવણ કરીશું.

એજ લિ. સ્નેહાંકિત **પાંડુરંગ**ના પ્રણામ

## ૪૧

શ્રી અમદાવાદ મંગળવાર સાંજ (૧૯૨૨)

ભાઈ અંબાલાલ,

પ્રત્યુત્તર આપવાનું આજે જ બની શકે છે પણ એની તમને નવાઈ નહીં લાગે. ભાઈ અમરતલાલ મોદીની પણ જૂનથી શાળામાં વ્યવસ્થા કરી દીધી છે. જૂના મિત્રો ફરીથી કંઈક વખત ભેગા રહે એવી ઈશ્વરની ઈચ્છા જણાય છે. તમને ચોથા ધોરણનું અંગ્રેજી અને છઠ્ઠા તથા સાતમા ધોરણનું ગુજરાતી આપવાનો વિચાર છે. તમને એ કામ ઠીક તો પડશે ને ?

શાળા આ શનિવારથી બંધ થાય છે એટલે ગોધરે તા. ૭મીએ જઈશ. કેટલા દિવસ ગોધરે રહેવું એનો હજી નિર્ણય નથી કર્યો. કંઈ પણ જવાનું ન બની શકે તો એક અઠવાડિયું રહી પાછા અત્રે સ્વસ્થાને આવવાનો વિચાર છે. હમણાં ચિદ્દ્ઘનાનંદી વંચાય છે પણ એમાં જ્ઞાનેશ્વરી કે શંકરાનંદી જેટલો આનંદ નથી આવતો.

તમે હાલોલ રહો તો તા. ૧૦મીએ ત્યાં આવું. ત્યાંથી પાવાગઢ જઈએ. આબુ પણ જવાનું નક્કી કરીએ. ગામડામાં ફરવાનું ભાઈ વામનરાવ કરે તો મારી ના નથી. છતાં એ તરફ મારી વૃત્તિ નથી. કારણ કે એમનું એમાં દિલ નથી. બે દિવસ ગામડે જાય ને પાંચ દિવસ ગોધરે રહે એ મને ન ગમે. માત્ર ભાષણનો તો મને પહેલેથી જ કંટાળો છે. ઈશ્વરે બોલવાની શક્તિ આપી છે એટલું જ.

હવે ફરીથી ભાષણોનો જમાનો જાણે કે શરૂ થયો હોય તેમ બધે ભાષણોનું પૂર આવ્યું છે.

મારે એકાંતની ખાસ જરૂર છે. બીજે સ્થાનને અભાવે મેં હાલ શાળાનું મકાન જ પસંદ

કર્યું છે. અત્રે એક સંન્યાસી આવેલ છે. સંસ્કૃતનો અભ્યાસ ઘણોજ સારો છે. અસ્ખલિત બોલી પણ શકે છે. એમની સાથે મારે પ્રેમ બંધાયો છે. એમણે અખંડ બ્રહ્મચર્યનો આશીર્વાદ આપ્યો છે. એમણે પણ બ્રહ્મચર્યાશ્રમમાંથી જ સંન્યાસ લીધેલો. ગાઢ સંસર્ગમાં આવનાર બધા જ મારું ભાવિ ઉજળું છે એમ કહે છે. અન્તરાત્મામાંથી પણ એજ નાદ નીસરે છે. જીવનની દોરી ઈશ્વરને હાથ સોંપી દીધી છે. એને ખેંચવું હોય ત્યાં ખેંચે. હાલ એજ. વધુ મળીશું ત્યારે.

લી. સ્નેહાંકિત

**પાંડુરંગ**ના પ્રણામ

(તમારે ઘર રાખવું હોય તો અત્યારથી જ પુરોહિતને લખી જણાવો.)

## ૪૨

શ્રી

રાયપુર-ભાઉની પોળ,
કાચવાડાની બારી પાસે
અમદાવાદ, ગુરુવાર-સવાર
(૨૧ માર્ચ ૨૪)

ભાઈ અંબાલાલ,

તમારો પત્ર મળ્યો, તમને મનપસંદ જીવન મળ્યું જાણી આનંદ થયો. વખતોવખત ત્યાંના સમાચાર લખતા રહેશો. તમારાં બે પુસ્તકો છોટુને આપ્યાં છે. ઉપનિષદો હજી મને મળ્યાં નથી. તમે હરિપ્રસાદને અને જેની પાસેથી લાવવાનાં છે તે માણસને લખી જલદી ગોધરે વિઠ્ઠલ મંદિરમાં મોકલાવવાની વ્યવસ્થા કરો તો ત્યાંથી શ. વિશ્વનાથ આવવાના છે તે લેતા આવે. મારે પુસ્તકની ઘણી જ જરૂર છે.

ઉત્તરાર્ધની માત્ર ૪૫ નકલો જ ગઈ છે. પૂર્વાર્ધની ૧૬૦ લગભગ ગઈ છે. પ્રેસનું બીલ પતવામાં ખૂબ મુશ્કેલી ઊભી થઈ છે. બને તે ખરું મોદી આ અમાસે ખાદી ભંડારમાંથી છૂટા થાય છે- છૂટા કરે છે. કદાચ અડાસની રાષ્ટ્રીય શાળામાં જશે. માત્ર મારું અન્નજળ અમદાવાદમાંથી ખૂટતું નથી.

મારે કદાચ અનસૂયાબ્હેન જોડે મુંબાઈ જવું પડે. કારણ તેઓ પાછાં-આવ્યે ચાર પાંચ દિવસ થયા-ગાંધીજીની સેવામાં હાજર થવાનાં છે. જો હું સાથે ન જાઉં તો મહિનો બહાર નીકળું ખરો-પગાર મળે છે. ઉત્તરસંડાથી પુસ્તકો પાછાં આવ્યાં છે. એજ.

લિ. સ્નેહાંકિત

**પાંડુરંગ**ના પ્રણામ

**૪૩**

શ્રી                    અમદાવાદ શનિવાર બપોર

(૨૪ મે .૨૪)

ભાઈ અંબાલાલ,

તમને પંદરેક દિવસ ઉપર એક પત્ર લખ્યો હતો તે પહોંચ્યો જ હશે. તમે મને એક વખત લખેલું કે ભીલ-સેવા મંડળને કેટલાક માણસોની જરૂર છે. તો આપણી શાળાના વિદ્યાર્થી ભાઈ છોટાલાલની ત્યાં આવવાની વૃત્તિ છે. તેમણે વિનીત-પરીક્ષા હમણાં જ પસાર કરી છે. તમારા આશ્રમમાં કે અન્ય કોઈ આશ્રમમાં ભાઈ સુખદેવને કહી એમની વ્યવસ્થા કરાવશો તો તે એક મારુ. જ કામ થએલું માનીશ. એમને પગાર પણ ત્રીસેક રુ. મળે તો સારુ.. એટલું કામ બને ત્યાં સુધી થવું જ જોઈએ. સુખદેવને મળી મને શું થયું તે સત્વર લખી જણાવશો.

મારે હજી રજા જ ચાલે છે. મારે કદાચ વર્ધા જવાનું થાય. શેઠ જમનાલાલ બજાજને એક, પોતાનાં છોકરાં માટે સારો ટ્યૂટર જોઈએ છે. કાકા સાહેબે મારું નામ સૂચવ્યું છે. તેઓ અનસૂયાબ્હેન તથા બેંકર સાહેબ સાથે બારોબાર પતાવટ કરી લેશે. મને રૂબરૂમાં મળવાનું કહ્યું હતું; પણ હું તે દિવસે સરખેજ ગએલો એટલે મળી શકયો નથી. નક્કી થયે પત્ર લખીશ. આપણે તો બધે ઈશ્વરનો દરબાર છે. કયાંયે જવા હા કે ના શાની હોય ? ઉપનિષદો જૂનના અંતમાં મોકલાવીશ. હાલમાં ખૂબ વાંચું છું. એવું તો પરીક્ષા માટેએ નહિ વાંચ્યું હોય. મોદી મઝામાં છે.

**એજ પાંડુરંગ**

**૪૪**

શ્રી                    અમદાવાદ, શુક્રવાર (૬ જૂન .૨૪)

ભાઈ અંબાલાલ,

તમારો પત્ર મળ્યો. પ્રારબ્ધ બળવાન છે. વર્ધા જવાનું લગભગ નક્કી થયું હતું. પણ આ લોકોએ કોઈ પણ પ્રકારે, મને છોડવાની અનિચ્છા જણાવી. એટલે ત્યાં જવાનું માંડી· વાળવું પડ્યું છે. કાકા સાહેબે જમનાલાલજીને તેવો પત્ર લખી નાંખ્યો છે. આમ કરી આ લોકો નાહક આ ક્ષુદ્ર શરીરનું મહત્ત્વ માત્ર વધારે છે. મારામાં, નહિ તો, એવું શું છે ? भ्रमति भुवने मे रामेच्छा तयैव तथा वृतम् । બીજું શું ?

યોગવાસિષ્ઠ, મૂળ સંસ્કૃતમાં, વાંચવા માંડ્યું છે. ભાષાન્તરની પાછી શરૂઆત થઈ છે. આ છેવટનો અંક છે. એક દષ્ટિએ છેવટનો અંક નીરસ હોય છે; બીજી દષ્ટિએ એના જેવો રસ બીજા કોઈ અંકમાં નથી આવતો. મીલન ત્યાંજ છે.

જો, જો, ''रात्रिर्गमिष्यति भविष्यति सुप्रभातम्'' એ શ્લોકનો મર્મ ઘડી વાર પર ભૂલી

જતા ! કોઈ વાર વખત મળે તો આ તરફ આવજો. ભેગા મળી બે ઘડી આનંદ કરીશું. હાલ એજ. છોટાલાલનું શું કર્યું ?

લિ. સ્નેહાંકિત
પાંડુરંગના પ્રણામ

તા.ક. બની શકે તો ત્રણેક સારા કામળા તૈયાર કરાવશો.

પાંડુરંગ

## ૪૫

શ્રી                અમદાવાદ, શનિવાર સ્હાંજ
(૧૯૨૪) વિ.સં. ૧૯૮૦ (૨૩-૮-૨૪)

ભાઈ અંબાલાલ,

તમારા તરફથી કોણ જાણે કાગળ આવ્યે કેટલાએ દિવસ થઈ ગયા. હું પણ શૂન્યમનસ્ક હોવાથી કંઈ લખી શક્યો નહિ, અને તમે પણ મારો પત્ર ગયા વગર કાગળ ન લખવો એવો નિશ્ચય કર્યો હોય તેમ પત્ર ન જ લખ્યો !

ઉપનિષદોનું પુસ્તક મેં ક્યારનુંએ વાંચી નાખ્યું છે. ઘણાં પાનાં છૂટા હતાં અને બીજા ઢીલાં થઈ ગયાં હતાં એટલે સારું કરીને અપાય તો ઠીક એ હેતુથી બધું બાઇન્ડર પાસેથી સારી રીતે બંધાવી લીધું છે. આ મહિનાના અંતમાં મોકલાવવાની વ્યવસ્થા કરીશ.

સાથે 'ઉપનિષદોની વાતો' એ નવું પુસ્તક મોકલાવ્યું છે. પ્રચલિત ટીકાઓથી કેટલેક ઠેકાણે સ્વતંત્ર વિચાર કર્યો છે જે તમે સ્હેજે જોઈ શકશો. સામાન્યવર્ગને માટે ભાષ્યોનાં ભાષાન્તરો કરતાં આવી સારરૂપ વાર્તાઓ આપવી ઠીક લાગવાથી તે જુદી કાઢી છે. બધું વાંચી જઈ સૂચનાઓ જરૂર મોકલશો. ષ્ઠ્ત્રગ વિષે લંબાણથી વાત તો રૂબરૂમાં થઈ શકે. અકિંચનતાને લીધે પ્રકાશનનો હક બીજાને આપવો પડ્યો છે. ફાયદો નહિ જેવો જ છે. પણ ખં.બં. ની જાહેરાત થશે એટલું ઓછું નથી.

પુરાણોનો અભ્યાસ શરૂ કર્યો છે. વામનપુરાણ-મૂળ વાંચું છું. નડિયાદથી બધાં મળી શકે તેમ છે. પણ 'રાત ટૂંકી ને વેષ ઘણા' જેવું છે. પછીથી અવસર નહિ મળે જાણી વાંચું છું.

એજ,

પાંડુરંગ

## ૪૬

શ્રી                    અમદાવાદ, મંગળવાર બપોર
(૩૦ સપ્ટેમ્બર .૨૪)

ભાઈ અંબાલાલ,

દસબાર દિવસ નર્મદા તટે ફરી કાલે સ્હાંજે ઘેર આવ્યો. કબીર વડ વગેરે સ્થળો જોયાં. દશ્યફળમાં વાસુદેવાનંદસરસ્વતીએ લખેલા ન્હાના મોટા મળીને દસબાર ગ્રંથો જોવા મળ્યા. એક ગ્રંથ दत्तपुराण- ભેટ મળ્યો. મેં તો સ્વામીજીનો દત્ત મહારાજનો પ્રસાદ જ માની લીધો. અદશ્ય ફળ વર્ણવ્યું જાય તેમ નથી.

તમારી પાસે મેં ઘણા વખત પર ત્રણેક સારા કામળાની માગણી કરેલી. પણ પાછું લખવાનું ભૂલી ગયો. શીત ઋતુ પાસે આવી છે. રતનલાલે પાછું સંભાર્યું ત્યારે યાદ આવ્યું. કોઈની સાથે જરૂર મોકલાવી આપશો.

તમે દૂર ગયા છો. હું દૂર-સુદૂર જવાનો વિચાર કરી રહ્યો છું. જુદા જુદા માણસો મને બોલાવે છે. પૈસાનો ટોટો નથી. પણ એ મોહજાળમાં હું ફસાઈ પડું તો ? મારે એ બધાને લાત માર્યે જ છૂટકો. આવી જાતની નિષ્ઠુરતા કેળવ્યા વગર ઈશ્વરી હૃદયની આર્દ્રતાનો અનુભવ નહિ થાય. તમને રજા હોય ને મહિનો સાથે રહો તો ઠીક. ભવિષ્યમાં વખત ન પણ મળે.

પાંડુરંગ

મોદી અડાસ છોડી મુંબઈ ગયા છે.

પાંડુરંગ

## ૪૭

શ્રી                    અમદાવાદ, શનિવાર બપોર
(૨૫ ઓક્ટોબર '૨૪)

ભાઈ મોદી,

તમારા બંને પત્રો મળ્યા છે. મને પંદરેક દિવસથી અતિશય તાવ આવે છે. બે ચાર દિવસથી કંઈક ઠીક છે, છતાં અશક્તિ દાખવે છે. આખો દિવસ લગભગ પથારીમાં જ જાય છે. વિચારસ્ફૂરણ માટે આનાથી બીજી સારી નિવૃત્તિ ન જ મળી હોત.

નબળાઈનાં રોદણાં રડ્યે એ દૂર નથી થતી. એને તો પગ તળે કચડ્યે જ છૂટકો. પાપનિવારણ માટે પશ્ચાત્તાપ જેવું ઓસડ નથી. પણ પશ્ચાત્તાપ તીવ્ર અને જીગરનો જોઈએ. અંત:કરણ રડી, કકડી ઊઠવું જોઈએ. ગોલ્ડસ્મીથ કહે છે તેમ પશ્ચાત્તાપ કરતાં કરતાં પણ જો

"Planning sins anew' ★ એ સ્થિતિ હોય તો એ એક જાતનો દંભ કહેવાય.

ખાદીના કકડા માટે હું શું લખું ? મને લાગે છે કે 'ભંડાર'ને પૈસા મોકલવાથી પોતાની જાતને નકામું મહત્ત્વ આપ્યા જેવું થશે. તમને અંતરમાં ખરેખરી લાગણી થઈ હોય તો બીજું કંઈ જ કરવાની જરૂર નથી. યોગ્ય લાગે તેટલા પૈસાથી કોઈ ભૂખ્યાને જમાડો યા નાગાને વસ્ત્રદાન કરો. એટલે તમે મેલમાંથી મુક્ત થશો.

તમે લખ્યા પ્રમાણે મેં પરસોત્તમને ૨૫ રૂા., ૧૦ આના, ૯ પાઈ આપ્યા છે. વધારે ઓછું લ્હેણું નીકળતું હોય તો મને લખી જણાવશો. અશક્તિને લીધે લાંબો પત્ર નથી લખી શક્યો. એજ

લિ. સ્નેહાંકિત

**પાંડુરંગના પ્રણામ**

★ નવાં પાપની યોજના

## ૪૮

શ્રી　　　　અમદાવાદ કાર્તિક શુ. એકાદશી

(૮ નવેંબર '૨૪)

ભાઈ અંબાલાલ,

તમારો પત્ર મળ્યો. ચંદ્રશંકરને ત્યાં-ઘેર કે આશ્રમમાં-કામળા આવ્યા નથી. એટલે તમે જેને આપ્યા હોય તેને ત્યાં ખબર કાઢશો.

મહિનો થઈ ગયો છતાં હજી માંદગી દૂર થતી નથી. વચમાં વચમાંથી તાવ પણ ડોકીયું કરે છે. કંઈક ઉધરસ પણ છે. એમ ત્રિવેણી સંગમ છે. પુનીત થવું હોય તો વહેલા આવશો.

વૈદ્યરાજની દવા ચાલે છે. 'યમરાજ સહોદર' સાથે ખૂબ મિત્રાચારી બંધાઈ છે. 'નાનાભાઈ' સાથે પણ મિત્રાચારી કરાવી આપે તો નવાઈ નથી. હું તો **द्वैताद्वै भयं भवति**નો છૂટે માથે ઉપયોગ કરું છું ને બીજા ધન્વંતરિની શોધખોળ ન કરતાં એકને જ વળગી રહ્યો છું - વળગી રહેવા માગું છું. જ્વર-પુરાણ લાંબું છે. એ ને પ્રવાસ-પુરાણ મળી એક મહાપુરાણ થશે. સાજો થાઉં તો અને ત્યારે બધું લખી જણાવીશ.

બધા હવાફેર કરવાની સલાહ આપે છે. પણ એ થઈ સલાહ ! લગભગ બે મહિના રજા હતી. અઠવાડિયાથી ઘરના પૈસા ખરચી રોજનો રૂા.- ગાડીમાં સ્હવારે કલાક ભણાવવા જઉં છું. એમની ગાડીની યાચના કોણ કરે ? ગયે મહિને ભાષાંતર ૨૦ પાનાં જ કરી શક્યો છું. બધા મળી ચાળીસેક રૂા. મળશે. આ મહિને તો હજી લીટીએ નથી લખી. આવી સ્થિતિમાં હવાફેર કેમ થાય ? એપ્રિલથી સપ્ટેમ્બર સુધી મહિને ૯૫ મળેલા. છતાં પાસે આકાશ છે. એજ

લિ. **પાંડુરંગ**ના પ્રણામ.

## ૪૯

શ્રી અમદાવાદ ગુરુવાર, બપોર

(૨૧ નવેમ્બર '૨૪)

ભાઈ અંબાલાલ,

ઈશ્વર અત્યંત દયાળુ છે. એની દયાનો પરચો વારંવાર આવે છે, પણ માણસ પોતાનું જીવન તપાસતો નથી.

ગાંધીજીએ અપવાસ શરુ કર્યો, અને અનસૂયાબેન દિલ્હી ગયાં. એ પાછાં આવ્યાં, ને દિવાળી આવી. બધું મળીને દોઢેક મહિનો લાગલગાટ ભણાવવાનું બંધ રહ્યું એટલે દિવાળી પછી મેં ભાડાની ગાડીમાં ભણાવવા જવાની શરૂઆત કરી. એમની ગાડીની યાચના કોણ કરે ? અને મારાથી આવી શકાય તેમ નથી એવી દયા પણ કોણ ભાળે ? એ પોતે થઈને સૂચના કરે તો વાત જુદી; પણ શ્રીમંતોમાં એટલી અક્કલ ને રહેમદિલી આવવાને હજી વાર છે.

શ્રમને પરિણામે સુધરવા લાગેલું શરીર પાછું લથડ્યું (પરમ દિવસે રાત્રે તો સ્થિતિ ઘણી ગંભીર હતી.) ઈશ્વરે લાજ રાખી. બેન પણ ચાર દિવસથી મુંબઈ ઉપડી ગયાં છે. ચોવીસે કલાક લગભગ પથારીમાં જ જાય છે. દૈવયોગે મળેલા આ આરામની અસર જે થાય તે ખરી.

કામળાઓની અત્યંત જરૂર છે. તમે આવો ત્યારે લાવવાનું ભૂલતા ના. રજા મળે કે તરત જ આવજો. મોદીનું સરનામું :-

ભાટીઆ બાલરક્ષક વિદ્યાલય
મનોરદાસ સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઈ.

મોદીનો મહિનાથી પત્ર નથી. મહિના ઉપરનું ઠેકાણું લખ્યું છે.

**પાંડુરંગ**

## ૫૦

શ્રી અમદાવાદ મંગળવાર સવાર

(૧૬ ડીસેમ્બર '૨૪)

ભાઈ મોદી,

તમારો પત્ર મળ્યો. ગંભીર માંદગીની પથારીમાંથી લગભગ મહિના ઉપર મેં તમને પત્ર લખ્યો હતો તેનો પણ જવાબ ન આવ્યો એટલે મેં માની લીધું કે તમે કોઈ ઊંડા આત્મચિંતનમાં ડૂબી ગયા હશો. ત્યાંથી તમને ચલિત કરવાનું ઠીક ન લાગ્યું એટલે બીજો પત્ર નહોતો લખ્યો... લખવાની તાકાત પણ નહોતી. દશેરાથી હું તાવથી પથારીવશ છું. હજી તબિયત ઠેકાણે આવતી નથી.

ભાઈ વ્યાસ અહીં આવ્યા છે. મને બે ચાર દિવસમાં ઠીક લાગે તો હવાફેર માટે નર્મદા

જવા વિચાર છે. એ પણ સાથે આવશે. તમને રજા હોય અને બીજી કોઈ પણ જાતની તકલીફ પડે તેમ ન હોય તો તમે પણ આવો તો ઠીક. એ બહાને મળી શકાશે ને સાથે નર્મદા જવાશે. આપણા ત્રણેની સાથે એવી મુલાકાત કદાચ આ છેલ્લી જ થશે માટે બને તો જરૂર આવશો. શુક્રવાર સુધી તમારી અમદાવાદ રાહ જોઈશું.

બીજું મેં તમે લખ્યામુજબ રૂા. ૨૫-૧૦-૯ પરસોતમને આપી દીધાનું તમને લખી જણાવેલું. તે ઉપરાંત તમારું કંઈ લ્હેણું નીકળતું હોય તો લખી જણાવશો. હાલ એજ

લિ. સ્નેહાધીન **પાંડુરંગ**

નર્મદા પ્રથમ મુકામ અંબાલી.

## ૫૧

શ્રી અમદાવાદ શનિવાર સાંજ

(૨૫ જાન્યુ. ૧૯૨૫)

ભાઈ અંબાલાલ,

તમારો પત્ર વખતસર મળેલો. રોગનો ભોગથી ક્ષય થાય એજ ઈષ્ટ છે. બધા રોગનું મૂળ ભવરોગ છે. મૂળનો નાશ થતાં ડાળાં પાંદડાંનો પોતાની મેળે જ નાશ થશે. પણ મૂળનો નાશ કરવાનો યત્ન ન આદરતાં જો ડાળાં પાંદડાંનો નાશ કરવામાં જ શક્તિનો વ્યય કરીશું તો મહેનત નિષ્ફળ જ જવાની, કારણ કે એ તો થોડા સમયમાં ફરીથી ફૂટી જ નીકળવાનાં. માટે **मूले कुठार:** ની જરૂર છે. અને એને માટે તો **वैद्यो नारायणो हरि:** વગર બીજો કોણ સલાહ આપી શકે ?

પુરોહિત કાલે જ મળ્યા. એમને રૂપિયા આપી દીધા છે. એ ગોધરે નથી જવાના એટલે ઉપનિષદો વગેરે મોકલી શકાશે નહિ. કામળા આશ્રમમાંથી મળી ગયા છે. મોદી બુધવારે પરણે છે. મારે ચારપાંચ દિવસ ભણાવ્યા પછી પાછી લાંબી રજા પડી છે. ખૂબ કામમાં છું તેથી કાગળ નથી લખાતો. તબિયત ઠીક છે. હાલ એજ.

લી. સ્નેહાધીન **પાંડુરંગ**

## ૫૨

શ્રી અમદાવાદ તા. ૧૮-૨-૨૫

ભાઈ અંબાલાલ,

થોડાક દિવસ ઉપર મેં તમને એક પત્ર લખ્યો હતો તે પહોંચ્યો જ હશે. તેમાં મેં લખેલું કે કામળા મને આશ્રમમાંથી મળી ગયા છે, પણ તમે તમારા પેલા શિક્ષકને એ વાતની ખબર આપી હોય એમ નથી લાગતું, કેમકે આશ્રમમાં એ, એ બાબત હજી પણ પત્ર લખ્યા કરે છે. માટે એને એકદમ ખબર આપી દેશો કે કામળા મને મળી ગયા છે. હવે આશ્રમમાં પત્ર ન લખે.

હાલમાં તો હું કંઈક મીલ-મજૂર બન્યો છું. અઠવાડિયામાં ત્રણ દિવસ આશ્રમમાં જવું પડે છે. અગીયાર સાડા અગીયારે ઘરમાંથી નિકળું છું તે છ સાડા છએ પાછો આવું છું. બેંકર કે અનસૂયાબેન અહીં નથી એટલે આ વૈતરામાંથી તુરત્ત છૂટી શકાય તેમ નથી લાગતું.

જમનાલાલજીવાળું પ્રકરણ પાછું ઉપસ્થિત થયું છે. કદાચ વર્ધા જવું પડશે. આ બધી ગડબડમાં હાલ વંચાય છે થોડું જ. અહીં રહેવાનું થાય તો કાંકરીઆવાળી ગુફામાં રહેવા જવા વિચાર છે. ઘેર શિવપુરાણ અને ગુફાએ વિચારસાગરનું વાંચન ચાલે છે. તમે એપ્રિલમાં આવી શકશો ? આવો તો આપણે ચાર દિવસ ગિરનાર જઈ આવીએ. પણ આ બધું ઈશ્વર મને અહીં રાખે તો.

કામળાના પૈસાનું શું કરુ. ? ઓઢણી વગેરે લીધી નથી, કેમકે સારો માલ ખલાસ થઈ ગયો છે. મોદી પરણીને પાછા મુંબઈ ઉપડી ગયા છે. હાલ એજ.

પાંડુરંગ

## ૫૩

શ્રી અમદાવાદ તા. ૨૫-૨-૨૫

ભાઈ મોદી,

તમારા બંને પત્રો મળ્યા. બીજો પત્ર શિવરાત્રીને દિવસે જ મળ્યો, એટલે કંઈ લખી શક્યો નહિ. કેશવલાલ મને મળ્યા નથી. મુંબઈ આવી ગયા હશે એમ માનું છું.

ગઈ કાલે વાંચ્યું કે જામસાહેબની સિંહણને સાપ કરડવાથી તે મરણ પામી. તેથી તેનાં બચ્ચાંને બકરીને ધાવવું પડે છે. અપવાદ ભલે હોય પણ સિદ્ધાંત ચોક્કસ છે કે જ્યારે સિંહણનાં બચ્ચાંને પણ શ્રીમંતની સોબતને લીધે માન મૂકી બકરીને ધાવવું પડે છે ત્યારે બીજાની શી કથા ! આ ન્હાની સરખી વાત તમને વિચાર માટે લખી મોકલી છે. ઈશુનું પેલું ઊંટ અને સોયના નાકાવાળું વચન તમને યાદ હશે જ.

ગી.ભા. ની બધી નકલો કોઈ પુસ્તક-વેચનાર ખરીદી લે ખરો ? ૩૦-૩૫ ટકા કમિશન આપીએ. પૈસા આવે તો 'પૂર્વાર્ધ'ની દ્વિતીય આવૃત્તિ મારે હાથે નિકળે. 'ઉપનિષદોની વાતો' તમે લઈ લેવા તૈયાર છો ? માત્ર શરત્ત એટલી કે "it must not die" મારે પાઈ પણ ન જોઈએ. 'નવજીવન' છપાવે, પણ મારે એક "Publication" તમને આપવું છે; અને બીજું હું ન પણ લખી શકું. વૃત્તિ દિવસે દિવસે ખૂબ ઉપરામ પામતી જાય છે.

આશ્રમની બલા ટળી છે. અઠવાડિયામાં એકવાર જ જવું પડે છે. હજી બેંકર આવ્યા નથી એટલે વર્ધાનું અનિશ્ચિત જ છે. કદાચ બંને ઠેકાણે ના પણ પાડું. બધો ૨૫૦-૩૦૦ નો ખેલ છે. ખેલ શું કરે છે જોઈએ. એજ

લિ. સ્નેહાધીન પાંડુરંગ

## ૫૪

શ્રી                    અમદાવાદ તા. ૧-૩-૨૫

ભાઈ મોદી,

બે ચાર દિવસ ઉપર લખેલો પત્ર મળ્યો જ હતો. ત્યાં જવાનું નક્કી થાય કે બેંકર છોડવા તૈયાર થયા છે. કંઈ પત્ર expected તો નથી જ. જઉં તો જૂનમાં જવું પડે. ત્યાં સુધી બેંકર ચાલુ રાખે, કોઈ સગવડ પણ કરી આપે. પણ એ મને પસંદ નથી, જૂનમાં તો મારે ઊડવું છે, વર્ધા જઉં તો બંધનમાં પડું. બંનેને કાલે ના પાડી દઉં છું !

ગી.ભા. બીલકુલ ગઈ નથી, ન જાય તેનીય ચિંતા નથી, બે ચાર મહિનામાં જે થાય તે ખરું પછી તો ઈશ્વરને ચિંતા !

## ૫૫

શ્રી                    અમદાવાદ તા. ૧૦-૩-૨૫

ભાઈ અંબાલાલ,

તમારો પત્ર મળ્યો છે. મેં તો તમને પ્રથમ પત્ર લખ્યો તે દિવસે જ બંને ઠેકાણે ના કહી દીધી છે. અહીંની આશ્રમ-શાળામાં-મારે વર્ધા ના જવું હોય તો મને રાખી લેવાને પણ કાકાસાહેબ તૈયાર છે. પણ રાત થોડી ને વેશ ઘણા. માટે કંઈ પણ ન જતાં સ્થિર બેસવાનું નક્કી કરી મેં ત્યાં પણ ના કહી છે, પૂર્ણ અનુકૂળતાની રાહ જોનારને તો "हा हन्त हन्त" કહેવાનો જ વખત આવવાનો. મોદીને લંબાણથી પત્ર લખ્યો છે એટલે વહેલા મોડા તમે સર્વ બીના જાણી શકશો. હાલ તો 'मौनं' એજ મારું તમને 'મિત્રાનુશાસન' છે.

ગી.ભા. સુધારવા માંડી છે, નહિ જેવો જ ફેરફાર ઈષ્ટ લાગે છે. થોડાંક વાકયો બદલ્યાં છે. reference વગર ન સમજાય એવું હોય ત્યાં ટૂંક નોંધ જોડી છે. વ્યાકરણમાં બે ત્રણ ભૂલો થયેલી તે સુધારી નાખી છે. બીજી સૂચના કરશો. હાલ એજ

લિ. સ્નેહાધિન **પાંડુરંગ**ના પ્રણામ

## ૫૬

શ્રી                    અમદાવાદ ગુરુવાર સવાર
(૧૭ એપ્રિલ '૨૫)

ભાઈ મોદી,

દસેક દિવસથી કાંકરીયાની ગુફામાં રહેવા ગયો છું. આજે ગુરુવાર હોવાથી ઘેર આવ્યો છું. તમારી ચિઠ્ઠી તથા પુસ્તક મળ્યાં. મેં લખ્યા વગર તમે પૈસા મોકલાવ્યા એ ઠીક ન કર્યું. મારે પૈસાની અત્યારે બિલકુલ જરૂર નથી એટલે મ.ઓ. પાછો મોકલાવ્યો છે માટે માઠું લગાડશો નહિ.

ઈશ્વર અત્યંત દયાળુ છે. એની દયાનો પરચો વારંવાર આવ્યા જ કરે છે. નોકરી છોડી

રામભરોસે ઘેર બેઠો પણ કોઈ પણ જાતની તંગી નથી. નોકરી છોડી ને થોડા દિવસ પછી બાની તબિયત અત્યંત લથડી ગઈ. ફેબ્રુઆરીનો ચઢેલો પગાર પણ આવ્યો નહોતો. લાગ્યું કે મનકી મનમાં રહી જશે. પણ દત્ત મહારાજે મહેર કરી. એકદમ ૭૦-૭૫ રૂા. નાં પુસ્તકો ગયાં-જો કે શાળાઓ તો બધીએ ફેરવાઈ ગઈ છે- થોડા દિવસ પછી ચઢેલો પગાર પણ આવી ગયો. એક જણે વાતેવાતમાં છ ગોળીઓ આપી ને બાને પણ એકદમ આરામ થઈ ગયો. કાંકરીઆથી શરુઆતમાં બે ચાર દિવસ ઘેર જમવા આવતો. પછીથી તો એક દેવદૂતે ત્યાં જ ખૂબ આગ્રહપૂર્વક-આંખમાં પ્રેમાશ્રુ આણીને-જમવાની વ્યવસ્થા કરી. આખું કુટુંબ ખૂબજ પ્રેમાળ અને ભાવિક છે અને મારે માટે ખૂબ તકલીફ ઉઠાવે છે. મારે અને એમનો પૂર્વ પરિચય માત્ર એક બે વખત પાંચ સાત મિનિટ વાતચીતનો જ. બધી ઈશ્વરની લીલા છે, આપણે કેવળ નિમિત્તમાત્ર છીએ એવી દઢ-માત્ર મોઢાની જ નહિ- શ્રદ્ધા કેળવવી જોઈએ.

થોડાક દિવસ પર કાકાસાહેબને મળવાનું થયું હતું. મારી સંસ્કૃત ટીકાથી તેઓ ખૂબ પ્રસન્ન થયા. વર્ધા અથવા આશ્રમમાં રહેવાનો પાછો આગ્રહ થયો. પૂર્ણ એકાંત અને સંસ્કૃત લાયબ્રેરી વગેરે સર્વ સગવડ પૂરી પાડવા કહ્યું. પણ વિચાર કરીને કહીશ એમ કહી નાસી છૂટ્યો ને નાઠો તે પાછો હાથમાં શાનો આવે ? લંબાણથી હવે પછીના પત્રમાં. સર્વને પ્રણામ.

પાંડુરંગ

## ૫૧૭

શ્રી — અમદાવાદ શુક્રવાર, સવાર
(૨૪ એપ્રિલ '૨૫)

ભાઈ અંબાલાલ,

તમારો પત્ર મળ્યો, દોઢેક મહિના ઉપર રતનલાલ મળ્યા હતા, તેમણે નર્મદાકિનારે એક સુંદર સ્થાનની વાત કરેલી. તે ઉપરથી વીસેક દિવસ ઉપર મેં તેમને એક પત્ર લખેલો. પણ स्वभावो दुरतिक्रमः ! હજી ઉત્તર નથી.

ટીકા પૂરી થઈ છે. બધી લઈને મંગળવારે કાકા પાસે ગયો હતો. તેમણે 'પ્રેસ-કોપી' કરવાની વેઠ પણ મને જ વળગાડી-પ્રુફ તપાસવાની ન વળગાડે એટલે થયું ! શુભાશુભકર્મત્યાગનું રહસ્ય દિવસે દિવસે વધારે સ્પષ્ટ થતું જાય છે.

હું જે ભાઈને ત્યાં ભિક્ષા કરું છું તેમની પાસે સ્વામી શ્રી વાસુદેવાનંદ સરસ્વતીની પ્રસાદીરૂપ શ્રીએ સ્વહસ્તે લખી મોકલેલી સ્વકૃત રામકથાની એક તદ્દન જીર્ણ થઈ ગયેલી નકલ પડી છે. પોતે એને પૂજામાં રાખે છે, તેની બીજી નકલ કરી આપવાનું મેં સ્વીકાર્યું છે. પાંચમ ગુફામાં જ થશે.

ટીકા શરુ કરતાં પહેલાં સનત્સુજાતીય પર ગુજરાતી વિવરણ લખવાનું શરુ કર્યું હતું.

ટીકાની નકલ કરવાની વેઠ ન આવી પડી હોત તો પાંચમ પહેલાં એ કદાચ પૂરું થઈ જાત. એ પૂરું કરવાનો તરંગ પણ છે.

રતનલાલ આઠેક દિવસમાં આવનાર છે. એમની પાસેથી હિમાલયની પણ કેટલીક માહિતી મેળવવાની છે. ઈશ્વરની અન્યથા ઈચ્છા ન હોય તો પ્રયાણકાળ નક્કી જ છે. ગુરુપૂજન સ્થાન પર જઈને જ થશે. પણ સ્થાન હજી નિશ્ચિત નથી થઈ શક્યું. હિમાલય જાઉં તો તમને માર્ગમાં દાહોદ સ્ટેશને આવી શકશો તો મળીશ ખરો.

મ.ઓ. પહોંચ્યો હશે. મારાં પુસ્તક મોકલવાની જરૂર નથી. રામાયણ તો છાત્રદેવોનો પ્રસાદ છે-તેમના પ્રેમાશ્રુથી સિંચાયેલું છે. તમે જ એનો સદુપયોગ કરી શકશો.

ખૂબ આનંદમાં છું. પણ એમાં વિરહની ગમગીની અને યારની ભાવિ ભેટનો ઉલ્લાસ બંને છે. મોદીને કંઈ લખશો નહિ. એ sensitive છે. એને લાગી આવશે. હું જ લખીશ.

## ૫૮

શ્રી

શુકલ કૂવા પાસે ગોધરા
અમદાવાદ
મંગળવાર, બપોર
(૨જી મે, ૧૯૨૫)

ભાઈ મોદી,

હજી મન અનિશ્ચિત જ છે. ગોધરા જ છું. ચાર પાંચ દિવસ પછી વડોદરે જવાનો છું. કાકા સાહેબને કદાચ મળવાનું થાય. પૂનમ પછી બીજો પત્ર લખીશ.

તમારા શેઠને એક માણસની જરૂર છે એમ તમે કહેતા હતા. મારો એક દક્ષણી મિત્ર-ઈન્ટરમાંથી અસહકાર કરેલો- એ જગ્યાએ રહેવા તૈયાર છે. તો કામ શું કરવાનું છે, પગાર વગેરે શું આપશે તેની વિગતવાર ખબર મને ઉપરને સરનામે વળતી ટપાલે લખી મોકલશો. આ કામ મારું પોતાનું જાણી કરવાનું જ છે. એ જગ્યાએ નહિ તો બીજી કોઈ જગ્યાએ પણ જો એને ગોઠવી શકાય તો એક મોટું કામ થશે. એ પરિણીત છે માટે રહેવાનું શેઠને ત્યાં ચોવીસે કલાક છે કે કેમ તે સર્વ પણ ચોક્કસ પૂછી લખી જણાવશો. એજ. વ્યાસ મળેલા. ભાઈ કેશવલાલને મારા તરફથી ખબર પૂછશો.

લી. સ્નેહાધીન
પાંડુરંગના પ્રણામ.

## ૫૯

શ્રી                    અમદાવાદ ગુરુવાર સાંજ

(૫ જૂન, '૨૫)

ભાઈ અંબાલાલ,

ગઈ કાલે અમાદવાદ આવી ગયો છું. આજે સવારે કાકા સાહેબને મળી આવ્યો. મોઢેથી તો શનિવારથી આશ્રમમાં શિક્ષક તરીકે જોડાવાનું કબૂલ કરી આવ્યો. પણ અંત:કરણ કહ્યા જ કરતું હતું કે એમાં શ્રેય નથી. એટલે ઘેર આવી ચિઠ્ઠી લખી કે મનથી પૂર્ણ રીતે 'આશ્રમાઈટ્' થયા વગર આશ્રમમાં જોડાવું એ એક રીતે અંત:કરણને દગો દેવા જેવું છે. એટલે હું નહિ જોડાઈ શકું. કાકા સાહેબે પાછું ત્રણ વાગે મળવાનું કહ્યું. પાછો મળ્યો. તમારા આશ્રમની વાત કરી. પણ ત્યાંના કરતાં અહીં જોડાવું ઠીક એમ અનેક રીતે દલીલ કરી. સ્વામીએ આટલી નાની વયમાં આવો નિર્વેદ કેમ, એમ પૂછ્યું. પણ કેમ અને શાથી, એનો ઉત્તર કોણ આપી શકે ? દિલનું દર્દ સમાન દર્દે ઘાયલ થએલું દિલ જ પારખી શકે. વાચાળ મુખ એનો જવાબ શી રીતે આપી શકે ? છેવટે શિક્ષક તરીકે નહિ તો એમ ને એમ પણ આશ્રમમાં જ રહેવાનું કહ્યું. હું જોઈશું કહી નાસી છૂટ્યો. છેલ્લા કેટલાક દિવસથી અંત:કરણ રડે છે. પૂરતી ઊંઘ પણ નથી, અને એની અસર શરીર પર પણ થયા કરે છે. આશ્રમ જેવા મોટા વર્તુલમાં ન જ જવું એવું કહે છે. તમે કહેતા હતા તે નદી કાંઠે રહી શકાય તેમ હોય તો લખશો. તથા કામની પણ રૂપરેખા દોરશો. હૃદય તો એમ જ કહે છે કે કોઈ ઠેકાણે ન જોડાવું. ચોમાસું ધાર્યા કરતાં વહેલું બેઠું એથી પણ કામ થોડુંક કપરું થઈ પડ્યું છે. જવાબ ચારપાંચ દિવસની અંદર જ લખશો. ભાઈનું હજી કંઈ ઠેકાણું નથી. કાલે Mehtaને મળવા રાંદેર જાય છે.

પાંડુરંગ

## ૬૦

શ્રી                    અમદાવાદ ગુરુવાર સાંજ

(૫ જૂન ૧૯૨૫)

ભાઈ મોદી,

ચોમાસું ખૂબ વહેલું બેઠું અને હૃદયની અશ્રુધારાનો વેગ પણ અત્યંત વધી પડ્યો. આજે સવારે કાકાસાહેબને મળ્યો. મોઢેથી આશ્રમમાં જોડાવાની હા પાડી આવ્યો. પણ અંત:કરણ ઘંટ વગાડીને કહેવા લાગ્યું કે ત્યાં શ્રેય નથી. એટલે ઘેર આવી ચિઠ્ઠી લખી કે મનથી પૂરેપૂરો 'આશ્રમાઈટ' થયા વગર આશ્રમમાં શિક્ષક તરીકે જોડાવું એ અંત:કરણને દગો દેવા જેવું છે, એટલે હું નહિ જોડાઈ શકું. જવાબમાં ત્રણ વાગે પાછો મળવાનું કહ્યું. ફરીથી ખૂબ દલીલ થઈ. દલીલમાં સાધુત્વની નમ્ર ઠેકડી તો હોય જ ! એમને એમ રહેવું હોય તો પણ ઘર કરતાં આશ્રમ ઠીક એમ કહેવામાં આવ્યું. હું તો જોઈશું કહી પાછો નાસી છૂટ્યો. ઝાલોદના જંગલમાં એક

નાનકડી નદી છે. સૃષ્ટિસૌન્દર્ય ઠીક છે. ત્યાં રહું તો ઠીક એમ લાગે છે. વ્યાસને પત્ર લખ્યો છે.

મન હજી અસ્વસ્થ છે. પણ એ અસ્વસ્થતામાં દુ:ખ તો લેશ નથી. ततः किम्‌ની વ્યાકુળતામાં પૂરતી નિંદ નથી. શરીર પર પણ એની અસર છે. માથામાં તાલુના પ્રદેશમાં અત્યંત વેદના ઉપડી છે. વાળ કઢાવી નાખ્યા છતાં વેદના શમતી નથી. પ્રાણ મસ્તકમાં ઊર્ધ્વગતિએ ચઢવા માંડે કે શરૂઆતમાં એવી વેદના થાય છે એમ વાંચ્યું છે. પણ આ વેદનાને હું વરતી નથી શકતો. કાલે ખૂબ બરફ ઘસ્યો, તેલ ઘસ્યું, પણ વેદના શમતી નથી. પાંચ છ દિવસમાં ભગવાનને મળવા વડોદરે જાઉં છું. ત્યાર પહેલાં જવાબ આવે. પેલા ભાઈ માટે નોકરીની શોધ લાગે તો તો મને અમદાવાદ જણાવશો. એનું સરનામું અનિશ્ચિત છે.

પાંડુરંગ

રાંદેરથી પાછો પત્ર છે. ભાઈ કાલે મળવા જાય છે. થાય તે ખરું

## ૬૧

શ્રી અમદાવાદ, રવિવાર બપોર,
(૧૫ જૂન ૧૯૨૫)

ભાઈ અંબાલાલ,

આવતીકાલે સવારે ગોધરા જાઉં છું. ભવિષ્ય અનિશ્ચિત છે. પણ થોડા દિવસ ગોઠે તો તમારાં જંગલોની હવા ખાવાની વૃત્તિ છે. એટલે બે દિવસ ગોધરે રહી બુધવારે સવારે ૮-૫૦ના ફાસ્ટમાં નીકળી ત્યાં આવું છું. કોઈ કારણસર ફાસ્ટ ચૂકી જવાય તો લોકલમાં તો જરૂર આવીશ.

છેલ્લા કેટલાક દિવસથી આંખમાં ઊંઘ નથી. માથામાં પણ ખૂબ વેદના થાય છે. અત્યંત restlessness છે. કોઈ અંદરથી ....જા.....જા એમ કહી ગોદાટી રહ્યું હોય એમ થયા કરે છે. પણ ક્યાં એમ પૂછતાં જવાબ નથી. આઠદસ દિવસ અમદાવાદ મહામુશીબતે કાઢ્યા છે તમારે ત્યાં પણ મનને ગોઠે એમ લાગતું નથી. છતાં તમારા આશ્રમનાં દર્શન તો કરવાં જ એમ વિચારી આવું છું. રૂબરૂમાં વાતચીત કરીશું. એજ

લિ. પાંડુરંગ

## ૬૨

Shri Friday Morning

Dear Ambalal,

Returned from Sainkheda to Mortakka. Maharaj not here. Expected on Monday or Tuesday. Will write in detail within a week.

Till then don't inform any one of my departure from Jhalod. All cheerful & gay. Will drop card myself at home.

P. V. Valame

Redirect my post if any at the following address
C/o Paramhamsa Maharajki Gufa
Mortakka, Zilla Nimar
Central Province

## ૬૩

Shri Friday Eve.

(૪ જુલાઈ, ૧૯૨૫)

Dear Modi,

Have come to Mortakka. Will write in detail within a week. All happy & gay. Headache all gone. Do send Rs. 10/- ten only-by m.o. as carly as possible. Mahatma orders to stay for three years more in Sadhana at Ahmedabad or Godhra. Re. to Bhai Keshavlal.

P. V. Valame

Address
C/o Paramhamsajiki Gufa
Mortakka Zilla Nimar
Central Province

## ૬૪

Shri Thursday

(૧૧ જુલાઈ, '૨૫)

Dear Ambalal,

Mahatma not likely to return soon. Sends word to return to Ahmedabad or Godhra. Wonderful dream. Starting tomorrow morning to see Bhagwan. Will reach Dohad at 1-25 Saturday noon. Will stop at Bhil Office. Send my dhoti with Vaidya. Journey full of experiences. Will write in detail from Baroda.

P. V. Valame

## ૬૫

Shri Friday morn.

(૧૧ જુલાઈ ૧૯૨૫)

Dear Modi,

Starting for Baroda this noon. M.O. just to hand. Visited several places & men. May go to Ratanlal. All healthy & cheerful. Will write in detail after seeing Bhagwan till Tuesday next. All corrospondence to be directed to the following address :-

Your most sincerely
**P. V. Valame**
C/o Vishvanath Sakharam esq.
Vithal Mandir, Godhra.

## ૬૬

શ્રી C/o માધવવિજય સં. પાઠશાળા
રણાપુર (નર્મદા તટ)
પો. સીનોર, વાયા મીયાગામ
(૨૪ જુલાઈ, ૧૯૨૫)

ભાઈ અંબાલાલ,

દિલગીર છું કે પરબીડીયું ન હોવાથી લાંબો પત્ર લખી શકતો નથી અને હવેથી તો સાદા પત્ર માટે પણ "Reply card' મોકલશો તો જ જવાબ મળી શકશે, કેમકે મેં તદ્દન નિષ્કાંચન સ્થિતિમાં રહેવાનો નિશ્ચય કર્યો છે.

સાંઈખેડામાં ખૂબ મેળો ભરાય છે, પણ કોઈને પણ આધ્યાત્મિક પ્રેરણા મળી શકતી હોય એમ નથી લાગતું. મને તો બધો પ્રકાર જોઈ ધૃણા જ ઉપજી. રતનલાલના મહાત્માજી દેવાસથી મુંબઈ જવાના હતા. મેં પત્ર લખી પૂછાવેલું પણ પાછા વળવાની આજ્ઞા થઈ. રહીને ફાયદો પણ ન થાત. એટલે ભગવાનને મળવા વડોદરે નીકળ્યો.

તમે દૂરદેશીપણું વાપરી ઝાલોદથી દાહોદની ટિકિટ ન કાઢી આપી હોત તો ગાડરવાડા સુધી પણ ન પહોંચી શકાત. ગાડરવાડાથી સાંઈખેડા સોએક માઈલ છે. મોટર જાય છે પણ પાસે પૈસા ન હોવાથી પગે જ રપેટ કરી આવ્યો. હર્દામાં એક સારા મહાત્માની મુલાકાત થઈ. પાછા આવવા પૈસા ન હતા. સાંઈખેડાના મહાત્મા જેને જે માગે તે આપે છે. ચમત્કારથી નહિ પણ કોઈને કહીને. પણ યાચના કેમ કરાય ? પાસે ઘડિયાળ હતું, એક શીખ સાથે હતો. તેને કહ્યું કે મોરટકકા જવું છે; ત્યાં સુધીનું ભાડું નથી- ઘડિયાળ રાખી થોડા પૈસા આપીશ ? 'કેટલા ?' મેં કહ્યું કે મેં ઘડિયાળના રૂા. ૨૦-૮-૦ ખરચ્યા છે. પણ તું જે આપું તે મારે કબૂલ છે. શીખે આઠ રૂપિયા આપ્યા. મોરટકકા મોદીને લખી રૂા. ૧૦/-નો M.O. મંગાવી વડોદરે

આવ્યો. ભગવાને કહ્યું કે તમને મારે કંઈ જ કહેવાનું નથી. માત્ર તમે એકાંતનું સેવન કરો ને જે સ્થિતિમાં બે ત્રણ કલાક રહી શકો છો તે જ સ્થિતિમાં ચોવીસે કલાક રહેવાનો અભ્યાસ કરો. ખૂબ આનંદથી ત્રણેક કલાક વાતો કરી. તેમને મળવાની પ્રેરણા મોર ટક્કે થએલી. વડોદરે એક બીજા ઘણા જ ઉચ્ચ કોટીના મહાત્માને મળ્યો. ભગવાનની સલાહ પ્રમાણે તદ્દન અયાચિતવૃત્તિથી રહેવાનું નક્કી કર્યું છે. અહીંથી દસેક માઈલ દૂર રતનલાલે એક સ્થાન જોયું છે ત્યાં ન બને તો ત્રણ ઋતુ માટે ત્રણ સ્થાન નક્કી કરી રહેવું. પંદર દિવસ ઘેર ને આઠેક ભગવાનના સમાગમમાં. બાકીનો સમય એકાંતમાં. પત્ર રતનલાલના નામ પર આવું X ચિહ્ન કરી મોકલશો. ઘેર પત્ર લખ્યો છે.

પાંડુરંગ

## ૬૭

શ્રી C/o માધવવિજય સં. પાઠશાળા
રણાપુર (નર્મદા તટ)
પો. સીનોર વાયા મીયાગામ

ભાઈ મોદી,

મારા બંને પત્રોથી તમને નિરાશા જ ઉપજી હશે. પણ હું શું કરું ? અહીંયાં પરબીડીયાંનો દુકાળ છે એટલે લાંબો કાગળ લખી શક્તો નથી. ખૂબ ફરી આવ્યો. વ્યાસે તમને કંઈક લખ્યું જ હશે. એમને પણ લાંબો પત્ર લખવાનું વચન આપ્યા છતાં હજી લખી શક્યો નથી. હવેથી તો સાદા પત્ર માટે પણ જોડીયું કાર્ડ મોકલશો તો જ જવાબ લખી શકાશે, કારણ કે મેં સાવ નિષ્કાંચન સ્થિતિમાં રહેવાનું નક્કી કર્યું છે. આઠેક દિવસ પર ભગવાનને મળવા વડોદરે ગએલો. ભગવાન સાથે આ મારી ત્રીજી મુલાકાત. પહેલી બે મુલાકાતોમાં નહિ જેવું જ સંભાષણ થએલું. પણ મારી ગેરહાજરીમાં મારે વિષે તેઓ ભાવથી પૂછપરછ કરતા–મળવા આવેલા કોઈ આદમી માટે તેઓ પછીથી ભાગ્યે જ પૂછપરછ કરે છે. આ વખતે અમે ખૂબ વાતો કરી. તેમણે મને જોતાં જ કહ્યું કે 'તમે આવ્યા તે સારું થયું. ચારેક દિવસ પર બાબુ (મારો એક મિત્ર, જે એમનો શિષ્ય છે) આવ્યો હતો તેને મેં તમારે વિષે પૂછેલું. 'તમે જે સ્થિતિમાં બે ત્રણ કલાક રહી શકો છો તેજ સ્થિતિમાં ચોવીસે કલાક રહેવાનો અભ્યાસ કરો. તમે પકડેલો માર્ગ બરાબર છે.' અમે એકબીજા સાથે ખૂબ ચર્ચા કરી. તેમણે હું જાણું છું તે અનુભવસિદ્ધ છે કે કેવળ વાક્‌સિદ્ધ જ તેની ખાતરી કરી જોઈ. બધી વાત રૂબરૂમાં. તેમને મળવાની પ્રેરણા તો બે–ચાર વાર થએલી પણ આજ સુધી આવો પ્રસંગ ન હતો મળ્યો. તેમની સલાહ પ્રમાણે મેં કેવળ અયાચિતવૃત્તિથી રહેવાનું નક્કી કર્યું છે. રતનલાલે અહીંથી દસેક માઈલ દૂર એક સ્થાન જોયું છે તે જોયા પછી કાયમનો સ્થાનનિશ્ચય થશે. હર્દાના એક પરમહંસનો પણ અનુગ્રહ મેળવ્યો. મોરટક્કા ગુરુપૂર્ણિમાને દિવસે સ્વપ્ન થએલું તેમાં પણ આજ આદેશ. મુસાફરીમાં ચારેક સારા

સંતોનો સમાગમ કર્યો. જો રતનલાલે જોયેલા સ્થાનમાં રહેવાનું ન બની શકે તો ત્રણ ઋતુ માટે ત્રણ સ્થાનો નક્કી કરવાં. વરસમાં પંદરેક દિવસ માતૃસેવામાં, આઠેક દિવસ ભગવાનના સમાગમમાં અને બાકીનો વખત એકાંતમાં. હાલ એજ. પત્ર રતનલાલના નામ પર આવું X ચિહ્ન કરીને મોકલશો.

પાંડુરંગના પ્રણામ

## ૬૮

શ્રી રણાપુર બુધવાર સવાર

(૪ સપ્ટેમ્બર ૧૯૨૫)

ભાઈ મોદી,

તમારો પત્ર મળ્યો. ખૂબ મઝામાં છું. રતનલાલના ભાઈને પહોંચાડવા માટે મેં આવતી વખતે બે ત્રણ નોટો પરસોત્તમને આપેલી, પણ હજી સુધી એણે એ પહોંચાડી નથી ! ગઈ કાલે રતનલાલના ભાઈનો એ વિષે પત્ર હતો. માટે તમે આ પત્ર દેખતાં જ પરસોત્તમને એ પહોંચાડી દેવા અને તેમ કર્યાનું તમને લખી દેવા પત્ર લખશો. એ તો રતનલાલભાઈનું કામ છે એટલે ઠીક; પણ બીજાનું હોય તો શું થાય ?

અમદાવાદ છોડ્યા પછી મેં ઝાલોદથી બે, ગોધરેથી એક, અને રણાપુરથી બે, એમ પાંચ પત્રો ઘેર લખ્યા છે અને વડોદરેથી નવાથે માસ્તર સાથે ક્ષેમકુશળતાનો સંદેશો પણ મોકલાવેલો. એટલે મારી ટપાલનું સરનામું ભાઈને ખબર ન હોય એ તદ્દન અસંભવિત છે. હા, મારું નિવાસસ્થાન એ ન જાણતો હોય એ બને. પણ એને એ જણાવવાની જરૂર પણ નથી. તમારી તરફથી મારી કુશળતા વગર બીજું કશુંયે એ–અથવા તો બીજો કોઈ પણ ન જાણે એની ખાસ સાવધાની રાખવી.

બીજું, 'પુરાણિક પરચુરે આણી મંડળી, કાલબાદેવી રોડ, અથવા તો બીજા કોઈ મરાઠી પુસ્તકો વેચનારને ત્યાં વાક્યવૃત્તિ નામનો મરાઠી ઓવીબદ્ધ ગ્રંથ મળે છે કે કેમ તેની તપાસ કરી વી.પી.થી મોકલાવી આપશો. પૈસા અહીં ભરી દઈ વી.પી. છોડાવી લઈશું. ગ્રંથ સ્થૂલ અને સૂક્ષ્મ બંને ટાઈપમાં મળે છે. આપણે માટે સૂક્ષ્મ ટાઈપનો ચાલશે. પાનાં બરાબર મેળવી જોશો. ગ્રંથકારનું નામ ઘણેભાગે હંસરાજ છે, પત્ર ઉતાવળમાં લખી રહ્યો છું. બિલકુલ વખત નથી. હાલ એજ.

લિ. પાંડુરંગ

## ૬૯

શ્રી રણાપુર, શનિવાર તા. ૫
(૭-૯-૧૯૨૫)

ભાઈ અંબાલાલ,

તમારો રતનલાલ ઉપર લખેલો પત્ર વાંચ્યો. હું ખાનદેશથી તમને લખ્યા પ્રમાણે આઠદશ દિવસમાં જ પાછો આવી ગએલો. પણ રતનલાલના પ્રમાદને લીધે આજ સુધી પત્ર લખવાનું બની શક્યું નહિ.

મારે માટે પસંદ કરેલું સ્થાન કોરલથી આ તરફ ચારેક માઈલ છે. પણ ત્યાં માર્ગશીર્ષ પહેલાં ભાગ્યે જ જવાય, કારણ કે વહેમી લોકો સાથે કામ લેવાનું છે. અહીં પણ તદ્દન એકાંતમાં જ રહું છું. રાત્રે એકાદ કલાક પાઠશાળાના સાધુઓ આગળ નારદભક્તિસૂત્રો ઉપર પ્રવચન કરું છું, કવચિત્ સ્તોત્રો શીખવું છું. એ વગર બાકીનો લગભગ બધોએ વખત આત્મચિંતનમાં જ જાય છે. પણ નવા સ્થાનની બલિહારી કંઈ ઓર છે. આસપાસ દોઢ દોઢ માઈલ સુધી કોઈ ગામ નથી એટલે હું ને મારો રામ બેની ગોઠડી ઠીક જામશે. સ્થાનથી દોઢેક માઈલ દૂર માલોદ★ નામનું સ્ટેશન છે.

મોદી લખે છે કે ભાઈ અમદાવાદ છોડી ગોધરે આવ્યો છે. એટલે શરદ પૂનમ પછી બાને મળવા ગોધરે કદાચ જવાનું થાય. પણ ત્યાં આઠ દિવસથી વધારે ભાગ્યે જ રહું. ત્યાં સુધી અહીંયાં જ છું. કારતક મહિનો ક્યાં જશે તે નિશ્ચિત નથી. કદાચ સિદ્ધપુર જાઉં. ત્યાંથી સ્થાન તૈયાર થયે પાછો નર્મદા. મને મળવા આવવાની ખાસ જરૂ નથી. હું ખૂબ મઝામાં છું અને અનેક અનુભવો લઈ રહ્યો છું.

બીજું, મને 'પ્રજામત' મોકલવાની જરૂર નથી. તમારા પર આવે જ તો તમે તેના વ્યવસ્થાપકને લખી જણાવશો કે હું ઝાલોદ નથી એટલે નાહક મોકલવાની તસ્દી લેવી નહિ. હું વાંચતોયે નથી અને એમાં વાંચવા જેવું કશું હોતુંયે નથી. હાલ એજ.

લિ. સ્નેહાધીન
**પાંડુરંગ**

## ૭૦

શ્રી ગોધરા ગુરુવાર સાંજ
(૧૩-૧૧-૧૯૨૫)

ભાઈ મોદી,

તમારા બંને પત્રો મળ્યા છે. હું અહીં ક્યાં સુધી રહીશ તે નક્કી નથી. છતાં સોમવાર સુધી બહાર નહિ જઉં એમ લાગે છે. ત્યાર પછી કુટી તૈયાર કરાવવા માટે નર્મદા કિનારે જઈશ.

★ હાલનું નારેશ્વર રોડ,

દત્તજયંતિ સુધી કુટીયામાં મુકામ થશે એમ આજની પરિસ્થિતિ ઉપરથી લાગે છે. કારતકમાં મકાન ન બાંધવું એવું એક સાંસારિક શાસ્ત્ર નીકળવાથી કારતક અહીંતહીં ફરવામાં ગાળવો પડ્યો છે. છતાં કાલનું ભવિષ્ય કોણ જાણે છે ? જો સમાગમ માટે આવવું હોય તો નર્મદાની મઢુલીએ આવવું જ ઠીક પડશે. માત્ર ખાલી મળવા આવવું હોય તો સોમવાર સુધી અહીં ભલે આવો. કેશવલાલને મળવાનું તમે અમદાવાદ જ લખ્યું હોત તો કદાચ વડોદરે જતાં મળી શકાય પણ અહીંથી જવું મુશ્કેલ છે. છતાં એવી જ તબિયત હોય તો લખશો. એટલે જોઈશ. નારાયણની આંખો દુ:ખતી હતી તે કેમ છે તે લખશો.

લિ. **પાંડુરંગ**

## ૭૧

શ્રી                                         અમદાવાદ કા.શુ. ૮
(૨૫-૧૧-૨૫)

ભાઈ મોદી,

તમારો એક કાગળ ગોધરે મળેલો. ગોધરાની યાત્રા પૂરી કરી, છએક દિવસથી હું અહીંયાં આવ્યો છું. મુકામ કાંકરીયે છે. હજી પાંચ-છ દિવસ રહેવાનું થશે. ગોધરે એકાદ કલાક વ્યાસની મુલાકાત થઈ હતી.

ઈશ્વર દયાળુ છે. સાચા મુમુક્ષુને તે મોક્ષનાં સર્વ સાધનોની જોગવાઈ કરી આપે છે. નર્મદાથી ગોધરે જતાં વાટમાં ૩-૪ કલાક વડોદરે રોકાયેલો. ત્યાં ઓચિંતો એક માણસ મળી ગયો. તેનું ઘર જોવા ગયો તો ત્યાંથી વાક્યવૃત્તિ મળી આવી. એણે થઈને થોડા દિવસ વાંચવા માટે આપી છે, પણ ગ્રંથની તપાસ તો તમારે કરવાની જ રહી. કારણ કે મારે એ પાસે રાખવો છે. એક ઝીણા ટાઈપની આવૃત્તિ પૂના ઈન્દિરા-પ્રેસ તરફથી ૧૯૧૪માં પ્રગટ થઈ છે. તેની કિંમત બે રૂા. છે. બીજી એક મોટા ટાઈપની બેળગાંવમાં 'રામતત્ત્વપ્રકાશ પ્રિ. પ્રેસ' દ્વારા પ્રસિદ્ધ થઈ છે. એની કિંમત રૂા. ૫/- છે. ગ્રંથ છપાઈ ગયે ઘણાં વરસ થઈ ગયાં, એટલે ખૂબ તપાસ કર્યા વગર હાથ નહિ લાગે. પણ એટલી તસદી તમારે મારે માટે લેવી જ જોઈશે....

કેશવલાલની તબિયત વારંવાર બીમાર હોવાનું કારણ શું ? ધારું છું હવે ઠીક હશે.

મને કાગળ લખવાની ફુરસદ નથી હોતી અને લખી શકું એવી મન:સ્થિતિ પણ અત્યારે નથી, એટલે મહિનામાં એકાદ કાગળથી વધારે આશા ન રાખવી, અને લંબાણથી કાગળ તો ભાગ્યે જ બેચાર મહિને લખાય. હાલ એજ...

લિ. સ્નેહાધીન **પાંડુરંગ**ના પ્રણામ

સરનામું : C/o. પરસોત્તમ ગોરધનદાસ શેઠ,
પખાલીની પોળ સામે, હનુમાન આગળ
રાયપુર, અમદાવાદ.

૭૨

શ્રી　　　　　　　　　　　　　　અમદાવાદ

ગુરુવાર સ્હવાર (૧૯૨૪/૧૯૨૫)

ભાઈ અંબાલાલ,

ખૂબ મઝામાં છું. થોડા દિવસથી કાંકરીયાની ગુફામાં રહેવા ગયો છું. શરૂઆતમાં થોડા દિવસ જમવા ઘેર આવતો પણ ચાર પાંચ દિવસમાં જ દત્ત મહારાજે એક હરિના લાલને પ્રેરણા કરી અને તેણે ખૂબ આગ્રહપૂર્વક આંખમાં પ્રેમાશ્રુ આણીને – મને પોતાને ત્યાં જમી જવાની વિનંતી કરી. આ ભાઈનો મુકામ ગુફાથી પાંચેક મિનિટના રસ્તા પર જ છે. બધું કુટુંબ – સ્ત્રીઓ છોકરાં સુદ્ધા – ખૂબ પ્રેમાળ અને ભાવિક છે અને મારે માટે ખૂબ શ્રમ ઉઠાવે છે. મારો અને એમનો પૂર્વ પરિચય બે ત્રણ પ્રસંગે – ગુફાએ જવા લાગ્યા પછી જ પાંચ સાત મિનિટ વાતચીતનો જ. બધી ઈશ્વરની લીલા છે ! બાકી ઈશ્વરના દરબારમાં આપણો શો હિસાબ ? પણ ના. એની સભામાં તો કીડી-મંકોડીનો પણ હિસાબ છે.

નોકરી છોડીને રામ ભરોસે ઘેર બેઠો પણ કશાની તંગી નથી. શરૂઆતમાં થોડા દિવસ સ્થિતિ ખૂબ આકરી બનેલી. ફેબ્રુઆરીનો ચઢેલો પગાર પણ નહોતો આવ્યો અને ઘરમાં બાની તબિયત અત્યંત બગડી ગઈ હતી. ઉધરસ, કફ, અને તાવ ત્રણેએ એકી સાથે જોરથી હુમલો કર્યો હતો. પણ ઈશ્વરે મહેર કરી અને થોડા દિવસમાં જ બધાં વાદળ દૂર થઈ ગયાં. ફેબ્રુઆરીનો પગાર આવ્યો, ૭૦-૭૫ રૂ. નાં પુસ્તકો ગયાં. – જોકે શાળાઓ લગભગ બધીયે ફેરવાઈ ગઈ છે – અને પૈસાની અડચણ તુરતમાં દૂર થઈ. એક જણે વાતવાતમાં છ ગોળીઓ આપી ને બાને પણ એકદમ આરામ થઈ ગયો.

ભર્તૃહરિનાં શતકોમાંથી કાકાસાહેબે ૧૦૮ શ્લોક ચૂંટી કાઢીને વિદ્યાર્થીઓને ઉપયોગી એક 'સદ્‌બોધશતક' તૈયાર કર્યું છે અને તેના પર અમુક દષ્ટિએ એક સુબોધ સંસ્કૃત ટીકા લખવાનું મને સોંપ્યું છે. પંદરેક દિવસ ઉપર મેં લખેલી થોડીક ટીકા લઈ તેમને બતાવવા માટે ગયો હતો. મારી ટીકાથી તેઓ ખૂબ પ્રસન્ન થયા. મને ફરીથી પણ વર્ધા અથવા તો અહીંના આશ્રમમાં રહેવાનો ખૂબ આગ્રહ કર્યો. પૂર્ણ એકાંત તથા જોઈએ તેટલાં સંસ્કૃત પુસ્તકો વગેરે સર્વ સવડ કરી આપવાની ખાતરી આપી. ભણાવવાનું પણ બેએક કલાક જ. બાકીનો વખત લખવા વાંચવામાં ગાળવાનો. પણ પરમાત્માએ એક વાર તો બંધનમાંથી મુક્ત કર્યો તેમાં ફરીથી પડવાનું મન નથી થતું. બેડી તે બેડી પછી તે સોનાની હોય કે સૂતરની. એટલે તુરતમાં તો પછીથી વિચાર કરીને જવાબ આપીશ એમ કહીને નાસી છૂટ્યો; અને એક વાર છૂટ્યો તે પાછો હાથમાં આવે જ શાનો ?

એક વિચાર નર્મદા પ્રદક્ષિણાનો છે. પણ એ સારો સાથી મળ્યા ઉપર આધાર રાખે છે. બીજો વિચાર નર્મદાકિનારે કોઈ એકાંત સ્થળે ઝૂંપડી બાંધી રહેવું એવો છે, પણ ત્યાં ઘરનાં માણસો અને બીજા ઓળખીતાઓ મને ઠરીને બેસવા દેશે કે કેમ એ પ્રશ્ન છે. એક વિચાર ચાર

છ મહિના કેનરી કેવ્ઝમાં ગાળવા એવો છે, પણ એમાં મોદી પર નાહક ભાર નાખવા જેવું છે. વળી એ મને પચાવી શકશે કે નહિ એ પણ એક પ્રશ્ન છે. મહાત્મા બનાવી ટોળાં લઈ દર્શન માટે સંઘ કાઢે તો મૂવા પડ્યા ! એટલે છેવટનો વિચાર હિમાલય તરફ જવાનો થાય છે. એકાંતમાં રહી થોડીક ઉપાસના કરવી એવો વિચાર છે. દિવસે દિવસે વધારેને વધારે ખાતરી થતી જાય છે અને પરચો પણ આવતો જાય છે કે ઉપાસનાની પરિપકવતા વગર અંતર્દ્વાર ખુલ્લાં થવાનો લેશ પણ સંભવ નથી. સ્વામી ચંદ્રશેખરની, મારે કાશી જઈને થોડોક સમય અભ્યાસ કરવો એવી સલાહ છે. પણ હજીએ પુસ્તકોના કૂચા ક્યાં સુધી ચાવવા ? વળી મારે જોઈએ છે તે પ્રકારનું નૂર મને શાસ્ત્રીઓ દ્વારા મળી શકશે કે કેમ એની શંકા છે. કદાચ તેઓ વિસ્મય પમાડે પણ હૃદયની શાન્તિ નહિ આપી શકે. તેને માટે તો तद्विद्धि प्रणिपातेन... કર્યે જ છૂટકો અને તે પણ 'श्रोत्रियं ब्रह्मनिष्ठं' પાસે. માટે શુષ્ક શાસ્ત્રાધ્યયન માટે હું કાશી તો નહિ જ જાઉં. જ્યાં શંકા પડશે ત્યાં તેનો ખુલાસો કરનાર પણ પ્રભુ મોકલી આપશે એવી શ્રદ્ધાથી એકાન્તમાં સાધના કર્યા કરવી એ જ ઉત્તમ પક્ષ છે. મેં ચંદ્રશેખરને આ વાત સમજાવી ત્યારે તેમણે પણ મારી વાતની સત્યતા સ્વીકારી તેને અનુમોદન આપ્યું.

માટે ઈશ્વરઈચ્છા હશે તો જાય છે – આ દાઢીવાળો કાયમને માટે પ્રયાણ કરે છે. વહેલામાં વહેલા વૈ.સુ.૫ (શાંકરજયંતી) અને મોડામાં મોડા ગુરુપૂર્ણિમા અ.શુ. ૧૫ પહેલાં. જતાં પહેલાં તમને અને મોદીને મળી લેવાની ઈચ્છા હતી પણ એથી નાહક ઊહાપોહ વધી પડવાનો સંભવ છે, માટે એ લાલચ દબાવી દેવી જ ઠીક છે.

ઉપનિષદો મોકલાવી દીધાં છે. માસ્તરનો છોકરો પરીક્ષા આપવા આવેલો તે લઈ ગયો છે. તમારો રામતીર્થ ગ્રં. ૧ પ્રાણશંકરકાકા જોડે ગોધરે મોકલાવ્યો છે. બીજો ગ્રંથ અને વિવેકાનંદ (અંગ્રેજી) મારી પાસે છે તે મોકલાવી દઈશ. બીજું કંઈ પુસ્તક હોય તો લખી જણાવશો. તમારો એક વૉલસીટ પણ પાસે છે, તે પણ મોકલાવવાની વ્યવસ્થા કરીશ. કામળાના રૂા. ૧૪ થોડા દિવસમાં મ.ઓ.થી મોકલાવીશ અથવા ગોધરા તમારા મામાને મળે એવી વ્યવસ્થા કરીશ.

પત્ર તદ્દન ખાનગી જાણ માટે જ લખ્યો છે. એ એક Sacred Trust છે. એનું બાહ્યોદ્ઘાટન પ્રાણાન્તે પણ ન થવું જોઈએ. જેવી રીતે કોઈ કુલીન સ્ત્રી ઊંઘમાં પણ પોતાનાં અંગ ઢાંકવાનો સાવધાનીથી પ્રયત્ન કરે છે તેવી જ રીતે તમારે મારો સર્વ સંબંધ ગુપ્ત રાખવો ઘટે.

ગી.ભા. સુધારી નાખી છે. ૧૯૨૭ થી Medium ગુજરાતી થવાનું યુનિવર્સિટીએ નક્કી કર્યું છે. એની બીજી આવૃત્તિ નીકળી ત્યાર પહેલાં મંજુર થઈ જાય તો સંસ્કૃત ભાષાની અભિરુચિ પેદા કરવામાં એ ઠીક ફાળો આપશે. સરકારની છાપ વગર સરકારી શાળાઓ એને અડકતાં ડરે છે. શાળાના શિક્ષકો એનો ઉપયોગ કરી એમાંથી "notes" તૈયાર કરી પોતાની માહિતી તરીકે એને વિદ્યાર્થીઓ આગળ ધરવામાં આંચકો નથી ખાતા પણ ભલામણ સરખી કરવાની કોઈ

વાત કરે તો સરકાર તરફ આંગળી બતાવે છે. હશે. ઉપનિષદોની વાતો કાકા સાહેબ 'નવજીવન' તરફથી છપાવવાનું કરે છે. મેં હજી એમને ચોક્કસ જવાબ નથી આપ્યો. પુસ્તકોનો જતાં પહેલાં કંઈક ચોક્કસ વિચાર કરી નાખવો જોઈએ કે જેથી મને એનો વિચાર સરખો ન આવે. નીચે ટીકામાંથી કેટલોક પ્રાસ્તાવિક ભાગ તમારી જાણ માટે લખી મોકલું છું. બધું છપાઈને તૈયાર થશે ત્યાર પહેલાં તો હું કોણ જાણે ક્યાં હોઈશ. પણ તમે એનો યોગ્ય ઉપયોગ કરી શકશો. 'બુદ્ધસંઘનો પરિચય' અને 'ટોલ્સટોય અને શિક્ષણ' તૈયાર થઈ ગયાં છે. બંધાય છે. મને નકલ-વગર માગ્યે-મળશે તો મોકલાવીશ. હાલ એ જ ઉડઝુડ લખ્યું છે. ગોઠવીને વાંચશો.

લિ. સ્નેહાંકિત **પાંડુરંગ**ના પ્રણામ

**(વિઘ્નામ્બુધિઘસ્રેશં વન્દે થી શરૂ થતી સદ્દબોધશતકની ટીકાની પ્રસ્તાવનાનો અંશ છે)**

**પછી પત્ર લખો તો બીડેલો લખશો**

**-પાંડુરંગ**

(નારેશ્વર માહાત્મ્યની પ્રસ્તાવના લખ્યા બાદ)

દુર્ગધપૂરકમ્ એ રૂપ જ બરાબર છે, માટે તમે ફેરફાર કરજો. શ્લોક ૩૧માં આપો नारा इति प्रोक्तस्तत्र मम्न... એમ સુધારો કરજો, બધું ફરીથી જોઈ જવા મને વખત નથી, માટે જોઈને કંઈ ભૂલ રહી ગઈ હોય તો સુધારી લેજો. पुरारि ના અર્થમાં તો હું છેતરાયો જ ! पुरंदरનો અર્થ ઈન્દ્ર ને શંકર બંને થાય છે. હું એની Analogy પર ગયો. પણ એ બરાબર નથી. पुरारिનો અર્થ મહાદેવ જ થાય છે. માટે તેમ ફેરફાર કરજો. નીચે એકાદ લીટીમાં ગણપતિની અગ્રપૂજા પર નોંધ આપજો. પહેલું પ્રુફ ભીખાભાઈ ભલે તપાસે, પણ બીજાં બે તો તમે જાતે જ તપાસજો. એક પણ ભૂલ ન રહેવા પામે તેની ખાસ કાળજી રાખજો. નારેશ્વર સ્તોત્રનું ભાષાંતર કરી મોકલું છે. તમારું ને એ મેળવી યોગ્ય સુધારો કરજો.

(નારેશ્વરસ્તોત્રનું ભાષાંતર)

## ૭૩

દત્તકુટીર-નારેશ્વર

(ફાગણ) વ.૫. વાર રવિ (૧૫-૩-૨૬)

ભાઈ અંબાલાલ,

તમારો પત્ર મળ્યો. તમારા પત્રથી મને આઘાત તો જરાયે નથી પહોંચ્યો પણ આશ્ચર્ય તો ખૂબ જ થયેલું, અને હરિપ્રસાદની માફક એક પત્રમાં પચીસ વાર ક્ષમા માગતા જોઈ આ પત્રથી એ આશ્ચર્ય બમણું થયું છે. હરિપ્રસાદ આવીને આ જ ગુરુમંત્ર આપી ગયા કે શું ? તમે લોકોએ આ મારી શી મશ્કરી કરવા માંડી છે ? લાજ ઢાંકવા માટે બે વેંત લંગોટી પણ જેને

★ આ પત્ર નારેશ્વર આવ્યા બાદ લખાયો છે પણ પહેલાં લખી રાખેલો પત્ર પણ એમાં બીડ્યો હોય તેમ લાગે છે. સં.

બીજાની પાસેથી ફાડી લેવી પડે તેવા ભિક્ષુક-શિરોમણિ પાસે ક્ષમા (પૃથ્વી) દાનની માગણી ! ક્ષમા (પૃથ્વી) દાન તો બલિરાજા જેવો દાની હોય કે પરશુરામ જેવો બળિયો હોય તે જ કરી શકે. હું કંગાલ પાસે તો તસુ ભોંય પણ નથી તો આખી પૃથ્વીની ક્યાં વાત ! પણ હાં, એક રીતે હું પૃથ્વીપતિ જરૂર છું. માત્ર સમાસ ફેર છે એટલું જ !!

તમારી ફરિયાદ નકામી છે. હજી હું મૌન લઈને બુદ્ધ થઈ નથી બેઠો. દત્ત ભગવાનનો દરબાર બધાને માટે ખુલ્લો છે ને આ દત્તસેવક દરેકની સેવા કરવા તૈયાર છે. જ્ઞાનચર્ચા જેવો બીજો નિર્દોષ આનંદ ક્યો છે ? પણ લોકોને મારી જ્ઞાનગોષ્ઠિ નથી જોઈતી. તેઓ તો મારી કહેવાતી સિદ્ધિથી પોતાના ઘરનાં નળિયાં સોનાનાં થાય, ને પોતે ઝેર ખાવાનું ચાલુ રાખે તો પણ મારા આશીર્વાદ માત્રથી અમર થાય, એ હેતુથી મારી તરફ કોક વાર દોડી આવે છે ! ને હું પોતાની અશક્તિ જાહેર કરું છું. એટલે 'મહારાજ જાણે છે બધું પણ કોઈને કંઈ કરી આપતા નથી.' એમ કહી મ્હોં મરડે છે. કોઈ મારો સાચો લાભ ન લે તેમાં મારો દોષ નથી.

સાથે કેટલાંક સ્તોત્રો મોકલું છું. ખૂબ ધ્યાનપૂર્વક વાંચજો. કોકવાર ચર્ચા કરીશું. છેલ્લું સ્તોત્ર મોદીને પણ મોકલાવ્યું છે. બાકીનાં લખી મોકલવાની વેઠ તમને વળગાડવાનું ઉચિત ધારું છું. નારેશ્વરમાહાત્મ્ય પણ લખી કાઢ્યું છે. ગુજરાતી કરીને મોકલાવી આપીશ. લોકોને (સાયરના) એ છપાવવું છે. નારેશ્વરસ્તોત્રનું ગુજરાતી ભાષાંતર તમે ન કરી મોકલો ? ત્રિપુરદાહ વગેરે જેવા શબ્દો પર નીચે ટૂંક-નોંધ જોઈએ.

નીચેનાં બે સ્તોત્રો ગઈ સાલની ગંભીર માંદગીમાં એક દિવસ ગભરામણમાંથી થોડી શાંતિ વળતાં રાતે લગભગ બે વાગ્યે સ્ફુરેલાં, તમને મોકલ્યાં નથી ધારી લખી મોકલું છું.

ॐ श्री दत्तः प्रसन्नोऽस्तु ।

मूर्खोऽहं मूर्खराजोऽहं मूर्खाणां च शिरोमणिः ।

ज्ञात्वाप्येव भजन्ते मां तेऽपि मूर्खा न संशयः ॥१॥

(૧ દત્તાષ્ટક (ઢુંઢત દેખા જગતમેં વગેરે) ૨. અથ દત્તશરણાષ્ટકમ્ (ત્યજ સંસારં વગેરે) ૩. શ્રીદત્તપ્રાર્થના દ્વાદશકમ્ (દત્તં ત્વયા...વગેરે) ૪. દત્તપ્રાતઃસ્મરણમ્ (પ્રાતર્નમામિ..વગેરે) ૫. નારેશ્વરસ્તોત્રમ્ (જગત્રસ્તે દૃષ્ટ્વા વગેરે) લખ્યા પછી) ચૈ.શુ. ૧૧ વાર શુક્ર

બપોરે તાપ અનહદ પડે છે. કુટિમાં ટકાતું નથી. મહાદેવનું શરણ લઉં છું; પણ ત્યાંએ પરસેવાના રેલા ચાલે છે. પાસે ગોળ નથી. ગોળના પાણીનો પ્રયોગ પણ આઠેક દિવસથી બંધ છે. મંગાવું તો મળી શકે તેમ છે. પણ હું જીભ હલાવતો નથી. સાયરના ઈનામદાર તરફથી હું જ્યારે જે ચીજ મંગાવુંતે બારોબાર મોદીખાનેથી મોકલી દેવાની વ્યવસ્થા થઈ છે અને લોકો તો એટલે સુધી ઈચ્છે છે કે હું જોઈએ તો એક પણ માટલું પાસે ન રાખું અને રોજનું સીધું રોજ - જેટલી મૂર્તિ ખાનાર હોય તે બધાનું કુંભારને કહી દૂધની સાથે મેળવી લઉં. અહીંથી થોડે દૂર હિરજીપુરા કરીને એક ગામ છે ત્યાંના એક માણસે પણ સાયરના એક માણસને ૨૫/- રૂા. આપી મૂકયા છે ને મારે માટે જોઈતું સીધું મોકલાવવાની વ્યવસ્થા કરવાની કહી છે. પણ હું તો

'एकभिक्षा न कर्तव्या वसिष्ठसदनादपि । माधूकरं प्रकर्तव्यं चण्डाल (अलं अत्यन्तं चण्डः चण्डालः) सदनादपि ॥ એ યતિનિયમને વળગી રહેવાનો નિશ્ચય કરી બેઠો છું, અને હજી સુધી એક પણ ચીજ મંગાવી નથી. ભગવાન મારો ટેક કાયમ નહિ રાખે ? લાજ એને હાથ છે. એક વાર તો એકલી દાળ પીને ચલાવી લીધેલું, પણ બીજે જ દિવસે લીલોડની પાસેના ગામ કાણામાંથી લોટ ને ઘી આવી પહોંચ્યું ને મારી નિષ્કિંચનતા કોઈની નજરે ન પડી.

ઘનશ્યામદાસને પાંખો ફુટી છે તે આજે સહવારે એ નાસી છૂટ્યો છે. ખરી બાદશાહી હવે જ અનુભવવાની છે. પહેલા ત્રણેક મહિના એકલાએ ગાળેલા, પણ ત્યારે ખાવાનું ગામમાંથી તૈયાર આવતું. એટલે પીવાના પાણી વગર બીજો શ્રમ ન હતો. હવે પણ મંગાવું તો આવી શકે તેમ છે. સાયરના લોકો એ ભાર માથે લેવા તૈયાર છે. રતનલાલ તો અહીં આવીને પણ કરી આપવાને કબુલ છે. પણ અનેક દૃષ્ટિએ વિચાર કરી મેં એમ કરવાની ના પાડી છે. એમાં મારે હંમેશાં પરાધીન રહેવું પડશે. વળી મારે આમ બીજાના પગથી ક્યાં સુધી દોડ્યા કરવું ? મારાં હાડકાંનો મને ખ્યાલ છે. પણ આજ ૨૫-૨૭ વરસ શરીર ખૂબ હરામી થઈ ગયું છે. એ બદમાસે અનેક વાર માલિકના કાયદા તોડ્યા છે, પણ માલિકે એના પર રહેમ નજર જ રાખી છે. હવે તો એને સખ્ત મજૂરીની શિક્ષા જ થવી જોઈએ. એકલા દેશનિકાલથી એ ઠેકાણે આવે તેમ નથી.

ખરી બાદશાહીનો આજે પ્રથમ દિવસ છે. બપોરના ભોજન પછી આ પત્ર લખી રહ્યો છું. અત્યાર સુધી યુવરાજપદે હતો. હવે ખુદ બાદશાહની ગાદી પર છું. આનંદનો ઉભરો શાંત પડ્યા વગર એનું વર્ણન નહિ કરી શકાય. બનાવેલું બધું પકવાન બપોરે પૂરું થઈ ગયું. સાંજે માત્ર દૂધનું નૈવેદ્ય ધરાવવાનો વિચાર હતો, પણ અબઘડી જ ભગવાન એક નાળિયેર મોકલાવે છે. દિલગીર છું કે આનંદ લૂંટનાર-આનંદમાં ભાગ પડાવનાર કોઈ નથી. કમનસીબ દુનિયા તારા તકદીરમાં આવો આનંદ ક્યાંથી હોય ! એક, બે, ત્રણ, સાંજ પહેલાં આવવું હોય તો તે આવી જાય; નહિ તો ખેલ ખલાસ !! પછીથી ટૂકડોએ નહિ મળે!!!

રંગ બાદશાહ

## ૭૪

શ્રી　　　　પો. સુ. ૧૨ રવિવાર
(૨૮-૧૨-૧૯૨૫)

ભાઈ મોદી,

તમારો પત્ર મળ્યો. હું હજી જંગલમાં જ પડ્યો છું એટલે તુરત જવાબ આપી શક્યો નહિ. કુટીની શરૂઆત થઈ ગઈ છે. હજી તૈયાર થતાં પંદરેક દિવસ લાગશે. વાર લાગવાનું કારણ લોકોનો આ શરીર પ્રત્યે મિથ્યા મોહ જ છે. આ શરીરને કોઈ પણ જાતની તકલીફ ન પડે અને એ લાંબો વખત કુટીમાં ઠરીને રહે તે માટે ફરસબંધી પાકી કુટી તૈયાર થાય છે. મારી યોજના

---

★ મૂર્ખ હું મૂર્ખરાજ હું મુર્ખોનો જ શિરામણિ । જાણી એવું મને ભજે તે પણ મૂર્ખ ન સંશય ॥

કરતાં કંઈક મોટી પણ થશે. મેં મારા નામ પર તસુ પણ ભોંય રાખવાની ના પાડી છે એટલે ઘણું ખરું રતનલાલને નામે બધું કામ થશે. મેં જગ્યા પણ ત્રીજાની માલિકીની પસંદ કરી છે. નદી બેએક ફલાંગ દૂર છે ચોમાસામાં પાણી પાસે આવે છે પણ ઓટલે બેઠા બેઠા પ્રવાહનાં દર્શન થઈ શકે છે. ભાઠું હોવાથી ખાડાટેકરા નથી અને પાણી પણ ઊંડુ નથી. મગરનો જરાયે ડર નથી. હવા ખૂબ સુંદર છે. પાસે માઈલ દોઢ માઈલમાં ગામ નથી એટલે એકાંત પણ ઠીક જળવાય છે. પાસેના ખેતરોમાં રાતે વસ્તી હોય છે એટલે તદ્દન ઉજ્જડ પણ નથી લાગતું.

કેશવલાલની તબિયત વધારે નરમ પડતી જાય છે એ વાંચીને મને નવાઈ નથી લાગતી. હું ગોધરેથી નીકળતી વખતે બાને કહેતો જ આવ્યો હતો કે કેશવલાલ બચે એમ મને નથી લાગતું– ઈશ્વર સહાય કરે ને બચી જાય તો કોણ જાણે. નડિયાદમાં તમને પણ મેં કેસ Serious છે એમ કહીને આડકતરી ચેતવણી તો આપી જ હતી. બનતી કાળજી લેવાની સૂચના કરજો. પછી બનવા કાળ હશે તે બનશે.

તમારી ફોઈના પૈસા સંબંધમાં હું શી સલાહ આપું ? સૌથી ઉત્તમ વ્યય વિદ્યાદાન છે, બીજે નંબરે અન્નદાન. જો એમાંથી કાયમનું કંઈ કામ કરવું હોય તો કોઈ ઉત્તમ પુસ્તક છપાવો અને પૈસા વસુલ થાય કે બીજું અને જેમ બને તેમ થોડી કિંમતે લોકોને આપો. એકી સાથે વાપરી નાખવા હોય તો જુદાં જુદાં પુસ્તકો ખરીદો અને તે વાંચવાની દાનતવાળા પણ જાતે ખરીદી ન શકે એવા જ્ઞાનપિપાસુઓને ભેટ આપો. કોઈ યોગ્ય જગ્યાએ કૂવો બંધાવો, અથવા એના વ્યાજમાંથી ઉનાળામાં કોઈ જગ્યાએ પરબ બેસાડવાની અથવા ગામડાંમાં મફત દવા– સુદર્શન જેવી વહેંચવાની વ્યવસ્થા કરો. ખરેખરા ભૂખ્યાને અન્ન આપવામાં પણ એનો વિનિયોગ થઈ શકે, જો નામ કરવાની લાલસા હોય તો તો પુસ્તક કે કૂવો બેમાંથી એક યોજના ઠીક છે. પણ તમારા પત્ર પરથી મેં એવું અનુમાન કાઢ્યું કે તમારી ફોઈની ઈચ્છા એનો જેમ બને તેમ જલદી ઉપયોગ કરી નાખવાની છે. એમની મનોવૃત્તિને સંતોષ થાય એવો પણ એક ઉપયોગ મને સૂઝયો. આ સાલ અધિક માસ છે તેમાં દરરોજ કોઈ સારા ક્ષેત્રમાં રોજ જુદા જુદા - નાતજાતના ભેદ વગર - દસબાર ગરીબ મનુષ્યોને ભોજન આપો. મને લાગે છે કે એટલા રૂપિયામાં આખો મહિનો ભોજન સમારંભ થઈ શકશે. ક્ષેત્રની પસંદગી તમે કરજો. નહિ તો એ... ના અધમ બાવાઓને માલપૂવા ખવડાવવામાં વેડફાઈ જશે. કોઈ ઠેકાણે એકાદ નાની શી ધર્મશાળા બંધાવો. આ બધા પર યોગ્ય વિચાર કરી યથેચ્છસિ તથા કુરુ.

અહીં ઠંડી ખૂબ છે. પવન પણ જોસભેર ચાલે છે. તબિયત મઝામાં છે, મારી પાસે લખવાનાં સાધનો નથી અને ઠરીને લખું એવી જગ્યા પણ અત્યારે નથી એટલે જેમ આવે તેમ લખી નાખ્યું છે. તમને કહેલા પુસ્તકની તપાસ કરજો અને જયેષ્ઠારામ મુકુંદજીનું સૂચીપત્ર મળી શકે તો મોકલાવશો. એ જ,

લિ. સ્નેહાધિન **પાંડુરંગ**ના પ્રણામ

તા.ક.

નારાયણને કહેશો કે એનો લખેલો પત્ર મળ્યો છે. હું ખુશીમાં છું. જવાબ ફુરસદે લખીશ.

## ૭૫

Shri

Nareshvar
Friday Morn.
(23-1-1926)

Dear Modi,

You must already be in receipt of my first letter. I am all gay & cheerful. The kuti is yet not completely ready. Unforeseen obstacles have arisen owing to selfish private ambitions of certain men, but God willing, the sky will soon be over. It seems I shall not be able to remain quite unknown here. A long & detailed letter will follow at leisure. Till then you must be satisfied with this. Vyas is coming here in Falgun. You will write me as to the arrangement you have made of your aunt's money. What about Keshavlal ? I wish my prophecy may be falsified. All open letters to be strictly written in English. Nothing more for the present,

Yours most sincerely
**P. V. Valame**

Address :
Kamarivale Brahmachari
Datta-Kutir, Nareshvar.
Near Lilod, Taluka Karjan, Post Palej.

## ૭૬

શ્રી

દત્તકુટીર-નારેશ્વર
પા. શુ. ૪ વાર મંગળ
૧૬-૨-૨૬

ભાઈ મોદી,

તમારો લાંબો પત્ર મળ્યો. કેશવલાલના મૃત્યુ સંબંધીનો રતનલાલને સરનામે લખેલો પત્ર તો મને હજીએ નથી મળ્યો. પણ એનું હવે કામે નથી. મૃત્યુ એ શરીરનો સ્વભાવ છે. એને

માટે શોક કરવો વૃથા છે. માણસ એક ઓરડામાંથી બીજામાં જાય એનાથી વધારે ભયંકર એમાં કંઈ જ નથી. પણ આમ હંમેશાં ભટકવામાં શાંતિ મળે ખરી ? હું ઈચ્છું છું કે તમે એક વખત એવું મૃત્યુ પામો કે ફરીથી મરવાપણું ન રહે. આ જ અર્થમાં હું ઘણીવાર કહું છું કે कलौ मृतो धन्यः । બીજા યુગમાં તો આવું મૃત્યુ લાભનાર ઘણા મળી આવે; પણ કલિમાં તો એવી વ્યક્તિઓ વિરલ જ હોય છે. અને તેથી જ તેઓ ધન્ય છે. કોઈનું મૃત્યુ જોઈ માણસને જે ક્ષણિક વૈરાગ્ય થઈ આવે છે તે જો કાયમનો ટકી રહે તો કોણ મુક્ત ન થાય ?

તમે મારી પાસે સારા વિચારોની માગણી કરો છો. પણ એવા વિચારોથી ભરેલાં પુસ્તકો શું થોડાં છે, જે તમારે મારી પાસે વિચારોની ભિક્ષા માગવી પડે ? આમ વિચારોની શોધમાં ક્યાં સુધી ભટક્યા કરશો ? વળી તમારી પાસે પણ વિચારોનું શું ઓછું ભંડોળ છે ? એ બધાંમાં જીવન એવું ઓતપ્રોત બનાવી દો કે વિચારો અને વિચારનારનો ભેદ નષ્ટ થઈ જાય, એ વિચારસાગરમાં તળીએ એવી ડૂબકી મારો કે વિકલ્પોના બધા બુદ્બુદો તદ્દન શમી જાય. જ્યાં સુધી મન વિચારોમાં–સારા કે નરસા કોઈ પણ જાતના વિચારોમાં ભટક્યા કરશે ત્યાં સુધી શાશ્વત સુખ નથી પ્રાપ્ત થવાનું. જેમ જેમ મન નિ:સંકલ્પ થતું જશે તેમ તેમ શાંતિનું ધામ પાસે આવતું જશે. માટે વધારે વિચારો ભેગા કરવાની ઘેલછા છોડી દઈ જે હોય તેમને પણ મનમાંથી કાઢી નાંખો અને અંત:કરણને ગંગાના નીર જેવું ચોખ્ખું બનાવો, અને પછી જુઓ કે પરમાત્મા પાછળ પાછળ ફરે છે કે નહિ.

**"Cease from an excessive desire of knowing, for therein thou shall find much distraction and delusion."***

કુટી તૈયાર થઈ ગઈ છે. આઠ દિવસથી મુકામ પણ તેમાં જ છે. આ ત્રણ મહિના શરીરે જે કષ્ટ ઉઠાવ્યાં તેનો ખ્યાલ તમને ત્યાં બેઠે નહિ આવી શકે. મેં વ્યાસને ઉત્તરાયણ પર એટલા સારુ જ બોલાવ્યા હતા કે તેઓ મારી સ્થિતિ પ્રત્યક્ષ જુવે અને તેમાંથી કંઈ શીખે. પણ એમનો યોગ ન હતો. તેઓ અધિક માસમાં આવવાનું લખે છે. પણ ત્યારે તેઓ જુદું જ દૃશ્ય જોશે. પરમ દિવસે જ તેમને એક લાંબો પત્ર લખી નાંખ્યો છે. તમે મંગાવીને વાંચી લેશો.

મેં તમને તમારી ફોઈના પૈસાના વિનિયોગ સંબંધી સલાહરૂપ એક લાંબો પત્ર લખેલો. ત્યાર પછી ડુંગરપૂરથી એક બ્રાહ્મણ વિધવા પોતાની ઉપવર કન્યાનાં કન્યાદાન માટે પૈસા માગવા પાસેના ગામમાં આવેલી તે કોઈના કહેવાથી કન્યાને લઈ દર્શન અને આશીર્વાદ માટે મારી પાસે આવી. એનો પતિ ચિન્તામણિ કરવા એ ગામમાં આવતો એટલી લોક સાથે એને ઓળખાણ. એને જોઈ મને લાગ્યું કે કોઈ ખરેખરા ગરીબની કન્યાને કન્યાદાન આપવામાં પૈસાનો વ્યય થાય એ શું સૌથી મોટો પ્રભુપ્રીત્યર્થે વ્યય નથી ? જો તમને પણ એમ લાગે તો તમે તમારી ફોઈને સમજાવી સોએક રૂપીઆ એ પ્રત્યે અપાવી એ બ્રાહ્મણ બાળાના આશીર્વાદ મેળવી શકો છો. અહીંયા તો લોકો સાધુડાંને માલપુવા ખવડાવવામાં જ મોટામાં મોટું પુન

સમજી બેઠા છે એટલે એને વધારે મદદ મળી શકે એમ લાગતું નથી. તમને યોગ્ય લાગે તો ને યોગ્ય લાગે તેટલી રકમ રજીસ્ટરથી મારા પર મોકલાવશો તો હું તે બાઈને અપાવવાની વ્યવસ્થા કરીશ અથવા તમારી ચિઠ્ઠી આવે તો તે લઈને તેને તમારાં ફોઈને મળવા મોકલીશ. મેં બાઈને થોડા દિવસ થોભવા કહેવડાવ્યું છે. તમારો પત્ર આવ્યે એને final જવાબ આપીશ.

કેશવલાલની માતાને શાંતિ આપશો. મને તે દિવસે જ તેમની દયા આવેલી; પણ શું કરું ? વાત હાથમાંથી છેક જતી રહેલી. મડદાં ઉઠાડવાની મારામાં સત્તા નથી; કોઈનામાં નથી. ઉઠાડવામાં ફાયદો પણ નથી. જીવ જીર્ણ થએલું ખોળીયું ત્યજી દઈ નવું ધારણ કરે એમાં જ એનું શ્રેય છે. એમની બાળ પત્ની માટે હું શું લખું ? હિંદુસ્તાનમાં એવી તો કે એના કરતાંએ વધારે કમનસીબ કેટલીએ બાળાઓ પડી હશે. એને માટે સમાજને જવાબદાર ગણવો કે એમનાં કરમને કે બંનેને તે હું નથી જાણતો.

ખૂબ મઝામાં છું. મારો આનંદનો પ્યાલો ભરાઈને છલકાઈ જાય છે. પણ એને લૂંટનાર અહીં કોઈ નથી. તમે મને 'વાક્યવૃત્તિ' નહિ મેળવી આપો ત્યાં સુધી હું તમને જંપવા દેનાર નથી. વાંચવાનો રોગ હજી તદ્દન નષ્ટ નથી થયો. કોઈ કોઈવાર ઉપડી આવે છે. વાક્યવૃત્તિએ એના પર છેવટનું ઓસડ હશે એમ લાગે છે. જ્યાં સુધી ઓસડથી કામ સરે ત્યાં સુધી operation ન કરાવવું અને છેવટે કરાવવું જ પડે તોપણ એથી એટલી તીવ્ર વેદના નહિ થાય. છેવટની છરી માટે શસ્ત્ર વૈદ્યની શોધમાં છું. આવતી કાલથી નવ દિવસનો ઉપવાસ ને મૌન છે. ભાઈને ખુશખબર કહેશો. હાલ એજ. પાસેનું છેલ્લું પરબીડિયું તમને લખી નાખું છું.

લિ. સ્નેહાધીન

**પાંડુરંગના પ્રણામ**

## ૭૭

શ્રી

દત્ત-કુટીર-નારેશ્વર

ચૈત્ર. શુ. ૧

(૨૧-૨-૧૯૨૬)

ભાઈ મોદી,

વ્યાસદેવ આવ્યા અને ગયા. અહીં આવીને શું કમાઈ ગયા તે તો એ જાણે. બે પાંચ રૂપિયા ખરચીને તો જરૂર ગયા. આવ્યા તેવા જ બજારમાંથી-કોરલથી-લોટ લઈ આવ્યા ત્યારે પૂરું અને તે પણ લૂખું સૂકું ભોજન પામી શક્યા ! મારી એ બાદશાહી કોને ગમે ?

---

★ વધુ પડતી જ્ઞાનની ઈચ્છાથી અટકી જાવ. કારણ તેનાથી તમને અત્યંત વ્યગ્રતા અને વ્યામોહ વ્યાપશે

મારો લખેલો લાંબો પત્ર એમને નથી મળ્યો એમ લખે છે. એમાં નાંખનારની બદમાસી કારણભૂત હશે કે ટપાલખાતાની ગફલત તે હું નથી જાણતો. પણ એથી તમે લોકોએ "Ocean of joy' (આનંદનો મહાસાગર) ગુમાવ્યો છે.

મૌન અને ઉપવાસ ખૂબ શાંતિથી પૂરાં થયાં. મૌન એ ખરેખર મુમુક્ષુને માટે અત્યંત શક્તિદાયક છે. હું ઈચ્છું છું કે તમે પણ એનું અવારનવાર સેવન કરો તો ઠીક. બોલવાનું ધીમે ધીમે ઓછું કરો અને જુઓ કે થોડા દિવસમાં જ તમારા મન પર કેટલી અજબ અસર થાય છે. બહુ બોલવાથી શક્તિનો વ્યય થાય છે અને મનનું ચાંચલ્ય વધે છે. શું બોલનારનાં બોર વેચાય અને ન બોલનારનાં નારંગીએ ન વેચાય એમ કહો છો ? ભલા માણસ એ "buying & selling' ક્યાં સુધી કર્યાં કરશો ? જાતે જ ખૂબ ખાઈ લો અને બાકીનાં લૂંટાવી દો સાચે સાચી ક્ષુધા લાગી હોય તેમને. ક્ષુધાતુરોને બોલાવવા માટે પણ બૂમો પાડવાની જરૂર નથી શું ? ના, જરાએ નહિ. તમારી પાસે સરસ અન્ન ભર્યું પડ્યું હશે તો તેની સુગંધીથી ખેંચાઈને તેઓ જાતે જ તમને ખોળતા આવશે.

તમારે કોઈ 'મહારાજ' રાખવો છે ? રાખવો હોય તો મને જરૂર લખજો. લોકોએ મને 'મહારાજ'ની પદવી આપી છે. મેં એમને અનેકવાર કહ્યું કે મેં કોઈ ઠેકાણે 'મહારાજગીરી' કરી નથી- 'મહારાજગીરી'ની તાલીમ પણ નથી લીધી (આપણા આદિતરામ મહારાજ પાસે લીધી હોત તો અત્યારે કામ ન લાગત ?); માટે તમારી પદવી મહેરબાની કરીને પાછી લો. પણ લોકો કંઈ અંગ્રેજી સરકાર જેવા બેવચની થોડા જ છે કે એકવાર આપેલી પદવી છીનવી લે ?

એક પદવીથી કેમ જાણે ન ધરાયા હોયને તેમ કેટલાક લોકોએ મને 'બાવા'ની બીજી પદવી આપી છે. આ પદવીનો ચાંદ મને એનાયત કરવામાં આવ્યો ત્યારે તો મેં ખૂબ આજીજીપૂર્વક કહ્યું કે ભાઈઓ તમે ભોળા લોકો છો. તમારી ઉદારતાને ધન્ય છે. પણ બધી ઉદારતા મારે માટે જ ના વાપરી નાંખશો, ખુદાની ખાતર આ પદવીમાંથી તો મને મુક્ત કરો જ; કેમકે જે બીવડાવે તે બાવો અથવા તો જેને બેટાબેટી હોય તે બાવો. મારામાં તો બંનેમાંની એકેય લાયકાત નથી. માટે દયા કરો. પણ મારા આવા નિખાલસ ભાષણથી તો કેટલાક લોકોને મારામાં કંઈક ગાંડપણની શંકા આવવા લાગી છે, અને તેથી રખેને લોકો મને કોઈ 'ગાંડો બાવો' એવી એવી ત્રીજી ઉપાધિ આપી બેસે એ બીકથી, મેં હવેથી લોકો જે "titles' આપે તે મૂંગે મોઢે કબૂલ રાખવાનું ચાલુ રાખ્યું છે.

પણ હું નથી typical બ્રાહ્મણ કે નથી typical સાધુ. એટલે આસપાસના મહારાજોમાં (બ્રાહ્મણ અને સાધુઓમાં) હંસના ટોળામાં એકલવાયા કાગડાની માફક હું જુદો પડી જાઉં છું. કેટલાક લોકો મને થોડાંક હંસનાં પીછાં ધારણ કરવાનો રોજ ઉપદેશ કરે છે, અને એક નિત્ય આવનાર ભાઈની ફરિયાદથી વ્યાસદેવ (!) પણ મને કાગળમાં એવી સલાહ આપે છે. પણ આમ ઉપરથી હંસનો સ્વાંગ ધારણ કરવાથી હું કાગડો મટી હંસ થોડો જ થવાનો હતો !

ખૂબ મઝામાં છું. અષ્ટેકર કંપની તરફથી પેલું કૂપનવાળું પુસ્તક આવી ગયું છે. માટે માગણી કરશો નહિ. દત્તાત્રેય તંત્ર (ભા.ટી. સાતે) વેંકટેશ પ્રેસ તરફથી છપાએલું છે અને નવ આને મળે છે. જડે તો મોકલાવી આપશો. ઝંડુની દવાઓનું સૂચીપત્ર અને એકાદ બે લખવાની ચાંચોની પણ જરૂર છે. ગી.ભા. મને હજી મળ્યાં નથી. ભાઈ ચંદ્રશંકરને પણ એ કયાં મળે છે તેના ઠેકાણાની જરૂર છે.

તમે તીરકામઠાં મંગાવી અર્જુન થવા માગો છો એમ સાંભળું છું, પણ એનો વિચાર વળી કોઈ પ્રસંગે. એજ.

લિ. સ્નેહાંકિત
**પાંડુરંગ**ના પ્રણામ.

## ૭૮

ભાઈ મોદી,

ઉપવાસ અને મૌન શાંતિથી પૂરાં થયાં. તમારું બુક-પોસ્ટ વગેરે સર્વ મળ્યું. રૂપિયા પણ ગઈ કાલે આવી ગયા ને આજે આપી દીધા છે. ઈશ્વર પ્રેરણા કરશે તો બીજા કોઈ કામ માટે બીજા મંગાવીશ. શરીર સારું છે. હાથે રસોઈ કરવાનો સંકલ્પ થતાં જ પરમાત્માને કેમ જાણે મારા હાડકાંની દયા ન આવી હોય તેમ એક સાધુને મોકલી આપ્યો. બે અક્ષર ભણે છે અને ઉપરનું બધું કામ ઉપાડી લે છે. હું માત્ર ચૂલે ચડાવી ઉતારી લઉં છું. ભાઈને કહેશો કે મારા નામ પર રજિસ્ટર બુક પોસ્ટથી ગી.ભા.ના બંને ભાગની એક એક પ્રત મોકલાવે. સાધુને માટે. લાંબો પત્ર ફુરસદે.

એજ લિ. **પાંડુરંગ**ના પ્રણામ.

## ૭૯

શ્રી

દત્તકુટીર-નારેશ્વર
ચૈ.શુ. ૩, ગુરુવાર
વિ.સં. ૧૯૮૨ (૧૫-૪-૨૬)

ભાઈ અંબાલાલ,

તમારો પત્ર મળ્યો. શું તમે પણ હું ઉપદેશ આપતો ફરું એમ ઈચ્છો છો- અને તે પણ 'ગાડું ઠીક ચાલે' તેટલા માટે ? હરહર ! મેં તમારી પાસેથી એવી સલાહની અપેક્ષા જરૂર નહોતી રાખી. પણ એમાં તમારો દોષ નથી. દોષ હોય જ તો તે ઉપદેશપ્રચુર જમાનાનો છે ભાઈ ! મારું ગાડું તો નરસિંહ મહેતાના જેવું રગશિયું ચાલે એ જ ઈચ્છવા જેવું છે. ગાડું ઠીક ચાલે તો બેસનારાઓની ઠઠ જામે ને બિચારા બળદિયાનો અડદાવો નીકળી જાય !

લોકો દૂરદેશ ઢૂંઢી રહ્યા છે- કહેવાતા 'ઉપદેશકો' પણ તેમને 'દૂર'ની વાતોમાં જ રમાડી રહ્યા છે. ત્યાં હું તમને ઉપદેશ બતાવું તોપણ લોકો તેનો સ્વીકાર કેમ કરે ? 'શું બધા મૂરખ છે જે બીજું બીજું બતાવે છે, ને શું તું એકલો જ ડાહ્યો જે આમ બધાથી ઊલટું જ બકે છે ?' એવું સાંભળવાનું મળે ને કદાચ પેલા વાંદરાને ઉપદેશ આપનાર સુગરીના જેવી સ્થિતિ થાય. વળી જે દૂર હોય તે જ આપી શકાય. પણ આ 'દેશ' તો 'ઉપ' છે. દરેકની પાસે છે, દરેકનું નિજસ્વરૂપ છે. એ આપવાનો ન હોય. એ લેવાનો - જાતે પિછાનવાનો હોય. બતાવવાની ઓળખાણ કરાવવાની જરૂર પણ એટલા જ માટે કે એ 'પાસ ખડો' પણ 'નજરોમેં ન આવે' એવો હોય છે. પણ આ વાતો હું કોને કરું ?

પ્યારા દેસી મિલે તો દિલકી કહું,
આન પરદેસી મેરી બાત ન બૂઝે !
પ્યારા ! દેસી મિલે તો દિલકી કહું.

લોકોને અહીંયાં એક મોટું માલસર જેવું 'ધામ' બનાવડાવવું છે. કોરલ જેવી કૈલાસપુરી જોવી છે; અને મારે તો કામ સાધવું છે, સ્મશાનવાસનો આનંદ અનુભવવો છે. એટલે લોકોનું અને મારું કેમ બને ? પરમ દિવસની જ વાત. જમનાની એક બેનપણી પીપળાને જનોઈ દે છે. બીજા બ્રાહ્મણોમાં... અને તેમના ચિરંજીવી જેવા સુપાત્ર અને વિદ્વાન બ્રાહ્મણો આવી મળવાથી એ બાઈને સ્હેજે આનંદ થયો અને એણે બંનેને એકેક રૂપિયો દક્ષિણા આપવાનું નક્કી કરી બંનેનાં નામ યાદીમાં દાખલ કર્યાં.... કહ્યું, 'જુઓ, ગુરુમહારાજની કેવી કૃપા છે. આવતા પહેલાં જ વગર માગ્યે બે રૂપિયાનું દાન ! બાઈનું કલ્યાણ થશે.' મેં કહ્યું, 'જે પીપળાને જનોઈ દેવાનું છે તે પીપળો બીજો છે. એના કરતાં તો બાઈએ કોઈ સુપાત્ર ગરીબ બ્રાહ્મણના બાળકને જનોઈ કે વિદ્યાદાનમાં રૂપિયા ખરચ્યા હોત તો એનું વધારે કલ્યાણ થાત.... આવાં નાસ્તિક વચનો... જેવા ધાર્મિક માણસ કેમ સહન કરે ? તેમણે સિદ્ધાઈના રુઆબમાં જ કહ્યું, 'તમે કર્મમાર્ગનું રહસ્ય શું સમજો ?' હું ચૂપ રહ્યો.

થોડા દિવસથી લીલોડમાં આજ સુધી ન હતું તે દારૂનું પીઠું દાખલ થયું છે. કલાલને કોઈ ઘર ના આપે. તેથી સાયરનો એક બ્રાહ્મણ-શિક્ષક, જે કોરલની 'કૈલાસપુરી'નો રહેવાસી છે- કલાલને સાથે લઈ ઘેરઘેર તેની લાયકાતનાં સ્તોત્ર ગાતો ગાતો ભલામણ માટે ફર્યો ! આજુબાજુ વસતિ બધી અભણ ને વ્યસન તથા વહેમમાં ડૂબેલી છે. કોઈ રડ્યોખડ્યો ભણેલો છે તો તે આવો ધંધો કરે છે. 'કોઈના પેટની આડે કેમ આવવું ?' એ આવા લોકોની philosophy છે !

કાણાનો એક પાટીદાર. હું હા પાડું તો અહીં એક સાધુઓ માટે સદાવ્રત નંખાવવા માગે

---

★ ટીપીકલ = લાક્ષણિક, એક વિશિષ્ટ પ્રકારનો

છે. મેં તો ઘસીને એ ઉપાધિ વહોરી લેવાની ના પાડી. મેં તો કહ્યું કે મને તો સદાવ્રત કરતાં સત્યવ્રત વધારે પ્રિય છે. લોકો ભૂલી જાય છે કે સાધના કરે તે સાધુ. આ તો સીધું ઉઘરાવતા ફરે તે સાધુ એવી સ્થિતિ થઈ પડી છે. મારું આવું ભાષણ અને attitude (એટીટ્યુડ-વલણ) કોને રુચે ?

લોકોએ મને મહારાજની ઉપાધિ આપી છે પણ હું નથી typical (ટીપીકલ) બ્રાહ્મણ કે નથી typical સાધુ. એટલે અહીંના 'મહારાજો'માં બ્રાહ્મણ અને સાધુઓમાં હંસના ટોળામાં એકલવાયા કાગડાની માફક તદ્દન જુદો પડી જાઉં છું. કદાચ તમારા ઉપદેશ પ્રમાણે થોડાંક હંસનાં પીછાં ધારણ કરી લઉં તો પણ તેથી હું કાગડો મટી હંસ થોડો થવાનો હતો ?

પણ લોકોને હવે નિરાશ નહિ થવું પડે. તેમના પુણ્ય પ્રતાપથી તેમને જોઈએ તેવા મહારાજ આવી મળ્યા છે. ભાઈ.... છૂટા થયા છે, તેમને છૂટા થવાની ફરજ પડી છે. આજના શુભ મુહૂર્તે તેમણે લીલોડમાં એક આદર્શ શાળા શરૂ - કરી છે. શાળાનું કામ એ એમની ગૌણપ્રવૃત્તિ રહેશે એ કહેવાની જરૂર નથી જોતો.

ખૂબ મઝામાં છું. તમે ગયા પછી આઠેક દિવસ તબિયત બગડી ગઈ હતી. એક દિવસ ખૂબ વાંતિઓ થઈ ને પરિણામે આઠ-દસ દિવસ નસો ખેંચાતી હતી. કારણ કંઈ સમજાયું નહિ. જમના કંઈક ખાવાનું કરી લાવી હતી તેમાંથી થોડું ખાધું ને એજ દિવસે આ સ્થિતિ થઈ, બાકીનું તો મેં વહેંચી જ નાખ્યું. ખાવાની વસ્તુમાં કાંઈક હશે એમ કહી હું દોષમાં કેમ પડું ? કેમકે ઘનશ્યામદાસની તબિયત એથી ન બગડી. પણ મારા શરીરને વિદેશી એવું કંઈક દ્રવ્ય એમાં તરૂર હશે એવી શંકા ઘડીભર આવી ગઈ.

તમારું બતાવેલું ગોળના જળનું રસાયણ તો મને ખૂબ પથ્ય આવ્યું છે. લગભગ રોજ બપોરે લઉં છું. એથી ઠંડું રહે છે. રોજ લેવામાં કંઈ દોષ હોય તો તજજ્ઞોને પૂછીને મને જણાવશો.

હરિપ્રસાદનો પત્ર આવ્યો હતો. પ્રબુદ્ધ ભારત મને હજી મળ્યું નથી. એનું સરનામું એમની પાસે નથી એમ લખતા હતા. તમે એમને લખી મોકલશો.

તમે 'આર્યભિષક' મંગાવ્યો છે ? મંગાવ્યો હોય તો મને મોકલાવશો. હું વૈશાખમાં ઘણુંખરું તો નહિ જ આવું. મારું દિલ અનુષ્ઠાન પૂરું થયા વગર- જે વચમાં ખંડ ન પડે તો કાર્તિક વ. ૩ એ પૂરું થશે- સ્થાન છોડવાનો નથી. પછીથી તો ઈશ્વરેચ્છા !

લિ. સ્નેહાંકિત **પાંડુરંગ**ના પ્રણામ

તા.ક. : તમે પંદર દિવસ મોડા આવ્યા હોત તો 'ગાતી હૈ મલ્હાર હવા બાબા'નો સાક્ષાત્કાર થાત. રાતે ખૂબ પવન ચાલે છે. પાવાગઢ પર ગાળેલા પેલા દિવસોનું સ્મરણ થાય છે. શ્રાવણમાં આવો તો જન્માષ્ટમીનો યોગ ને નદીમાં ખૂબ પૂર આવે એવો સંકલ્પ કરજો.

**પાંડુરંગ**

## ૮૦

શ્રી

દત્તકુટીર-નારેશ્વર
રવિવાર સવાર
૪-૫-૧૯૨૬

ભાઈ મોદી,

બેત્રણ દિવસ ઉપર લખેલો લાંબો પત્ર મળ્યો હશે. સાથે રહેનાર સાધુરામ આજે સવારે પોબારા કરી ગયા છે. એટલે એમને માટે મંગાવેલી ગી.ભા.ની નકલો ભાઈને કહેશો કે મોકલાવે નહિ. ખરી બાદશાહી તો હવે જ છે. પહેલા ત્રણેક મહિના એકલાએ ગાળેલા પણ ત્યારે ખાવાનું તૈયાર ગામમાંથી મંગાવી લેતો એટલે મુશ્કેલી ઓછી હતી. પણ એમાં ખૂબ અનિયમિતતા થવા લાગી. વળી પરાધીનતા પણ ખરી. એટલે હવે એ પ્રયોગ કરવો નથી.

હાલ એજ.

લિ. સ્નેહાધીન
**પાંડુરંગના પ્રણામ**

## ૮૧

Shri

Dutta Kutir 14th eve.
(18th May 26)

Dear Modi,

Yours to hand duly. I have received the book-post too. You have certainly made a serious blunder in sending more rupees & that too hundred to the greedy woman. Brahmins are notoriously greedy & you aught to have been more cautious. The woman seems to be not only greedy but a dangerous rogue too. I intentionally did not give her your name; but by the decree of fate I entrusted her the posting of the letter. The address, I am sure, was written in English, but she seems to have got it read from someone. Many will come & implore you in my name without my least knowing it & if you commit such mistakes I must stop all correspondence for I cannot post letters myself & trusting others means such mischief. You aught to have waited for my letters, but your too hasty nature - for which I have hundred times scolded you would not allow you deliberate step. You stop the money by urgent wire & take the woman to task if she happened to come there. Write her that you would hand her over to the police. Give no pie to anyone in my name nor trust any. Write convinently. Write what happens. Detailed letter afterwards.

**P. V. Valame**

## ૮૨

શ્રી

દત્તકુટીર-નારેશ્વર

આ.શુ. ૧૩

(૨૪-૭-૧૯૨૬)

ભાઈ અંબાલાલ,

તમારો પત્ર વાંચ્યો. પુસ્તક ગુરુપૂર્ણિમા સુધી નહિ મળી શકે એ વાત પહેલેથી જાણવામાં આવી હોત તો ઠીક થાત. પણ હવે એનો બહુ વિચાર કરવો નકામો છે. ખર્ચ સંબંધી પણ હું કંઈ લખવા નથી માગતો. માત્ર એક વાત **તમારી** જાણ માટે લખું છું કે મેં ગી.ભા. ઉત્તરાર્ધના છપામણીના ફર્મે ૨૦ રૂા. ને કાગળના ૮-૧૨-૦ રીમના આપેલા અને તે પણ જરાએ રકઝક ન કરતાં પ્રેસાધ્યક્ષના મોં માગ્યા. આ પુસ્તકના કાગળ ને કદ મેં નથી જોયાં. મેટર કેવું ઠાંસીને ભર્યું છે તે તમે જોયું છે. પણ ભીખાભાઈને એ સંબંધી ફરીથી લખશો નહિ. પૂઠું તદ્દન સાદું ઉપનિષદોની વાતોનું છે તેવું કે તેના જેવું જ. ખર્ચ જે થાય તે બિલ આવ્યે મ.ઓ.થી તરત મોકલી આપીશું. પુસ્તક ભલે સ્વસ્થતાએ આવે પણ ભૂલ ન રહે ને બગડે નહિ તે માટે બનતું કરશો. ફરીથી પણ વિનંતિ કરું છું કે ખર્ચ કે ઉતાવળ માટે ભીખાભાઈને એક અક્ષરે લખશો નહિ. ઈશ્વરના દરબારમાં પાંચ-દસ વધારે થશે તો ખોટ જવાની નથી. ભૂલ ન રહે અને પુસ્તક બગડે નહિ એટલું પણ ભીખાભાઈ કરે તો એ મારા ઉપર મહાન ઉપકાર થશે. થોડાક દિવસ પર મોકલેલ પરબિડીયું જેમાં બે નવાં સ્તોત્રો છે તે મળ્યું હશે. તમે મનમાં ખોટું લગાડતા નહિ ને શાંતિથી કામ લેજો.

**પાંડુરંગ**

## ૮૩

શ્રી

દત્તકુટીર-નારેશ્વર

ગુરુપૂર્ણિમા (૨૫-૭-૧૯૨૬)

ભાઈ અંબાલાલ,

બે દિવસ પર લખેલો પત્ર મળ્યો હશે. ખર્ચની ચિંતા કરશો નહિ. પાકું બિલ આવ્યે તરત જ મ.ઓ.થી પૈસા મોકલી આપીશું. નામ વગેરેની વ્યવસ્થા માટે થોડા દિવસ પર પત્ર લખેલો તે મળ્યો હશે. તે પ્રમાણે વ્યવસ્થા કરશો. ખાસ સૂચના એક જ છે અને તે એ કે ભૂલ એક પણ ન રહેવી જોઈએ. પુસ્તકની કિંમત નથી લખવાની. free circulation* કરવાનું છે. અમાસ પહેલાં મળે તો પણ હું સંતોષ માનીશ. પૂઠું કાગળનું.

આર્યભિષક્ પોસ્ટથી મોકલવાની જરૂર નથી. તમે આવો ત્યારે લેતા આવજો ★ સાથે તમારી પાસે હોય તો 'સ્વર્ગનું વિમાન' પણ લેતા આવજો. વિઠ્ઠલ માટે. ફુરસદ મેળવી આવો

ત્યાં સુધીમાં બધાં સ્તોત્રોનું કાચું ભાષાંતર તૈયાર ન કરો ? મને મળ્યા પછી પાકું કરવાનું. હું તમારી સાથે સ્તોત્રોનું જ વિવેચન કરવાનો છું. કેટલાક લોકોની તે પણ છંપાવી લ્હાણી કરવાની ઇચ્છા છે. સાથે ભાષાંતર હોય તો આ લોકોને ઠીક પડે. ભાષાંતર અને નોંધો માટે મારા નારેશ્વરના સ્તોત્રના ભાષાન્તરનું અનુકરણ કરવાનું. આજે જ એક નિત્ય-પાઠ માટે લખાએલું ૧૦૮ શ્લોકનું સ્તોત્ર મોદીને લખી મોકલ્યું છે. એ નકલ કરી લઇને મૂળ તમને મોકલી આપશે. એને જુદું જ છપાવવાનું છે. એના પર ભાષાંતર ઉપરાંત વિવેચન પણ કરવાનું. આ બધું કામ પણ તમારે જ કરવાનું છે. માટે 'ભીલ' મટી પાછા બ્રાહ્મણ બની બ્રાહ્મણવાડામાં આવી જાઓ. ત્યાંથી જરૂર પડ્યે અવારનવાર ભીલવાડે ભલે જાઓ.

નર્મદામાં પૂર છે. પણ હજી જોઇએ તેવાં પાણી નથી ચઢ્યાં. કાદવ થાય છે એટલે ન્હાવા દૂર જવું પડે છે. પીવા વગેરે માટે તો હું વરસાદનું પાણી જ વાપરૂં છું. બીજી કોઇ મુશ્કેલી નથી. દશ્ય કેવળ અલૌકિક છે. સધાય તો જન્માષ્ટમીનો યોગ સાધજો. કેવળ આનંદમાં જ છું. એ જ

લિ. સ્નેહાંકિત **પાંડુરંગ** ના પ્રણામ

## ૮૪

(૨૩-૭-૧૯૨૬)

દયાના સાગર ! ત્હારો દયાનો ઝરો સૂકાઇ ગયો શું ? ત્હારાં દ્વાર ઠોકી ઠોકી હાથ દુખી ગયા. મ્હારા પગે સોજો ચઢ્યો ! રડી રડી આંખડીના નીર ખૂટ્યાં !! થાકીને પાછો જઇશ તો એ ત્હારી ફજેતીના ફાળકા છે તેમાં, લોકો જાણશે દયાનું દેવાળું કાઢ્યું ! મરી જઇશ ત્હારે બારણે તોએ કમબખ્તી છે ત્હારી – દીનાનાથ નામ છે ત્હારૂં!! લોકો કહેશે દીનોનો નાથ પણ આજે દીન ને અનાથ થઇ ગયો !!

તાપનો માર્યો બપોરે બે ઘડી બહાર છાયામાં જઇ બેસું છું, એક કપોત લગભગ રોજ આવી રહામે નૃત્ય કરે છે, મારા પરમ ગુરુ એ કપોતરાજને હું બે હાથ જોડી નમન કરૂં છું કે તરત ત્યાંથી ઊડી જાય છે. એ, લોકો પગે લાગવા લાગે ને નાહક શરીરનું મહત્વ વધારવા માંડે કે સાધકે ત્યાંથી તરત જ ઊડી જવું એવો ગૂઢ ઉપદેશ એમાં નથી શું?

પરમ દિવસે એક ઝેરી સાપ કરડતો કરડતો રહી ગયો. કહે છે કે સાપને દાંતે તાળું હોય છે ને કૂંચી માલિકને હાથ છે. માલિક તાળું ખોલી આપે ત્યારે સાપ કરડેને? ત્યારથી બિચારો કુટીની ચોકી કરે છે ને બહાર જાઉં છું કે ટૃ ટૃ ટૃ.... કરી પોતાની આલબેલ સંભળાવે છે. હું પણ 'અવધૂત દત્ત' કહી એના સંગીતનું સ્વાગત કરૂં છું !!

કેટલી બધી શાંતિ છે ! ઘનશ્યામદાસ ગયો એ એક બલા ટળી. કંઇક શારીરિક વેઠ વધી છે, પણ વેઠ વગર માલિકના મુખનું દર્શન ક્યાંથી ? દરરોજ દાળ બનાવું છું ને એમાં જ બે પાંચ બાટી છોડી દઉં છું. ગુરુવારે સ્હાંજે પેલી પંચરંગી ખીચડીનું પકવાન્ન ઊડે છે. પીવાનું ને રસોઇનું પાણી જાતે જ લાવું છું. નાવા માટે પાણી

લાવવાનું કામ ઘણું ખરૂં રતનલાલ કરે છે. વાસણ વગેરે પણ જાતે જ ઘસી નાખું છું, જાત કષ્ટમાં રહેલા કાવ્યનો સાક્ષાત્કાર મને અહીંયાં જ થયો. કષ્ટની પાછળ રહેલું ફરજિયાતપણું જ એને નીરસ બનાવે છે. બાકી ઐચ્છિક કષ્ટ જેવો આનંદ બીજા કશામાં નથી. અને કોઇ પણ ઉચ્ચ આદર્શ માટે સ્હમજીને કષ્ટ ઉઠાવવું એનું નામ જ તપસ્યા.

હવે તો વરસાદ આવ્યો એટલે ઓર રંગ જામ્યો છે. વિઠ્ઠલનું આવવું તો રતનલાલ આવ્યા ત્યારથી જ મંદ પડી ગયું છે અને વરસાદને લીધે રતનલાલ પણ અળસાઇ જાય છે, મહંત તો ધૂણી પાસેથી ખસતા જ નથી. એટલે ચોવીસે કલાક 'એકમેવાદ્વિતીયયમ્' નું સામ્રાજય હોય છે. થોડા દિવસથી નવો પ્રયોગ શરૂ કર્યો છે. આ વખતનો લોટ ચાળ્યા વગરનો આવ્યો છે, ચાળણી તો પાસે છે, પણ ચાળ્યા વગર જ મિષ્ટાન્ન ઉડાવું છું. તમારા મોઢામાં પાણી છૂટે છે કેમ ? પણ હજારો જન્મોના સુકૃત વગર આવો આનંદ સ્વપ્ને પણ મળવો મુશ્કેલ છે. ઇંદ્ર આવી નવાડી જાય છે, વરુણ પાણી ભરે છે. વાયુ કોઇ ન જાણે તેમ રાત્રે આવી પૂંજો કાઢી જાય છે. હનુમાનજી પોતાના યૂથ સાથે પહેરો ભરે છે. ગાંધર્વો નિયમિત ગાન કરે છે. અપ્સરાઓનું નૃત્ય ચાલુ જ હોય છે. નિસર્ગદેવી જાતે વસ્ત્રાલંકારથી સજજ થઇ સેવામાં હાથ જોડી ચોવીસે કલાક ખડી છે. પણ મને શરાબનું ઘેન ચઢ્યું છે ને હું આંખ ઊંચી કરી એના તરફ જોતોએ નથી !! નર્મદામાં પૂર છે ને સાથે અંતરમાંએ પૂર ચઢ્યું છે. ખબરદાર, કોઇએ બારણું ઠોકયું તો! ઘસડીને મહાસમુદ્રમાં લઇ જઇશ કે પુનરગમનનું નામ ન લે !!

આ.શુ.૮

મારા નામ પાછળ તમે 'પૂજય'' કયારથી મૂકવા લાગ્યા ? મારી નજર આ વખતે જ એના તરફ ગઇ. મરાઠીમાં 'પૂજય' નો અર્થ શૂન્ય થાય છે. અને 'પૂજય' પણ પાછળ મૂકવાથી તો કિંમતમાં ઊલટો ઘટાડો જ થાય છે. તમે બધાએ મારી દીનની કિંમત છે, તેનાથીએ ઘટાડી નાખવાનો આ ગણિતી રસ્તો ઠીક શોધી કાઢ્યો છે !

અને તમે પણ મને બ્રહ્મચારી કયારથી કહેવા-માનવા લાગ્યા ? કેટલાએ વખતથી કેટલાએ જન્મોથી એક રાંડ કોટે વળગી છે તે કેમ કરી છૂટતી નથી, ને એ દૂર ન થાય ત્યાં સુધી હું સાચો બ્રહ્મચારી શી રીતે કહેવડાવી શકું ? એના કરતાં તો મને અહીંના લોકો 'ભરમચારી' (ભ્રમચારી) કહે છે એ વધારે ગમે છે. એક તો એમાં આત્મૌપમ્યત્વનું સત્ય છે, અને બીજું, સાથે ભોળો ભાવ કે અજ્ઞાનનો આનંદ છે. અજ્ઞાન તાત્કાલિક અલ્પ આનંદ ભલે આપે, પણ એ કલ્યાણકારક તો નથી જ. તારક એક જ્ઞાન જ છે.

મોદીની જીજ્ઞાસા તમારે જ તૃપ્ત કરવી રહી. બધાની સાથે હું લંબાણથી પત્રવ્યવહાર કેવી રીતે કરી શકું ? એક તો મને એટલો ફાલતુ વખત પણ નથી, અને બીજું, ધીમે ધીમે લખવાની વૃત્તિ પણ ક્ષીણ થતી જાય છે. વખત મેળવી સ્તોત્રો એને

---

★ ફ્રી સર્ક્યુલેશન = વિના મૂલ્યે વહેંચણી

લખી મોકલજો અને કોકવાર મારા પત્રવ્યવહારમાંથી પણ કંઇક કંઇક એને આપતા રહેજો.

હરિપ્રસાદને મેં જાતે જ લખી નાખ્યું છે. એટલે તમારે મેં લખ્યા પ્રમાણે લખી મોકલવાની જરૂર નથી. નારેશ્વર માહાત્મ્ય છપાઇ ગયું હશે. મને ક્યારે મળશે ? અહીંના લોકો એની રાહ જોઇ રહ્યા છે. ગુરુપુર્ણિમા પહેલાં મળે તો સારૂં, ખૂબ આનંદમાં છું. હાલ એ જ.

લિ. સ્નેહાધિન, **પાંડુરંગ**ના પ્રણામ

## ૮૫

શ્રી દત્ત-કુટીર નારેશ્વર,
ચૈ. વ. ૩. શુક્રવાર ૩૦-૧૦-૨૬

ભાઇ મોદી,

તમારો પત્ર મળ્યો. બાવાજીએ કેશવલાલના સ્મારકનો ઉપક્રમ કરી મિત્ર ઋણ અદા કર્યું એમાં શક નથી. તમે પણ તમારો ફાળો આપી દીધો છે એ યોગ્ય જ કર્યું છે. બે આંખની શરમ કાયમ હોય ત્યાં સુધી એકબીજાનો ભાવ પૂછે એવા મિત્રો મળી શકે પણ આંખો મીંચાયા પછીએ પ્રેમ અને વફાદારી કાયમ રાખે એવા મિત્રો વિરલા હોય છે. તમારો પત્ર વાંચતાં જ न स खल्वुपरतो यस्य वल्लभो जनः स्मरति એ પ્રિયોક્તિ મને યાદ આવી. કેશવલાલ મરણ નથી પામ્યા. એમના શરીરનું રૂપાંતર થયું છે. એટલું જ. એમની બા વગેરેને પણ એમનું સ્મારક જોઇ કંઇક શાંતિ જરૂર વળશે.

પણ તમારૂં કામ એટલેથી જ પૂરૂં નથી થતું. ઉપાડેલું કામ પૂરૂં થાય ત્યાં સુધી તમને આરામ હરામ હોવો જોઇએ. બુદ્ધિમાનો કોઇ પણ કામની શરૂઆત ખૂબ વિચારપૂર્વક કરે છે. અને એકવાર શરૂઆત કર્યા પછી વચમાં હિમાલય જેવડી મુશ્કેલીઓ ઊભી થાય તોએ કામ પડતું મૂકતા નથી. કામ કરતાં કરતાં ખપી જવું એનાથી વધારે રૂડું મરણ બીજું કોઇ નથી.

હું તમારા કામમાં કઇ રીતે મદદ કરી શકું ? જન્મથી જ ભિખારી છું. અને દિવસે દિવસે વધારે ભિખારી થતો જઉં છું. જુવોને, પહેરવા માટે લંગોટી જોઇએ તે પણ વ્યાસ જેવા કોઇ આવી ચડે ત્યારે તેમના ધોતીયામાંથી ફાડી લઉં છું ત્યારે કામ ચાલે છે. ખાવા માટે પણ કોઇ શેર ધાન આપી જાય ત્યારે ! પણ શું મારા જેવા ભિખારીઓ દુનિયામાં કંઇ જ કરી શકે તેમ નથી ?

પુસ્તકાલયનું નામ શું રાખશો ? 'કેશવ-શારદાભુવન' રાખો તો ? પણ એમાં શારદાના પવિત્ર નામને કલંક લાગે એવું એક પણ પુસ્તક ન હોવું જોઇએ. સાધારણ પુસ્તકાલય એટલે સર્વ જાતનાં પુસ્તકોનો સંગ્રહ, જેનો હરકોઇ વૃત્તિના માણસ અમૂક

શરતે ધારે તો લાભ લઇ શકે. પણ હું તમારૂં પુસ્તકાલય સર્વ સંગ્રાહક થાય એમ નથી ઇચ્છતો. સંકુચિતવૃત્તિ માટે માફ કરજો: પણ હું આશા રાખું છું કે તમારા સંગ્રહમાં એક પણ ખરાબ પુસ્તકને, જેથી મનુષ્યની હીનવૃત્તિઓ ઉત્તેજીત થાય એવા એક પણ પાનને-સ્થાન નહિ મળે. પુસ્તકોની પસંદગીમાં લેખક અને પુસ્તકના નામ કરતાં અંદરના વસ્તુ તરફ વધારે ધ્યાન આપજો. વિષયોની વિવિધતા જરૂર રાખજો પણ કેવળ વિવિધતાના દેખાવની ખાતર નાલાયક પુસ્તકોને સ્થાન ન જ આપતા. પંકાએલા સાક્ષરોનાં કેટલાંક પુસ્તકો રાક્ષસોનાં પુસ્તકો કરતાંએ ખરાબ હોય છે એ ખૂબ યાદ રાખજો. જે લોકોને ખરાબ વૃત્તિઓને પોષણ આપવું હોય તે લોકો બીજેથી એની સામગ્રી ભલે મેળવી લે, પણ તમે તો મફત મળે તો પણ એવાં પુસ્તકોથી તમારૂં સ્મારક કલંકિત થવા દેશો નહિ. બને ત્યાં સુધી પુસ્તકાલય બધાને માટે મફત રહે તો સારૂં. પુસ્તક ઘેર લઇ જવા માટે કોઇ પ્રતિષ્ઠિત માણસની સહીની જામીનગીરી બસ છે. મારા કરતાં તમે પુસ્તકાલયો વધારે જોયાં હશે, કદાચ વધારે વાપર્યાં પણ હશે. એટલે વધારે સૂચનાઓની ધૃષ્ટતા નથી કરતો. પુસ્તકોમાં ગુજરાતીની સાથે થોડાં હિંદી પણ રહે તો સારૂં. પુસ્તકાલયમાં કેશવલાલની એકાદ છબી પણ મૂકાય તો ઠીક.

શું તમારે ખરે જ ગણપતિનું અનુષ્ઠાન કરવું છે ? કોઇ પાઠ્યયુક્ત અનુષ્ઠાનમાં તનમનની પવિત્રતા જાળવવા ઉપરાંત એક સમય, એક સ્થળ, અર્થમાં ચિત્તની એકાગ્રતા, સાદો અને બને તો એક જ જાતનો આહાર, પૂર્ણ એકાંત, પવિત્ર વાતાવરણ, અને ચિત્તને વિક્ષેપ થાય એવી સર્વ પ્રવૃત્તિનો ત્યાગ, એટલી વસ્તુઓ ખાસ જરૂરની છે. વળી દઢ શ્રદ્ધા એ તો સર્વ ધાર્મિક પ્રવત્તિનો પાયો જ છે. એ ન હોય તો કંઇ પણ કાર્ય ન કરવું એ જ ઠીક; કેમ કે શાસ્ત્રે देवे च वेदे च दैवज्ञे भिषजे गुरौ : यादृशी भावना यस्य सिद्धिर्भवति तादृशी ॥ એ સનાતન નિયમ છે. ગણપતિના ઉપાસકો દરેક મહિનાની કૃ. ૪ નો ઉપવાસ પણ કરે છે. રાત્રે ચંદ્રોદય પછી સ્નાન કરી ગણપતિનું પૂજન કરી મોદકનું નૈવેદ્ય ધરાવી પ્રસાદ લે છે. ગણપતિના પૂજન માટે ૨૧ દૂર્વા-ત્રણ પાંખડાવાળી શુદ્ધ કરેલી ખાસ આવશ્યક મનાય છે. એ ઉપરાંત રક્તચંદન અને લાલ પુષ્પ પણ ગણપતિને ખાસ પ્રિય છે. આ બધા નિયમો પાળીને તમારાથી ધારેલું અનુષ્ઠાન થઇ શકે તો તમને એથી જરૂર ફાયદો થશે. પણ મુંબઇમાં તમને આ બધી સગવડો ભાગ્યે જ મળી શકશે - કદાચ અશ્વત્થ પણ મળવો મુશ્કેલ થઇ પડશે. નર્મદા કિનારે આવો તો ? આશ્વિન વ. ૮ને ગુરુવારે પુષ્ય નક્ષત્ર છે. ત્યારથી બીજા પુષ્ય સુધી તમારું ધારેલું કામ સાધી લો તો ? મારે પણ આ.વ. ૧૦ થી ૨૪ દિવસનો ઉપવાસ કરવાનો સંકલ્પ છે. મારા અનુષ્ઠાનના એ અંતિમ દિવસો છે. લગભગ આખો દિવસ હું કામમાં હોઇશ. છતાં રાત્રે તમારી સાથે વાતો કરી શકીશ. એ દિવસો શરદ ઋતુના છે, અને पित्तं शरदि कुप्यति એ શાસ્ત્ર છે અને એનો કડવો અનુભવ પણ અનેકવાર લીધેલો છે. એટલે ખૂબ સાચવવા જેવું છે. તમે નહિ આવવાના હો તો તો હું મૌનજ રાખી લેવાનો છું. બધી અનુકુળતાનો વિચાર કરજો. હજી ખૂબ વાર છે.

તમારા સ્તોત્રવાળું પુસ્તક મારી પાસે નથી. તમે લખેલો શ્લોક પણ મને બરાબર ઉકલ્યો નથી. એટલે અર્થનો વિચાર નથી થઇ શક્યો.

થોડા વખત પર ભાઇ ચંદ્રશંકરનો કાગળ હતો તેમાં તેઓ ગી. ભા. નાં પ્રુફ્સ તપાસી સુંદર 'get-up' તૈયાર કરી આપવાની બધી જવાબદારી પોતાને શિર લેવાનું કબૂલ કરે છે. મેં એમને એ સંબંધી કંઇ લખ્યું ન હતું. એમણે જાતે જ એ તત્પરતા બતાવી છે. મેં એમને એ સંબંધી સર્વ પત્રવ્યવહાર બારોબાર ભાઇ સાથે કરવાને લખી દીધું છે. પુસ્તકો ભાઇને ન છપાવવાં હોય તો બીજો કોઇ પણ છપાવે તો પણ મને વાંધો નથી એવું પણ મેં લખી દીધું છે. 'ઉપનિષદોની વાતો'ની પણ એજ સ્થિતિ છે. ગી. ભા. અમદાવાદના કોઇ પણ પુસ્તક વેચનારને ત્યાં નથી મળતાં એવી એમની ફરિયાદ હતી, આશ્રમમાં એ પાઠ્યપુસ્તક તરીકે વાપરે છે. એને એટલું પણ recognition મળે તો એ મને પૂર્ણ સંતોષ છે. 'પૂર્વાર્ધ' મેં સુધારી તો મૂક્યો જ છે. એટલે મને લાગે છે કે મારે માથે હવે એની કંઇ પણ જવાબદારી રહી નથી. ગાયનું દૂધ ખાય તેણે ગાયની માવજત પણ કરવી જ જોઇએ – દૂધ દેતી બંધ થઇ જાય તો પણ કરવી જોઇએ. પણ કોઇ કારણસર પોતાનાથી એ ન થઇ શકે અથવા તો એ કરવાની પોતાની ઇચ્છા ન હોય તો છેવટે એને રીબાવીને મારી નાખવા કરતાં પાંજરાપોળમાં મૂકી આવવાની કે કોઇ માવજત કરવા ઇચ્છતો હોય તેને આપી દેવાની ખાનદાની તો જરૂર રાખવી જોઇએ. મારી ગેરહાજરીમાં પુસ્તકોની આટલી બધી દુર્દશા થઇ જશે એમ મને નહોતું લાગ્યું, નહિ તો હું જરૂર એની બીજી કોઇ વ્યવસ્થા કર્યા વગર અમદાવાદ ન છોડત. નીચેના બે શ્લોકો નર્મદાખંડ વાંચતાં વિદ્યાર્થીઓ માટે મને ખૂબ સારા લાગ્યા છે. સહેલા પણ છે. બીજી આવૃત્તિમાં એને સ્થાન મળે તો ઇચ્છવા જેવું છે.

धर्मो जयति नाधर्मः सत्यं जयति नानृतम् । क्षमा जयति न क्रोधो विष्णुर्जयति नासुरा : ॥ न तीर्थतां जलस्याहुर्न स्थलस्य वनस्य वा । यदध्यासितमर्हद्भिस्तद्वै तीर्थं विदुर्बुधाः ॥२॥ ધર્મ, નહીં કે અધર્મ જય પામે છે. સત્ય, નહીં કે અહિત જળ પામે છે. ક્ષમા નહીં કે ક્રોધ જય પામે છે. વિષ્ણુ નહીં કે અસુરો જય પામે છે. જલ, સ્થલ કે જનને તીર્થત્વ નથી મળતું જ્યાં મહાન માણસો રહે છે તેને જ વિદ્વાનો તીર્થ કહે છે. મારી પાસે પુસ્તક નથી નહિ તો હું એ ક્યાં મૂકી શકાય તેનું સ્થાન પણ નક્કી કરી આપત. પહેલો ઉકારાન્ત પુ. શબ્દોવાળા પાઠમાં અને બીજો રજ ગણના અંતમાં મૂકી શકાશે. એકાદ બીજો નવો શબ્દ હોય તો તે પણ શબ્દકોષમાં ઉમેરવો પડશે. બીજું કંઇ ઉમેરવા જેવું નથી. નાહક bulk વધારવામાં માલ નથી. ચર્પટપંજરિકાને બદલે મેં પ્રશ્નોત્તરમાલિકાનું selection કરી આપ્યું છે. એ પહેલું આવે અને અંતમાં પેલું મધુરાષ્ટક આવે. મારે અહીં રહ્યા રહ્યા પણ ગી. ભા. માટે કાગળો લખવા પડે એ ઠીક નથી. પણ ચંદ્રશંકરનો જ પત્ર આવ્યો એટલે ન છૂટકે મારે જવાબ આપવો પડ્યો અને તમને પણ લખવું પડ્યું. ચંદ્રશંકરનો પત્ર રણાપૂરને શિરનામે આવેલો. એને અહીંનું ઠેકાણું આપશો નહિ. નહિ તો એ અહીં આવીને મને ઉપાધિ કરશે.

તમે કદાચ જાણ્યું હશે કે રતનલાલ રણાપૂરથી છૂટા થયા છે.

## ૮૬

શ્રી દત્તકુટીર-નારેશ્વર, આ. સુ. ૯
(૨૩-૭-૧૯૨૬)

ભાઇ મોદી,

તમારૂં બુક-પોસ્ટ અને પછીનો પત્ર બંને મળ્યાં. તમારા શ્લોકના અર્થ માટે તો તમારે કોઇ વિદ્વાન શાસ્ત્રી પાસે જ જવું પડશે. મારી દષ્ટિએ તો મેં લખી મોકલ્યામાંથી કોઇ પણ પક્ષ ઉત્તમ છે. मणिरञ्जित० મા વિસર્ગને ન લઇએ તો 'રાગ બેસતો નથી' એમ તમે લખો છો. પણ એ બરાબર નથી. વિસર્ગ કાઢી નાખવાથી એક પણ માત્રા ઓછી થતી નથી એટલે શાસ્ત્રીય રીતે ગાતાં રાગ કદાપિ તૂટે નહિ. છતાં symmetry ની ખાતર એ છે એમ ને એમ રહેવા દઇએ ને तव નું વિશેષણ લઇએ તો પણ મેં બતાવ્યા પ્રમાણે અર્થ બેસે. આગળ तव ન હોય તો પણ स्वपदा० ता स्व ઉપરથી तव ધ્વનિત હોવાથી અધ્યહાર લેવામાં વાંધો નથી. આમ શબ્દની Symmetry જળવાશે છતાં અર્થની નહિ જળવાય. માટે બધાં ष० વિશેષણોની માફક જોઇએ તો એને मम નું વિ૦ માનો મણે: इव रञ्जित यत्पुण्यं तेन शोभना मूर्तिः यस्य तस्य मम । રત્નના જેવા પ્રકાશિત (નિર્મળ) પુણ્યથી સુંદર રહે છે જેના અથવા (ગયા જન્મના પુણ્યની વાત કરીએ તો) રત્નના જેવા પ્રકાશિત પુણ્યથી સુદઢ દેહ પ્રાપ્ત થઇ છે જેને આ અર્થમાં પૂર્ણ Symmetry છે પણ મારી દષ્ટિએ જોઇએ તેટલું સૌન્દર્ય નથી. બીજાં मम નાં વિ.ની. સરખામણીમાં મને એ ફીકું અને વિદેશી લાગે છે. Symmetry ની ખાતર Symmetry મને પસંદ નથી. છતાં એકે અર્થ માટે મારો આગ્રહ નથી.

ખૂબ મઝામાં છું, બીજાં પણ કેટલાંક સ્તોત્રો વ્યાસને લખી લખી મોકલ્યાં છે. ફુરસદે તમને લખી મોકલશે. મને વખત નથી અને તમને શુદ્ધ કોપી મળે માટે હું વ્યાસને જ લખી મોકલું છું. નારેશ્વર-માહાત્મ્ય છપાઇ આવ્યે તમને મોકલાવીશ. તમે પેલા અનુષ્ઠાન માટે આસો મહિનામાં આવવાના છો ? આવવાના હો તો મને એક માસ પહેલાં ખબર આપજો કેમ કે મારે એ પ્રમાણે મારો કાર્યક્રમ ગોઠવવો પડશે. નર્મદામાં પૂર છે. હાલ એ જ.

લિ. **પાંડુરંગ**ના પ્રણામ

## ૮૭

શ્રી અમદાવાદ, મંગળવાર બપોર
(ઇ.સ. ૧૯૨૬-૨૭) વિ. સં. ૧૯૮૨-૮૩

ભાઇ મોદી,

હાલોલ જઇ આવ્યો. ત્રણ દિવસ માગી ખાનાર ભિખારીની માફક મહાત્મા

(બાદશાહ બાપજી) ની છાયામાં ખુલ્લામાં પડી રહ્યો. ખાવાપીવાની વ્યવસ્થા બારોબાર કોઇ ન જાણે તેમ હરિપ્રસાદે કરી દીધેલી. બાપજીએ જતાં વાર જ પ્રશ્ન કર્યો કે, 'રહોગે કે જાઓગે' મેં હાથ જોડી 'જેસી આજ્ઞા' એટલું જ કહ્યું. એક ઝાડ નીચે રહેવાની આજ્ઞા થઇ. દહાડામાં બેપાંચ વાર દર્શને જતો. બાકીનો વખત લોકોના ગપ્પાષ્ટકો સાંભળતો. બીજે દિવસે બપોરે કહ્યું 'જાઓ, આનંદ કરો. ઓર કયા !' છતાં હું રહ્યો, ત્રીજે દિવસે સ્હાંજે 'direct' પ્રશ્ન કર્યો. તુમકો કયા ચાહિયે ?' મેં કહ્યું, 'કુછ નહિ.' લોકોને મારો જવાબ સાંભળી વિચિત્રતા લાગી અને તેઓ મને મોટો માણસ માનવા લાગ્યા, કેમ કે મહાત્માજી એવો પ્રશ્ન ભાગ્યેજ કોઇને પૂછતા હશે, ને મારા જેવો નિષ્કામ જવાબ પણ કોણ આપે ? આવતી વખતે મહાત્માએ ગ્યાસતેલનો પ્રસાદ આપ્યો, જે અવધૂત દત્ત કહી ગળા નીચે ઉતારી મેં વદાય લીધી. આટલું બધું છતાં મહાત્મા માટે મને ભાવ ન થયો, એમનામાં કંઇ રામ હોય એમ પણ ન લાગ્યું. મારી ગણતરી ખોટી પણ હોય, છતાં જે છે તે તમને લખી જણાવું છું. તે દિવસે રાતની ગાડીએ મેં તમને સ્ટેશને આવવાનું લખેલું, ને તમે આવ્યા બપોરે એટલે ભેટ કેમ થાય? તમારું પરબીડિયું કાલે સાંજે જ મળ્યું, આજે ... ને મળ્યો. ગ્લેઝ પેપર પર ૫૦૦૦ નકલના ૧૪૫ બતાવ્યા. ૧૨૫ આપવાનું કહી હું નાસી છૂટ્યો. બબડ્યો પણ ના ન કહી શકયો; તમે બારોબાર બીલ આવવાની રાહ ન જોતાં જ ૧૨૫ રૂ.નો મ. ઓ. કે રજિસ્ટર એને જ નામે કરી દેજો. નહિ તો હું અહીંથી ગયા પછી કદાચ વધારે બીલ કરે.

ગુરુવાર સ્હાંજ સુધીમાં ૨૦૦ નકલો આપવાનું કહ્યું છે. તે લઇ હું તો શુક્રવારે સ્હવારની ગાડીએ ચાલ્યો જઇશ રણાપુર થઇ નારેશ્વર. રતનલાલ એકાએક સરસામાન લઇ રણાપુર ગયા છે અને હું રણાપુર થઇને જાઉં એવો દાસના આગ્રહ પણ છે એટલે એક પંથ દો કાજ, બાકીની નકલો - ૪૮૦૦ કયાં મોકલવી તે વિષે પત્ર ગુરુવાર સ્હાંજ સુધીમાં મળી જાય તો મને નહિ તો મૂળચંદને લખશો. આખા અમદાવાદમાં દત્તનો બ્લોક નથી મળતો, જેવી ભગવાનની ઇચ્છા ! એક ન્હાનો બ્લોક અંદર મૂકવાનું મન છે.

મુકામ અનસૂયાબ્હેનને બંગલે છે. ખૂબ મઝામાં છું.

લિ સ્નેહાધીન **પાંડુરંગ**ના પ્રણામ

## ૮૮

શ્રી દત્તકુટીર - નારેશ્વર શનિવાર બપોર
(વિ. સં. ૧૯૮૨-૮૩) (ઇ. સ. ૧૯૨૬-૨૭)

ભાઇ મોદી,

તમારો પત્ર હમણાં જ મળ્યો. ખૂબ આનંદમાં છું. પ્રવાસનાં સંસ્મરણો અનેરાં

છે, પણ બધાં કયાં લખવા બેસુ ? અમદાવાદથી લખેલાં ભજનો મળ્યાં હશે. આ સાથે બીજાં પણ કેટલાંક મોકલ્યાં છે. કોક કોક ઠેકાણે સમજણ ન પડે તો પણ બધા ફરીફરીથી વાંચજો. એથી તમને કંઇક શાંતિ જરૂર મળશે.

........ના બિલ સંબંધી થયેલી ઘાલમેલનો વિચાર મનમાંથી કાઢી નાખજો. ઇશ્વરની સૃષ્ટિમાં એવી તો કેટલીયે અણધારી બીનાઓ બને છે. પ્રભુનો એમાં પણ કોઇ ગૂઢ હેતુ રહેલો હશે. પુસ્તકનો ફેલાવો કરવાની ઉતાવળ કરશો નહિ. ઉપર લખેલી કિંમત આપવાને જે એકાદ આની પણ તૈયાર હોય તેવાના હાથમાં જ એ જવું જોઇએ. પુસ્તકનો પ્રચાર એટલે મારી જાહેરખબર નહિ એ ખાસ ધ્યાનમાં રાખજો. હું તો જે માગે છે તેને ટપાલખર્ચ માટે અડધા આનાની ટિકિટ મોકલી તમારે સરનામે નડીયાદ લખવાનું  છું. કોઇ પણ લાયબ્રેરી કે પાઠશાળામાં વગર મંગાવ્યે એક પણ નકલ મોકલવાની જરૂર નથી. માત્ર કેશવ શારદાભુવનને ત્રણેક નકલો મોકલાવજો બીજું તમારા મિત્રમંડળમાં જયાં ઠીક લાગે ત્યાં ભલે મોકલાવો, આપણા જુના વિદ્યાર્થીઓમાંથી કોઇને ઠીક લાગે તો મોકલાવજો, શિક્ષકોમાંથી કોઇને મોકલવાની જરૂર નથી. નકલો આપવામાં તે વ્યકિતના ભણતર કરતાં ભાવ તરફ વધારે જોવાની જરૂર છે. આશ્રમમાં ચંદ્રશંકર પર (ભૂલ હોય તો સુધારીને) બે નકલો મોકલાવજો, નીચે લખેલ સરનામે પણ બે ત્રણ નકલો મોકલાવજો. ભાઇ વ્યાસને પાંચ.

શ્રીકાંત જયરામ નવાથે-ભાઉની પોળ - કાચવાડા બારી પાસે, અમદાવાદ-૩.

શ્રી બાબુભાઇ લક્ષ્મીપ્રસાદ મહેત્તા, જિલ્લા સમિતિ, નંદરબાર, પશ્ચિમ ખાનદેશ - ર.

બ્રહ્મચારી ઓંકારાનંદ પરમહંસજીકી ગુફા, પુલકી પાસ, મોરટક્કા - ર

કોઇ પણ પ્રત સાથે પત્ર દાખલ એક લીટી પણ લખશો. માત્ર મોકલનાર તરીકે તમારુ નામ રેપર પર અથવા જોઇએ તો અંદર લખજો, બને તો આ બધી નકલો સુધારીને મોકલજો. છેવટે બ્રહ્મચારીવાળી તો જરૂર સુધારજો. બારોબાર નડીયાદથી મોકલવા માટે લખવાના હો તો સુધારવાની જરૂર નથી. બે ત્રણ ભૂલો રહી ગઇ છે.

છેવટે એક ગમ્મત લખું, પેલા પટેલ માસ્તરના ગુરુને ભૂલ્યા નહિં હો. તેમણે છએક મહિનાથી ભૂતપ્રેત કાઢવાનું ને મંત્રાદિથી રોગો મટાડવાનું, ગરીબોને શ્રીમંત બનાવવાનું વગેરેનું એક કાર્યાલય (નામ હું ભૂલી ગયો છું.) કાઢેલું. પરમાત્માએ એમને ચમત્કારો બતાવવા માટે થોડા દિવસમાં જ સ્વર્ગમાં બોલાવી લીધા ! અમદાવાદ સ્ટેશન ઊતરતા જ સ્હામા આવેલા ભાઇ શેઠે પ્રથમ જ એ વાત કહી.

ભાઇ રતનલાલ રણાપુર ઊપડી ગયાનું મેં લખેલું જ હવે રોજ આવનાર તરીકે કોઇ રહ્યું નથી એટલે સંપૂર્ણ એકાંત છે. બેત્રણ દિવસે પટેલ અને વિઠ્ઠલ ખબર લઇ જાય છે. શરીર સારું છે. એ જ....

- પાંડુરંગ

૮૯

શ્રી દત્તકુટીર, નારેશ્વર બુધવાર સ્હાંજ
(વિ. સં. ૧૯૮૩)

ભાઇ અંબાલાલ,

તમારો પત્ર મળ્યો. પુરારિનો અર્થ ઇન્દ્ર થાય છે એ વિશે મને શંકા નથી પણ શા કારણથી તે હું બરાબર નથી જાણતો. તમારે એ વિશે પાકી ખાતરી કરી જોવી ને જો એ અર્થ બરાબર ન હોય તો જ 'મહાદેવ' અર્થ લેવો. 'મહાદેવ' અર્થ લેવામાં 'ઇન્દ્ર'ના જેટલુ અર્થસૌંદર્ય નથી. મહાદેવના વરદાનથી ગણપતિ મહાદેવ કરતાંએ વધારે પૂજાય છે એ મહાદેવજી માટે ઉદારતાદ્યોતક ભલે હોય, પણ ગણપતિ માટે ઠીક નથી. જૂના વખતમાં ઇન્દ્રની પૂજા સાર્વત્રિક હતી. આજે કયાંએ નથી. માટે જો ઇન્દ્ર અર્થ લઇએ તો એનું કારણ મળી શકે, છતાં કલ્પનાને આધારે અર્થ નથી જ બેસાડવાનો. કોષ જોઇ ખાતરી કરશો. 'દુર્ગન્ધિપૂરક' નું કેમ ?

મારી ગણતરી પ્રમાણે મેં બતાવેલા કદના ચોપડાનાં ૨૦ થી વધારે પાનાં ભાગ્યેજ થાય ને તેનું ૪૦-૫૦ રૂા. ખર્ચ એકદમ ભારે લાગે છે. મારી ગણતરી પ્રમાણે ૨૫-૩૦ થી વધારે ખરચ ન જ આવે. મહાદેવના કામમાં કોઇનું કમિશન ન જ હોય. છતાં ઠીક ગણતરી કરીને લખજો. લોકો તો વડોદરેથી છપાવી લાવવાનું કહે છે પણ છપામણીમાં મારી નજર ન હોય તો કામ મને પસંદ પડે એવું ન થાય એ વિચારથી જ હું એટલી ઉપાધિમાં પડવા માગું છું. બ્લોક નવો કરાવવો કે કેમ તે હું લોકોને પૂછીને જણાવીશ; પણ ન બનાવડાવીએ તો બીજું શું મૂકવું ? બ્લોક જ બને તો 'નારેશ્વરાય વિદ્મહે મૃત્યુંજયાય ધીમહિ તન્નો રુદ્રઃ પ્રચોદયાત્' એ ગાયત્રી પણ circular આકારમાં ઝીણા ટાઇપમાં બ્લોક પર ગોઠવવાની છે.

તા. ૧૦મીએ ઇનામદાર આવવાના છે. તેમની સાથે વાતચીત કરી હું તમને છેલ્લો પત્ર લખીશ ત્યાં સુધી ઉપરની વાતોનો વિચાર કરી મને પત્ર લખશો, પ્રસ્તાવના આઠ-દશ લાઇનથી વધવા નહિ પામે, સ્તોત્રનું ભાષાંતર તમે જ કરી મોકલો. મારા ભાષાંતરનો નમૂનો તમારી પાસે છે જ. હું એમાં જરૂર પડે સુધારો કરીશ. ખૂબ કામમાં છું. જેમ તેમ કાગળ ઘસડ્યો છે. નારેશ્વરમાહાત્મ્ય પર critical અભિપ્રાય તો તમે નથી જ મોકલ્યો. સાથે નર્મદાષ્ટક મોકલું છું. 'નર્મદાષ્ટક' મોદીને મોકલાવશો. સ્તોત્રો માસિકમાં છપાવવા નથી. લંબાણથી અન્ય પત્રમાં.

– પાંડુરંગ

૭૭

૧. આજે સુણી ચમનમેં, મોહન તિહારી બંસી

૨. ચૌદ બ્રહ્માંડ મેરી ઝોલીમેં

૩. શૂન્ય-શિખર પર ચઢી, નિહાળ્યો વીજળીનો ચમકાર,
તીર્થ કહાં જાના મેરે ભાઇ ? (ભજનો લખેલાં છે.)

## ૯૦

શ્રી દત્તકુટીર-નારેશ્વર, સોમ સવાર
(૧-૨-૨૭)

ભાઈશ્રી અંબાલાલ,

ખૂબ મઝામાં છું. નાયકોની સ્થિતિ તપાસો છો ? સાથે સાથે તમારી પોતાની સ્થિતિ પણ તપાસતા રહેજો. મારી સાથે વિચરવું છે ? વિચરવાની ઈચ્છા થતી હોય તો રજાઓનો સંગ્રહ કરી રાખજો. વખત આવ્યે તમને લખીશ. અવધૂતની સ્વારી થોડા વખતમાં અહીંથી ઉપડી જશે. આ ચાતુર્માસ માટે બે સ્ફુરણ છે. એક મહારાષ્ટ્ર અને બીજું મોરટક્કાની ગુફા. જો મોરટક્કા જવાનું થાય તો ચાતુર્માસ પૂરૂં થયે – ભાદ્ર. પૂ. પછી – ત્યાંથી પગે ચાલી સ્વસ્થાને પાછા આવવા વિચાર છે. વચમાં શૂલાપાણીશ્વરની ઝાડી આવશે. લગભગ ત્રીજા ભાગની – બે કિનારે થઈ – મજલ થશે.

પાસે કોરા કાગળ નથી. બે પાંચ બુકપોસ્ટથી મોકલી આપશો ? હાલ એ જ.

લિ. સ્નેહાધીન
**પાંડુરંગના પ્રણામ**

## ૯૧

શ્રી મલ્યા તારીખ ૩-૩-૨૭

દત્તકુટીર-નારેશ્વર શુક્રવાર બપોર
૨૫-૨-૨૭

ભાઈ મોદી,

પારસલ મળ્યું. મેં તમને ચાર પાંચ દિવસ પર જ એક પત્ર લખેલો. તે મળ્યો હશે. તમારો પત્ર વાંચ્યો. તમારા મનની અસ્વસ્થતાનું તેમાંથી સ્હેજે માપ નિકળી શકે છે. હું દિલગીર છું કે તમારા ઉત્સાહને હું પોષી શકતો નથી. દિવસે દિવસે મારો એ નિશ્ચય વધારે દઢ થતો જાય છે કે કોઈ એવે સ્થળે જઈ બેસવું કે જ્યાં કોઈ મને પિછાનતું ન હોય કે ન તો કોઈ કાગળ પણ લખી શકે. પરમાત્માની આજ્ઞાની રાહ જોઈ હ્યો છું.

દત્તની જાહેરખબર ગૂંઠમાં આવી છે તે મને જરાએ રુચ્યું નથી. સત્યને જાહેરખબરની જરૂર નથી. એ પોતાનો પ્રચાર પોતાની મેળે કરી લેવાને પૂર્ણ રીતે સમર્થ છે. પ્યાસો હશે તે જળાશય ખોળતો હજાર ગાઉથી પણ દોડી આવશે ને પાણી પાનારને અંતરની આશિષ દેશે; અને વગર પ્યાસાની પાસે અમૃત ધરશો તો પણ તે નકામું છે. એવું મેં તમને અનેક વાર કહ્યું હશે. પણ સ્વભાવનું ઓસડ નથી. એટલે હવે એ સંબંધમાં હું મૌન જ રાખું તે ઠીક.

હાલમાં અનેક બાહોશ માણસો પત્રવ્યવહારથી અનેક જાતના ઈલ્મો શીખવવાના વર્ગો ચલાવી રહ્યા છે. તમારા પત્ર ઉપરથી હું એવી 'બાહોશી' કેળવું એવી તમારી ઈચ્છા હોય એમ જણાય છે. પણ હું શું કરૂં ? હું તો સાવ ગમાર છું ને દિવસે દિવસે વધારે ગમાર થતો જાઉં છું. થોડા દિવસ પછી સુધરેલા ને ભણેલાગણેલા લોકો મારી પાસે આવતાં પણ – મારી સાથે પોતાનો કંઈક સંબંધ છે એમ જાહેરમાં (સુધરેલા સમાજમાં) જણાવતાં પણ કદાચ શરમાશે. એ દિવસ વહેલો આવે એમ ઈચ્છું છું.

તમારા પ્રશ્નોના સમાધાનમાં હું શું લખું ? તમને મેં અનેક વાર કહ્યું હશે કે અભ્યાસ અને અનુભવ બેમાં ઉત્તર–દક્ષિણ ધ્રુવ જેટલું અંતર છે. એક કણ અનુભવ હજારો ખાંડી અભ્યાસ કરતાં પણ વધારે કિંમતી છે. પેલા શાસ્ત્રીની શંકાઓનો હું શો જવાબ આપું ? હું શાસ્ત્રી નથી. કદાચ ગાંડો–ઘેલો જવાબ આપવાનો પ્રયત્ન કરૂં તો એ જવાબમાં શંકાઓ નિકળશે ને તેમનું સમાધાન કરવા બેસીશ તો વળી બીજી નિકળશે ને એમ અનવસ્થા થશે. માટે હું મૌન રાખું એ જ ઠીક. મને 'डुकृञ्करणे' પંથના શાસ્ત્રીઓનો કંટાળો છે. બાકી 'भज गोविंदं' પંથના શાસ્ત્રીઓ કે અશાસ્ત્રીઓનો તો હું ચરણનો દાસ છું. તમારા શાસ્ત્રી કયા પંથના પૂજારી છે તે તમે જ સારી પેઠે જાણી શકશો. તમે મને બધું "Critically' વાંચી ને સુધારી જવા ભલામણ કરો છો. પણ મારી "critic'ની આંખો ફૂટી ગઈ છે. હું બીજાઓને પણ કહું છું કે criticની આંખો બાજુએ મૂકી ભક્તની દૃષ્ટિથી સૌની તરફ – આ કે અન્ય કોઈનાં સ્તોત્ર પણ – નિહાળો તો તમને અવશ્ય આનંદ મળશે. ભાષાશાસ્ત્રીઓને શબ્દ કૂચા ચૂંથવા દો. તમે તો અંદરનો ભક્તિરસ જ પીઓ. પૂછે તેને કહો કે હું કંઈ જાણતો નથી. અંદરથી કંઈ મળે તેવું હોય તો લો નહિ તો પુસ્તકને ગટરમાં ફેંકી દો. મેં તમને પુસ્તકના પ્રચારમાં ભણતર કરતાં ભાવ તરફ વધારે નજર રાખવા કહેલું – મને લાગે છે કે લખેલું પણ ખરૂં. ઈશ્વરના દરબારમાં ભણતરની – શુષ્ક શબ્દ પાંડિત્યની – જરૂર છે જ એમ નથી. ઊલટું કેટલીક વાર સાધકને એ અભિમાનગર્તામાં નાખી વિઘ્નકર્તા નીવડે છે પણ ભાવ વગર – નિખાલસ પ્રેમ વગર – તો ત્યાં ડગલું પણ વધી શકાય તેમ નથી. લખાણમાં હું – મારો સ્થૂળ હાથ કે મગજ – શો ફેરફાર કરૂં ? જેણે એ લખાવ્યું તેનો એમાં શો હેતુ હશે તે કદાચ મારાથી ન કળી શકાય પણ તેથી એ અયથાર્થ છે એમ હું કેમ કહી શકું ? છતાં તે તે શાસ્ત્રીને કે Criticને તે તે પ્રમાણે સુધારીને વાંચવું હોય તો મારો જરાયે તેમ ન કરવા માટે દુરાગ્રહ નથી. મારી દૃષ્ટિથી તો બે પાંચ ઠેકાણે પ્રેસની–બીબાં ઊડી વગેરે

જવાની-ભૂલો રહી ગઈ છે. બાકી કંઈએ ભૂલ નથી. પ્રસ્તાવનાની પેલી ભૂલનું કારણ પ્રસ્તાવનાનું પ્રૂફ મને ફરી જોવા મલ્યું નથી એ જ છે. એટલે તમારે ભૂલો-કહેવાતી ભૂલો સુધાર્યા વગર જ નકલો આપવી. જેને જે ઠેકાણે જે ભૂલ જણાશે તે તે ઠેકાણે તેટલો સુધારો કરી લેશે. બીબાં ઊડી ગયાને લીધે થયેલી ભૂલો સ્હેજે ધ્યાનમાં આવે તેવી છે. શ્વાનાઃ એ પ્ર.બ. નું રૂપ બરાબર છે. શ્વાન પુ. શબ્દ છે. મારી પાસે વૈદ્યની ડીક્સ્નેરી છે તેમાં એ આપેલો છે. અમરકોષમાં કદાચ ન હોય ને તેથી પેલા શાસ્ત્રીએ એ ભૂલ કાઢી હોય. પણ અમરકોષ એટલે પૂર્ણકોષ નહિ. બીજું શ્લોકમાં ધાતુઓના પદમાં metre માટે અથવા તો બીજા કોઈ યોગ્ય કારણસર ફેરફાર કરવાનો કવિને પૂર્ણ હક્ક છે. ભગવાન શંકરાચાર્ય જેવાએ रम् ધાતુ પરસ્મૈ૦ તરીકે વાપર્યો છે ને બીજા અનેક દાખલાઓ અનેક ધાતુઓના એવા વપરાશના સમર્થનમાં ટાંકી શકાશે. પ્ર+अर्थ એ આત્મ૦ છે એની મને પૂર્ણ જાણ છે પણ એ ૦ प्रार्थअेतान्ध ૦ કરતાં વધારે forcible poetic & inspired છે અને તેથી જ તેવું સ્ફુર્યું છે. સ્તોત્રમાં મેં ભાષાનો કે અર્થનો વિચાર કર્યો જ નથી. જેમ સ્ફુર્યું તે તેમ લખ્યું છે. જો એ વિચારવા બેઠો હોત તો મારી ખાતરી છે કે બધું 'ટ્રાન્સ્લેટીયા' થઈ જાત ને હું એક પણ શ્લોક લખી શકત નહિ. મને લાગે છે કે ભાઈ વ્યાસને મેં સ્તોત્ર સમજાવતી વખતે આ ગૂંચો બધી ઉકેલી બતાવી હતી કે જેથી તેમને પોતાને વ્યામોહ ન થાય. બાકી ભાષાશાસ્ત્રીઓનું સમાધાન તો આપણે કદી કરી શકવાના નથી - કરવાની જરૂર પણ નથી. ભાઈ કિશોરીલાલભાઈની શંકાઓ ને તેનું મારૂં નિરાકરણ તમે જોએલું જ-એમને गीर्वाण એટલે દેવ-એમાં જ શંકા ઉદ્‌ભવેલી. થોડા દિવસ પર જ એક મારવાડી શાસ્ત્રી નામ સાંભળી શુકલતીર્થથી ચાલીને મળવા આવેલો. અસ્ખલિત સંસ્કૃત બોલતો હતો. વાતચીતમાં પોતે વાસુદેવાનંદસરસ્વતીનો સહવાસ કરેલો એમ નીકળ્યું એટલે હું વાત કરવા લાગ્યો. એણે મૂલ્યં ત્રીશભક્તિઃ એ શબ્દો વાંચી ત્રીશ શબ્દ સંસ્કૃત છે કે કેમ એવી જ શંકા ઉઠાવી ! મેં અનેક રીતે ત્રીશ શબ્દની સિદ્ધિ કરી. એટલે અન્ય ચર્ચા મૂકી હિંદીમાં વાતચીત કરવા લાગ્યો. એને સામે પાર મૂકી આવવા વિઠ્ઠલને સાથે મોકલ્યો ત્યારે માર્ગમાં વિઠ્ઠલને કહેવા લાગ્યો કે હું તો મહારાજની પરીક્ષા કરવા આવેલો પણ મહારાજ તો....એમની ખૂબ સેવા કરજો તમને ગમારોને એમની કદર નથી ! વિઠ્ઠલનો report સાંભળી મને હસવું આવ્યું ને એની સાથે વાતચીત કરવા માટે પશ્ચાતાપ થયો. મારી ભિખારીની પરીક્ષા શી ? હું જીત્યો તોએ શું ને હાર્યો તોએ શું ? પણ વાત એમ ન હતી. એને સાચે જ ત્રીશ શબ્દ વિષે ભ્રાંતિ હતી. સંસ્કૃત બોલ્યો તેથી શું થયું ? સમર્થનમાં મેં વાસુદેવાનંદના જ એક બે શ્લોક-એ શબ્દ વપરાએલા-ટાંકી બતાવ્યા. ત્યારે જ તેણે એની શાસ્ત્રીયતા કબૂલ કરી. પંડિતો સાથે સંબંધમાં આવતાં 'बोद्धारो मत्सरग्रस्ताः' એ ભર્તૃહરિનં વાક્ય જરૂર યાદ રાખવું. આ બધું તમારો પાંડિત્યનો વ્યાહમોહ દૂર

થવા માટે લખું છું. બાકી મારે તો કંઈ નથી. પંડિતો ને પ્રોફેસરો કે અન્યોની સાથે ચર્ચા કરવાનું છોડી દઈ શાંતિથી ભગવાનનું ભજન કરો. ને સ્વભાવ એમ ઠરીને ન બેસવા દે તો યથાશક્તિ યથાબુદ્ધિ ભલે ચર્ચા કરો. માત્ર મને referકરશો નહિ. હું તો ધીમે ધીમે ધીમે બધી ભાષાઓ ભૂલી જાઉં છું-કેટલીક તો ભૂલી ગયો પણ છું. માત્ર હૃદયની ભાષા જાણું છું-જાણવાનો પ્રયત્ન કરૂં છું. પેલા શાસ્ત્રીએ સ્ત્રીશપ્રાપ્ત્યૈ બદલવાનું કહ્યું તેનું કારણ એમને એમાં 'સ્ત્રિયોના ઈશ' (સ્ત્રીશ) એવી કોઈને ગંધ આવે એવો ડર લાગ્યો હશે. પણ કોઈનું નાક સડેલું હશે તો એને અમૃતમાં પણ મૃત સાંભળીને મરણની ગંધ આવશે. પણ તેથી આપણને શું ? એમને જોઈએ તો ફેરવીને વાંચે મારી philosophyમાં બીજાનો વિચાર જ નથી. મારા સ્વામીને કોઈ સ્ત્રીયોના ઈશ-અંતર્યામી-તો શું પણ હીજડાના ઈશ કહે તો પણ એમાં મને કંઈ ખોટું લાગતું નથી. એ સર્વના ઈશ છે. સ્ત્રી, પુરુષ, હીજડા, જડચેતન સર્વના. વળી સ્ત્રી એટલે માયા, પ્રકૃતિ ને તેના ઈશ-નિયંતા. એ દૃષ્ટિથી પણ સ્ત્રીશ શબ્દ કાને પડતાં કંઈ અબ્રહ્મણ્ય થઈ જાય એમ મને નથી લાગતું. બાકી શબ્દ તો ત્યાં ત્રીશાજ જ છે સ્ તો વિસર્ગનો આવેલ છે. शेष लंबं એ પ્રયોગ પ્રાચીન નથી એટલે શું ? પ્રાચીન ન હોય તે બધું સાચું પણ નથી એવો તો તમારા શાસ્ત્રીનો ખ્યાલ નથી ને ? હું પ્રાચીન કે અર્વાચીનને નથી વર્યો; પણ સત્યને વર્યો છું. ને સત્ય ગમે તે garb માં આવે તો પણ મને તે તેટલું જ પ્રિય છે. સૂક્ષ્મદૃષ્ટિવાળાને તો garbનો વિચાર સ્પર્શ પણ નથી કરતો. પણ સ્થૂલ દૃષ્ટિવાળાને એ જૂના garb કરતા નવું garb ઊલટો વધારે આનંદ આપે છે. એ પ્રાચીન ભલે ન હોય પણ વિદેશી તો નથી જ. મને લાગે છે કે તમારા શાસ્ત્રીને આટલી દક્ષિણા બસ થશે.

આખા સ્તોત્રમાં મારી દૃષ્ટિથી એક જ કરવાનું રહી ગયું છે અને તે એ કે જો ભારે શબ્દોના નીચે સંસ્કૃતમાં જ અર્થ આપ્યા હોત તો ઠીક થાત પણ ઉતાવળને લીધે તેમ બની શક્યું નથી. બધું દોઢ દિવસમાં છપાઈને તૈયાર થયું છે. મારાથી ત્યાં વધારે રોકાય એવું હતું નહિ એટલે એમ કર્યે જ છૂટકો હતો. બીજી આવૃત્તિ કઢાવવાનો સુયોગ તમને પ્રાપ્ત થાય તો એ ભૂલ સુધારી લેશો. તમને એક સૂચના કરી લઉં કે બધાં સ્તોત્રો ભજનો વગેર ખૂબ વાંચો ને બધી શંકાઓ-ભાષાની દૃષ્ટિથી પણ - એક નોટમાં ઉતારી રાખો. કોકવાર રૂબરૂમાં એની ચર્ચા કરીશું. તમને અહીં આવતા પહેલાં તેમ કરીને આવવાનું લખેલું પણ તમારાથી તેમ બની શક્યું નહિ. તે માટે તો હું નિરૂપાય છું. તમારે બીજા પ્રસંગ માટે રાહ જોવી જ રહી. ઈશ્વરેચ્છા હશે તો મહારાષ્ટ્રમાં જતાં માર્ગમાં બે દિવસ તમારી મુલાકાત લઈશ - મારી પાસે નકલ નથી. એટલે અક્ષરગીતાની શંકાઓનું નિરાકરણ નથી કરી શકતો. પણ એક વચનના અનેક કર્તા ભેગા થાય ભલે च થી જોડાયા હોય તો એક વચનમાં verb આવી શકે. દરેકની સાથે નોખું નોખું જોડવું. આ બધું તમારા સંતોષ માટે લખું છું. બાકી મારે માટે જે કોઈ પૂછે તેને હું નિખાલસ દિલે કહું છું કે ભાઈ,

હું મૂરખ નાદાન, સંતો, હું મૂરખ નાદાન. - ટેક

સ્નાન ન જાણું, ધ્યાન ન જાણું;
પૂજા નવ પવમાન, સંતો૦ ૧
દેવ ન જાણું, ધર્મ ન જાણું;
કર્મ તણું નવ ભાન, સંતો૦ ૨
વેદ ન જાણું, પુરાણ ન જાણું;
દર્શન નાહીં કુરાન, સંતો૦ ૩
કાવ્ય ન જાણું, ભાણ ન જાણું;
છંદતાલ નહિ જ્ઞાન, સંતો૦ ૪
મંદિર જાઉં ન મસ્જીદ ધાઉં
દત્તદ્વાર હું શ્વાન, સંતો૦ ૫
ભોં ભોં કરતાં જન્મ ગયો આ
**રંગ** થજો અવસાન સંતો૦ ૬

તપસી ! સાચે જ કહું છું

I am nothing more than a dog barking for bread at the gate of the Almighty God. Knowing this those who wish to share my fate, are all welcome. But those who expect higher things sweet Kooyings of cuckoos in the form of scriptural...scientific discourses-from me will, I am afraid will sadly be disappointed.

**અવધૂતેર રંગ**

તા.ક. ભાઈ નારાયણની તબીયત બાબતમાં એનું અનિયમિત જીવન જ કારણભૂત છે. ત્યાં આવ્યા પછી એનું જીવન સુધર્યું હોય તો હું*નથી જાણતો- સુધર્યું હોય તો મને તેથી આનંદ જ છે. પણ એના અમદાવાદના જીવનથી તો મને પૂર્ણ અસંતોષ જ હતો. એને સલાહ આપવાની લાયકાત મારામાં કોઈ પણ દિવસ હતી અથવા આજે છે એમ હું નથી માનતો. છતાં તમે પૂછો જ છો તો લખું છું. એની મારા પ્રત્યે જેટલી શ્રદ્ધા હશે તેટલો ગુણ આવશે. પણ ચ્હા કે એવું બીજું કોઈ પણ intoxicative લેવાનું એણે એકદમ મૂકી દેવું જોઈએ. ચ્હા વ. ને બદલે જોઈએ તો દૂધ લે. જો regular fit આવતી હોય તો આવવાનાં ચિહ્‌ન જણાય કે તરત જ એક નવી ચલમ લઈ તેમાં સા... (કડક નહિ) તમાકુ અને થોડી ભાંગ (ભાંગ અડધા કરતાં કંઈક વધારે પ્રમાણમાં) મેળવી તેનો ધૂમાડો પીએ. પા પા કલાકને અંતરે કે ફીટ સખત હોય તો એથા પણ વધારે જલદીથી આવી ચલમ ફૂંકવાથી થોડા દિવસમાં જ દરદ નાબૂદ થશે.

પણ ફીટનું જરાએ ચિહ્ન ન હોય ત્યારે આ પ્રયોગ ન કરવો. માત્ર માંદગીની મુદત માટે જ છે. રહી જાય કે એકાદ વાર ફૂંકી બંધ. પાછી કોઈ દિવસ ઉપડશે એમ જણાય કે ચિહ્ન માલમ પડતાં જ શરૂ.

દરરોજ ચાર છ મહિના તદ્દન રોગ જતાં સુધી આટલી ચીજો-માલકાંકણી, ખુરાસાની અજમો, અક્કલગરો, જાયફળ, લવંગ, એલચી-દોડા, અજમો, વાવડીંગ, નાગકેસર, સમાન ભાગે લઈ ભાંગરાના (મરાઠીમાં માકા) રસમાં બોર-મોટાં ચણીબોર જેવડી-જેવડી ગોળી કરી સવારે જંગલ પાણી જઈ આવ્યા પછી એક એક ગોળી પાણી સાથે. પથ્યમાં મગ, ઘઉં, ઘી, દૂધ ચોખા ને ફળમાં દ્રાક્ષ આમળાં, દાઢમ વગેરે ઈચ્છા થાય તો. ગરમ પદાર્થો (ગોળ, તેલ, મરચાંદિ), ભાજી, પાલો, અતિ મહેનત (કસરતાદિ)ને જડાન્ન (મિષ્ટાન) તદ્દન વર્જ્ય.

ઝંડુનું સારસ્વત ચૂર્ણ પણ સાંજે સૂતી વખતે દૂધ સાથે લેવાથી કંઈક ફાયદો કરે.

ભાંગરો ભેજવાળી જગ્યાએ બારે માસ ઊગે છે. અમારા લોકોમાં શ્રાદ્ધમાં એની અવશ્યમેવ જરૂર પડે છે. દેવને તુળસી અને પિતૃઓને ભાંગરો અપાય છે. ભાઈ એ ઓળખતો હશે.

બીજું, અહીંયાં કંઈ પણ રેલ્વે પારસલથી મોકલવું નહિ કેમકે પારસલ બીજે જ દિવસે આવે છે ને રસીદને આવતાં ટપાલની અનિયમિતતાને લીધે ઘણીવાર થવાથી, નકામું ડામરેજ ભરવું પડે છે. આ પારસલના ૧૨ આના ને ડામરેજના ૧૦ આના મળી વિઠ્ઠલને ૨૨ આના ભરવા પડ્યા ! હું તો નિષ્કાંચન થઈને બેઠો છું એટલે મારે નાહક બીજાને-અને બીજાને એટલે વિઠ્ઠલને કેમકે બીજો કોઈ છે જ નહિ-ખર્ચના બોજામાં ઉતારવો પડે છે. ને ધર્મ કરતાં ધાડ આવી પડે છે. એટલે મને લાગે છે કે મારે એ ઉપાધિ ન વ્હોરી લેવી એજ ઠીક.

**અવધૂતેર રંગ**

## ૯૨

શ્રી — રવિવાર બપોર

(૬-૩-૨૭)

ભાઈ મોદી,

તમારું પત્તુ મળ્યું. મારું પરબીડીયું તમને મળી ગયું હશે. વાસ્ની બે ગરબીઓ સિવાયની અન્ય સર્વ ગરબીઓ અને X આવું ચિહ્ન કરેલાં ભજનો તમારી ફૂરસદે ભાઈ વ્યાસને લખી મોકલાવશો.

તમને પત્ર લખ્યો તે રાત્રે જ એકાએક પિત્ત ઉભરાઈ ગયેલું ને આઠથી લગભગ બાર એક વાગ્યા સુધી વાંતિથી શરીર ખૂબ હેરાન થયું હતું. પરિણામે અશક્તિ ખૂબ આવી ગઈ છે.

મોઢામાં રુચિ નથી એટલે ખવાતું પણ નથી. બાકી ખૂબ આનંદ છે. રતનલાલ ગયા પછી રોજ આવનાર પણ કોઈ રહ્યું નથી. એટલે એકાંત પણ ખૂબ મળે છે.

તમારા કપડવણજના કોઈ મિત્રનો થોડા દિવસ પર એક પત્ર હતો. ત્યાં કોઈ પતિતપાવન સાક્ષાત્ ભગવાનના અવતાર એવા મહાત્મા પધારેલા છે. એમના દર્શનનો અમૂલ્ય ને અલભ્ય લાભ લેવા એ ભાઈ તમને આગ્રહપૂર્વક નોતરે છે. કાગળ મેં ભૂલથી ફાડી નાંખ્યો એટલે redirect કરી શકું તેમ નથી. મારાં લખાણની તમે એને વાત કરેલી એમ લાગે છે. એ એ બધાં લઈને તમને નોતરે છે ને ફાવે ત્યાંથી પૈસા લાવીને પણ એ બધાં છપાવી નાખવાની વાત કરે છે. મને લાગે છે કે પ્રશ્નોત્તરગીતા (એનું બીજું નામ 'પ્રશ્નોત્તર પંચક' મને સૂઝ્યું છે તમને યોગ્ય લાગે તો એ રાખશો) વગર બીજું કંઈ પણ છપાવવાની હાલમાં ઉતાવળ કરવાની જરૂર નથી. અને એ પણ તમારા નામથી પ્રકાશિત થાય તો ઠીક. પૈસા આપનારનું નામ પ્રસ્તાવનામાં કે બીજી કોઈ રીતે ભલે આવે. લખાણ હરકોઈ માણસના હાથમાં મૂકવા જેવાં નથી. એને એ રૂપમાં કે થોડો ફેરફાર કરીને લોકો બીજાનાં લખાણ પોતાને કે પોતાના કોઈ કંઠી બાંધનાર ગુરુને નામે છપાવી મારે છે, પૈસા હોય એટલે થયું. મારી જાણમાં એવા કેટલાએ દાખલાઓ છે-માટે આ અગમચેતી પત્ર લખ્યો છે. કોઈ પણ માણસના શુદ્ધ હેતુની ખાતરી કર્યા વગર એના હાથમાં અપ્રસિદ્ધ લખાણ કેવળ જોવા ખાતર પણ મૂકવા જેવું નથી. છપાવવાની ઉતાવળ કરવાની બિલકુલ જરૂર નથી. યોગ્ય સમયે પરમેશ્વર તમને જ બધી જોગવાઈ કરી આપશે.

પેલી પ્રસ્તાવનામાં समस्तभक्तवृंदोपकारकम् ને બદલે ભૂલથી समस्तभक्तवृंदोपकारम् છપાઈ ગયું છે તો પણ વાંધા જેવું નથી. એ સ્તોત્ર 'બધા ભકતવૃંદ પર ઉપકાર છે' એમ માનીને प्रकाशं એવો અર્થ એનો થાય. તમે સ્તોત્રને એ દષ્ટિથી જુવો એમાં કંઈ ખોટું નથી. હું એમ જોઉં કે કહું તો એ માત્ર અહંકાર છે. તમારા મોઢામાં એ શબ્દો ખરાબ નથી. ઉલટું એ શબ્દોથી તમને એ સ્તોત્ર અને તેના રચનાર પ્રત્યે અત્યંત ભાવ છે એમ જ સૂચિત થશે. એમ થાય તેમાં કંઈ ખોટું નથી. નીચે મારી સહી હોત તો માત્ર સુધારો કર્યા વગર હું એક પણ નકલ despatch કરવા ન દેત. સંસ્કૃત ભાષાનો ને ઉપાસનાનો પણ કંઈ ચમત્કાર તમારી નજરે પડે એમ જાણીને આટલું સ્પષ્ટ કર્યું છે. બાકી એ અર્થને એમાંની ખૂબી તમે જાતે જ ખોળી કાઢી હોત તો વધારે ઠીક થાત.

પેલી દવામાં ભાંગરો ન જ મળે તો તુળસીના રસમાં ગોળીઓ વાળશો; પણ દવા બનાવો જ તો આળસને લીધે ભાંગરાની શોધ પડતી ન મૂકશો.

ભાઈ વ્યાસ નાયકડાઓની સ્થિતિ તપાસ કરવા માટે હાલોલ તાલુકામાં tour પર ઉપડ્યા છે. હોળી ઉપર પાછા સ્વસ્થાને જશે એમ ઘણા દિવસ પર લખતા હતા. બે એક મહિના રણાપુરમાં એક informal (અનૌપચારિક) વિદ્યાપીઠ ચલાવ્યા પછી ભાઈ રતનલાલ સરખેજ ઉપડ્યા છે. હજી સામાન રણાપુરમાં જ છે. હાલ એજ.

**અવધૂતેર રંગ**

## ૯૩

શ્રી દત્તકુટર-નારેશ્વર, રામનવમી

(૧૩-૪-૨૭)

ભાઈ મોદી,

તમારો પત્ર મળ્યો. દત્તભગવાન વિષે ગુજરાતીમાં કંઈ સાહિત્ય છે કે કેમ તેની મને માહિતી નથી. અવધૂતગીતાનું હીરાલાલ વેદાંત કવિ નામના કોઈ માણસે ગુ. ભાષાંતર કર્યું છે. તેની પ્રસ્તાવનામાં કંઈક એમના જીવન વિષે ઉલ્લેખ છે. ગાંડા મહારાજનાં પુરુષધર્મનિરૂપણ અને સ્ત્રીધર્મનિરૂપણ એ બે પુસ્તકોમાં પણ કંઈક ઉલ્લેખ કદાચ હોય. પુરાણોમાં ભાગવત, માર્કંડેય પુરાણ, નારદપુરાણ વગેરેમાં ઘણું સાહિત્ય છે. મરાઠીમાં ગુરુચરિત્ર, દત્ત સ્તવરાજ, શ્રી દત્તપંચપદી વગેરે પુસ્તકો અને અનેક હિંદી મરાઠી ભજનો મારી જાણમાં છે. પણ સ્વામીશ્રી વાસુદેવાનંદસરસ્વતીના ગ્રંથોમાં-દત્તપુરાણ, દત્તમાહાત્મ્ય, ગુરુચરિત, દત્તાત્રેયજયંતી શ્રીષોડશકલ્પ વગેરેમાં એ બધું પદ્ધતિસર અને સંગૃહીત રૂપમાં મળી આવશે.

નિર્ણય સાગર પ્રેસમાં અને કેટલાક મનોરંજન પ્રેસ-મુંબઈમાં છપાયેલ છે. પણ સંસ્કૃતજ્ઞ સિવાય અન્યને માટે એ દુર્બોધ છે. આપણા 'ઢૂંઢત દેખા જગતમેં' એ ભજનમાં છેલ્લે 'આત્રેયા નિર્ધાર' છે તેને બદલે 'રંગ દત્ત નિર્ધાર' એમ સુધારો કરશો જેથી બધાં ભજનોમાં symmetry જળવાશે. શરણાષ્ટકમાં यातेने બદલે याति ચાલશે. અવધૂત દત્તની ધૂન ઘેર ઘેર ગાજે તેમાં હું રાજી જ છું. એના પ્રચારમાં પશ્ચિમની વાંદરીયા પદ્ધતિ અખત્યાર કરવા નથી ઈચ્છા. mouth to mouth & hand to hand & fail that by correspondence પ્રચાર. જેમને ધર્મનો એકડો પણ ખબર નથી તેમના ધાર્મિક પુસ્તકો પર અભિપ્રાય માગવા ને તેના જોર પર ધાર્મિક સાહિત્યનો પ્રચાર કરવો એ માત્ર અધમાધમ છે.

## ૯૪

શ્રી દત્તકુટીર-નારેશ્વર વૈ.શુ. ૧૦

(૧૪-૫-૨૭)

ભાઈ મોદી,

તમારાં બંને પત્તાં મળ્યાં. બીજું આજે જ મળ્યું. પહેલાના જવાબમાં મેં એક પરબીડીયું નાખેલું તે મળ્યું હશે. એમાંના છેલ્લા સિવાયનાં બીજાં સર્વ ભજનો વ્યાસને લખી મોકલવાનાં છે.

પગરખાંના સંબંધમાં મેં કંઈજ નિશ્ચય નથી કર્યો. ગોધરેથી ચંપલ અપાવેલાં, પણ મેં તો અહીં આવતાં જ એ આપી દીધાં. શિયાળામાં પગ ખૂબ ફાટી ગયા ને કાંટાઓ વગેરેથી ત્રાસ પણ અત્યંત થયો ત્યારથી લાકડાની પાવડીઓ મળી ગઈ છે તેનો ઉપયોગ કરું છું. પણ તે અહીં પૂરતી જ છે. મને લાગે છે કે મારે ઉઘાડે પગે ફરવું એ જ ઠીક છે. થોડા દિવસોમાં ચામડી બહેરી થશે એટલે ટેવાઈ જશે. ચામડું ન

વપરાય તો ઠીક અને લાકડાથી લાંબી મજલ ન થઈ શકે એટલે નગ્નતા જ ઠીક છે.

તમારે ભીલ મંડળમાં જોડાવું હોય તો વ્યાસ જોગવાઈ કરી શકશે. ત્યાં ભીલોમાં રહેવું પડશે. બાકી બીજી પૂર્ણ સ્વતંત્રતા છે.

## ૯૫

શ્રી દત્ત-કુટીર નારેશ્વર, જે.વ. ૧૧.
(૨૬-૬-૨૭)

ભાઈ અંબાલાલ,

તમારો પત્ર મોડો મળ્યો. ખૂબ આનંદમાં છું. ગુરુમહારાજની આજ્ઞાથી ચતુર્માસ ગામ સાંકોરી (જિ. અહમદનગર) બાબા ઉપાસની મહારાજના સાંનિધ્યમાં પસાર કરવાનું નક્કી કર્યું છે. ત્યાંથી કદાચ ખેડીઘાટ જવાનું થાય ને ત્યાંથી પરિક્રમા, તમારે ભા.વ.૦) સુધી મારા પત્રની રાહ જોવી ને ત્યાર પછી રજાનો જે ઉપયોગ કરવો હોય તે કરવો.

ગુરુવારે સવારે ગોધરા આવવા નીકળું છું. ત્યાં રવિવાર સુધી રહી સોમવારે સાંજના ફાસ્ટમાં મુંબઈ થઈ બે ત્રણ દિવસ ત્યાં રહી આગળ પ્રયાણ કરીશ. પાછા હરિ લાવે ત્યારે.

તમે મંડળમાં કાયમ ખાતે જોડાવાનું નક્કી કર્યું છે એ ઠીક છે, બીજી સંસ્થાઓ કરતાં ભીલમંડળ ઠીક છે. પણ ત્યાં રહી સાવ ભીલ બની જતા ના. હર પ્રયત્ને બ્રાહ્મણત્વ જાગૃત રાખવાની ખબરદારી રાખશો. હાલ એજ.

તપસીજીનો મારા પર પણ બે એક મહિનાથી પત્ર નથી.

લિ. સ્નેહાધીન
**પાંડુરંગના પ્રણામ**

## ૯૬

શ્રી ગુરુપૂર્ણિમા, (૧૬-૭-૧૯૨૭)

ગામ રણાપુર મધ્યે સોની હરગોવન કાનજી વગેરે વિ.

વિ. કે હું અત્રે ખૂબ આનંદમાં છું. બે મહિના અહીંયા જ નીકળશે. પછીની વાત તો પ્રભુ જાણે. મારે નામે કોઈ કાગળ વગેરે આવ્યા હોય તો નીચેને સરનામે મોકલી આપશો. સરનામું બાળબોધ લિપિમાં કોઈ પાસે લખાવશો. કેમકે ગુજરાતી અહીંના ટપાલી વાંચી શકશે નહિ. મને અહીંયા મહારાજે એક મોટું કામ સોંપ્યું છે. એટલે વખત નહિ જેવો જ મળે છે. માટે વારંવાર પત્ર લખી શકાશે નહિ. બીજો પત્ર લંબાણથી શ્રાવણમાં લખીશ. ખુશાલ પટેલ વગેરેને ખબર કહેશો. જે સંભારે તે સર્વેને શુભાશિષ સાથે-

લિ. મહારાજના જયગુરુદેવ

સરનામું :-

શ્રી ૫.૫. યોગાનંદ સરસ્વતી સ્વામિ મહારાજ કે મુકામ પર

રા. કિશનરાવ પટવારી મારફત

મુ. સાતોના. વાયા મનમાડ,

એન. જ એસ. રેલવે નિઝામ સ્ટેટ

## ૯૭

શ્રી વાંકડી

દૂધના તીરે, શ્રા. શુ. ૪. (૧-૮-૨૭)

સ્વસ્તિ શ્રી ગામ કહાણા મધ્યે સોની ડાહ્યાલાલ ભગવાન, અ.સૌ. બહેન મૂળી વગેરે,

ખૂબ આનંદમાં છું. રણાપુરથી આવેલો કાગળ મળેલો. તે દિવસે ગુરુવારે ત્યાંથી નીકળ્યો તે રસ્તામાં એક મિત્રે કાલોલ ઉતારી પાડ્યો. ત્યાંથી શુક્રવારે સ્હાંજે ગોધરા ગયો. ત્યાં બે દિવસ રહી સોમવારે સ્હાંજે નીકળી મંગળવારે સ્હવારે મુંબઈ ગયો. ત્યાંથી બુધવારે સ્હાંજે નીકળી મનમાડ થઈ ગુરુવારે સ્હવારે ચિતળી સ્ટેશને ઊતરી ત્યાંથી ૧૨ માઈલ ચાલીને સાકોરી ઉપાસની મહારાજ પાસે ગયો. ત્યાંથી શુક્રવારે ૧૪ માઈલ દૂર ચાલીને કોપરગાંવ ગયો. શનિવારે સ્હવારે ગોદાવરીમાં સ્નાન કરી ત્યાંથી ૩૨ માઈલ દૂર ચાલી સ્હાંજે વૈજાપુર ગયો. ત્યાંથી સવારમાં ઊઠી ૪-૫ માઈલ ઉપર આવેલા રોટેગાંવ સ્ટેશને આવ્યો. ત્યાંથી ગાડીમાં બેસી (ટિકિટ સ્ટેશન માસ્તરે કાઢી આપી) સ્હાંજે લગભગ ૧૧૦ માઈલ દૂર આવેલા સાટોના સ્ટેશને ઊતર્યો. ત્યાંથી બે-ત્રણ ગામ રખડી પાંચેક માઈલ દૂધના નદીને કિનારે આવેલા વાંકડી ગામે ગાંડા મહારાજ પાસે આવી પહોંચ્યો. ત્યારથી સાથે જ છું.

અહીંયાં મારે ખૂબ કામ છે. મહારાજે ગરુડેશ્વરના સ્વામીનું એક માણસ પાસે કવિતામાં જીવનચરિત્ર તૈયાર કરાવ્યું છે એ બધું ફેર તપાસી જઈ શુદ્ધ કરવાનું કામ મહારાજે મને સોંપ્યું છે. શ્રા.વ. ૫ સુધીમાં એ બધું પૂરું કરી જબલપુર પગરસ્તે ખેડીઘાટ નીકળવાનો વિચાર છે. બધું ઈશ્વરી ઈચ્છાને આધીન છે, કેમકે મહારાજ મને જલદી છોડે એમ લાગતું નથી. એમનો વિચાર બધો ગ્રંથ છપાઈને પ્રસિદ્ધ થાય ત્યાં સુધી મને છોડવાનો નથી. અને ત્યાર પછી પણ છોડશે કે કેમ એની શંકા જ છે. કેમકે કાલે જ એમણે મારી સાથે બૃહદારણ્યક ઉપનિષદ ભાષ્ય વાંચવાની ઈચ્છા બતાવી છે ને પૂના ગ્રંથ માટે કાગળ લખી નાખ્યો છે. જો ગ્રંથ વાંચવાનું શરૂ થશે જ તો દિવાળી સુધી અહીં રહેવાનું થશે. ત્યાર પછી ગ્રંથ છપાવવા માટે ભરૂચ મોકલવાનું કહે છે ને એ તપાસવા માટે સાથે મને પણ રવાના કરશે. હું સાથે રહું એવી મહારાજની ખૂબ ઈચ્છા છે પણ મારો વિચાર એમને ખોટું ન લાગે તે રીતે છટકી જવાનો છે, કેમકે અહીંની હવા

## ૯૭

મને ગરમ પડે છે. એટલે શ્રા.વ. ૫ પછી (એ દિવસ ગરુડેશ્વરના સ્વામીનો જન્મદિવસ હોવાથી અહીંયાં ઓચ્છવ છે) મહારાજની રજા લઈ જબલપુર થઈ ખેડીઘાટ આવવા નીકળવાનો વિચાર છે. ત્યાં પહોંચ્યા પછી પત્ર લખીશ. કોઈનો કાગળ વગેરે આવ્યો હોય તો પૂનમ પહેલાં રવાના કરશો. પૂનમ પછી કાગળ વગેરે માટે બીજું સરનામું લખી મોકલીશ. ખેડીઘાટ જઈશ તો ત્યાંથી ને બીજે જવાનું થશે તો ત્યાંથી ભાદરવાની શરૂવાતમાં પત્ર લખીશ. પૂનમ પછી મારો પત્ર આવ્યા વગર કાગળ લખશો નહિ, કેમકે મને... (અહીંથી કાગળ અધૂરો છે.)

## ૯૮

શ્રી જન્માષ્ટમી

(૨૩-૮-૧૯૨૭)

સ્વસ્તિ શ્રી ગામ રણાપુર મધ્યે સોની હરગોવન કાનજી વગેરે

(ભજન)

"હું ભિખારી ભિખારી ગુરુઘરની દાસી."
ચોરાશી ઘર ભિક્ષા માગી, તોયે રહી ઉપવાસી - ટેક.
પાંચ પચીસ બત્તીસ ગલી ભટકી, લીધાં રથ્યાચીર;
નિર્ગુણ કંથા કાંધે પહેરી, બની ભિક્ષુણી ધીર । હું - ૧
અહં ખાખ તન રાખ લગાવી હાથ લીધો પંચપાત્ર;
કોહં કોહં કરતી ચાલી, સોહં મળિયો સાથ ! હું - ૨
પંચ પકવાને ભરી કાવડી, ફિર ફિર ખાલી આપ;
પુણ્ય પાવડી ખટખટ ચાલી, ફિર ફિર ઊડી આભ. હું - ૩
કામ-કેશ શિર જટા ચઢાવી વિરતિ વરરસ સાર;
પાપપુણ્યની ગઠરી ગહરી છોડી ગુરુદરબાર ! હું - ૪
ગંગા જમુના સરસ્વતી ન્હાઇ, કીધાં અડસઠ ધામ;
અલખ ખલક સબ નજરોં આઇ, આઠોં દિશ વિશ્રામ ! હું - ૫
અલખ નિરંજન ભવદુ;ખભંજન, જ્યાં દેખું ત્યાં રામ;
દર્શન પાઇ સૂરત ગંવાઇ, સઘળાં સરિયાં કામ ! હું - ૬
જ્ઞાનોચ્છિષ્ટે ભરી પેટડી, શૂન્યસુધા જલપાન;
ભઇ મત્ત મૈં રંગ દિવાની, ક્યા પરવાહ જગ આન ? હું - ૭

તમારો પત્ર મળ્યો છે. મહારાજ મને છોડવા જરાએ રાજી નથી. પણ તમારો પત્ર વાંચીને મને લાગે છે કે મારે મહારાજને નાખુશ કરીને પણ નીકળવું જ જોઈએ. આવતીકાલે હું પરળી વૈજનાથના દર્શને જનાર છું. ત્યાંથી નાગનાથનાં દર્શન કરી જબલપુર વગેરે ઠેકાણે થઈ

થોડા દિવસમાં એ તરફ આવું છું. પ્રવાસમાં સરનામાનું ઠેકાણું નથી. જ્યાં આઠેક દિવસ મુકામ હોય ત્યાંથી પત્ર લખીશ. ખેડીઘાટ તો જરૂર મુકામ લાંબો વખત રહેશે. આવી શકાય તો પત્ર આવ્યે ત્યાં દર્શને આવશો. મહારાજને દરશને તમારે આવવા જેવું નથી. આવવા જેવું હોત તો હું લખ્યા વગર ન રહેત. ત્યાં આવું તોપણ કેટલો વખત ટકીશ તે કહી શકાય નહિ. કેમકે મારે કુગ્રામ વસ્તીમાં પડી ન રહેતાં લોકસંગ્રહાર્થ પર્યટન કરવું જોઈએ એવી ભગવાનની આજ્ઞા અને પ્રેરણા જણાય છે. હાલ એજ. સંભારે તે સર્વેને ખુશખબર કહેશો. મારું સ્મરણ કરવામાં કંઈજ લાભ નથી. ભગવાનનું ભજન કરશો તો તમારું કલ્યાણ થશે. બીજો પત્ર જબલપુર પહોંચ્યા પછી લખીશ. કાલે જ આ સ્થાન છોડું છું. હવે આ સરનામે પત્ર લખશો નહિ.

એજ.

- **મહારાજ**ના આશિષ

## ૯૯

શ્રી                વાકડી દૂધના તટાક ભા. શુ. ૨
૨૯/૮/૧૯૨૭

'હું' ભિખારી ભિખારી ગુરુઘરની દાસી'

ખૂબ આનંદમાં છું લગભગ સવા મહિનાથી અહીં જ છું. વચમાં પરળી વૈજનાથનાં દર્શન કરી આવ્યો. અહીંથી પરમ દિવસે સ્હાંજે નાગનાથ જવા નીકળું છું. ત્યાંથી અકોલા વગેરે ઠેકાણે થઇ જબલપુર ફરતો એ તરફ આવવા નીકળું છું. અહીંની હવા કંઇક ગરમ પડે છે એટલે તબિયત જોઇએ તેવી રહેતી નથી. શરીરમાં અશક્તિ પણ ખૂબ આવી ગઇ છે. છતાં મન ખૂબ આનંદમાં રહે છે. ભાઇ અંબાલાલ પરિક્રમામાં મારી સાથે આવવાના છે. નર્મદાકાઠે કોઇ રેલવેસ્ટેશન નજીક પહોંચતાં જ હું એમને પત્ર લખીશ પણ તમે ખબર આપી દેશો કે પૂર્વે લખ્યા પ્રમાણે આ. શુ. ૧ ને દિવસે તેઓ પ્રયાણ માટે તૈયાર રહે. સંભારે તે સર્વને કુશળ સમાચાર કહેશો. સરપોતદારને કહેજો કે ગોધરા જાય તો મારા કુશળ સમાચાર કહે. રામ વગેરેને બોલાવજો. હાલ એ જ.

- પાંડુરંગના આશિષ

## ૧૦૦

શ્રી                વાસીમ-બાલાજી, ભા.શુ. ૧૨
(૯ સપ્ટે. ૧૯૨૭)

શ્રી ડાહ્યાલાલ ભગવાન સોની કાણા-ને લખેલો પત્ર)

ખૂબ આનંદમાં છું. ફરતો ફરતો બાલાજીના દરબારમાં વાસીમ પહોંચ્યો છું. અહીંથી ભુસાવળ ખંડવા વગેરે ઠેકાણે થઈ અ ાાસ સુધીમાં મોરટક્કા (ખેડીઘાટ) આવી પહોંચીશ ને

ત્યાંથી આસો સુ. ૧ નીકળી નર્મદાની પરિક્રમા કરતો કરતો નારેશ્વર. જબલપુર અહીંથી ખૂબ દૂર છે, એટલે ત્યાં જવાનું માંડી વાળ્યું છે. પત્ર લખવો હોય અથવા મારો કોઈ કાગળ આવ્યો હોય તો તે પાછળ લખેલા સરનામે મોકલશો. મોરટક્કાથી સાતેક માઈલ દૂર ઓંકારેશ્વરનું જ્યોતિર્લિંગ છે. ને આવતાં કે જતાં રેલવેથી થોડા ફંટાઓ તો માર્ગમાં ઉજ્જનનું મહાકાળ જ્યોતિર્લિંગ છે. આવવાનો વિચાર થાય તો વડોદરેથી સ્હવારે ઊપડતા ફાસ્ટમાં બેસશો તો રાતે મોરટક્કા પહોંચશો. વચમાં રતલામ ગાડી બદલવી પડે છે. મોરટક્કા સ્ટેશન પાસે જ એક ધર્મશાળા છે. એક રૂપિયો આપવાથી ત્યાં ઓરડી રહેવા માટે મળે છે. ને પાછા ફરીએ ત્યારે રૂપિયો પાછો આપી દે છે. ત્યાં ઊતરી પાછળ આપેલે ઠેકાણે અથવા તો રામજી મંદિરમાં મારી શોધ કરવી. હું ન આવ્યો હોઉં તો એકાદ દિવસ વહેલું મોડું પણ થાય. કાગળ અમાસના એકાદ દિવસ અગાઉ જ મળે તેમ લખવો. કારણ હું વહેલો ભાગ્યે જ જઈ પહોંચું, તમે આવવાનું કહેલું એટલે વિગતવાર પત્ર લખ્યો છે. છતાં ઘરકામ છોડી આવો જ એવો મારો આગ્રહ નથી. એજ. સંભારે તે સર્વને કુશળ સમાચાર કહેશો.

લિ. **મહારાજ**ના આશિષ.

## ૧૦૧

શ્રી

ગુરુપૂર્ણિમા, ૧૯૮૩
(ઓગસ્ટ, ૧૯૨૭)

ભાઈ અંબાલાલ,

ખૂબ આનંદમાં છું. અનેક વાતો લખવા જેવી છે, પણ બધી ક્યાં લખવા બેસું ? તે દિવસે ફાસ્ટમાં બેસી મુંબઈ ગયો. મુંબઈ એક જ દિવસ રહ્યો. બીજે, દિવસે એટલે બુધવારે સાંજે ચારની ગાડીમાં મનમાડ થઈ ચિતળી ગયો. સવારે પાંચ-સાડા પાંચે પહોંચ્યો હોઈશ. ત્યાંથી ઉપાસનીનગર-સાંકોરી-બારેક માઈલ પગે ગયો. મહારાજની મુલાકાત લીધી. પાંચ-દસ મિનિટ મારા પર જ પ્રવચન થયું. તેમણે મને કહ્યું કે રહેવું હોય તેટલા દિવસ રહો. કોઈ કાઢી મૂકતું નથી. માણસે કોઈ પણ ઠેકાણે એવી રીતે જીવન ગુજારવું જોઈએ કે આપણાથી કોઈને-દેવને પણ જરાએ ઉપદ્રવ ન થાય. ત્યાં ખાવાપીવા માટે એક વીશી છે, જેમાં દર્શને આવનારા માણસો દેશકાળને અનુસરી પૈસા આપી જમે છે- હું પડ્યો ભિખારી. હું પૈસા ક્યાંથી આપું ? (મહારાજના સમાગમ માટે પાઁચ-પચીસ માણસો ત્યાંજ રહે છે. બીજા કેટલાક નવા આવનારા પણ હોય છે. છતાં સંખ્યાની દૃષ્ટિથી જોઈએ તો સાંઈખેડાથી સોમા ભાગના માણસો પણ અત્રે નથી આવતા. અહીંનું નાટક સાંઈખેડા કરતાં તદ્દન જુદી જ ભાતનું છે. રૂબરૂ કોકવાર વાતો કરીશું). પહેલે દિવસે વીશીના મેનેજરે મને ત્યાં જ ભિક્ષા લેવાનું કહ્યું. ગુરુવાર પણ હતો. આગલે દિવસે સાંજે પણ ચાર પાંચ કેળાં વગર કંઈ નહોતું ખાધું ને બાર માઈલ ચાલીને આવેલો એટલે થાકી પણ ખૂબ ગએલો. મેનેજર સાહેબ જમતી વખતે મને બોલાવવાનું ભૂલી

ગયા. ચારેક વાગે ખબર પડી કે હું ભૂખ્યો છું. એટલે માણસ સાથે મને વીશીમાં મોકલ્યો. મરચું ખાતો નથી એ તમે જાણો જ છો અને મહારાષ્ટ્રની રસોઈમાં તમારા જેવા મરચું ખાનારની આંખમાંથી પણ પાણી પડાવે એટલું બધું મરચું હોય છે એની કદાચ તમને ખબર હશે. મારી શી સ્થિતિ થઈ હશે તેની કલ્પના જ કરી લો. ભાત થઈ રહેલો. થોડું શાક ને રોટલી ખાઈ લીધાં. મારે લીધે કોઈને લેશ પણ તકલીફ ન પડે માટે પાણી પણ હું કૂવા પરથી ખેંચીને બારોબાર પી લેતો. કૂવે સ્નાન કરું તો મારે લીધે કોઈને નાહક ખોટી થવું પડે એ બીકથી નાહવાનું મેં ત્યાંથી ત્રણેક માઈલ દૂર એક વહેળો છે ત્યાં રાખેલું. બીજે દિવસે અગિયારેક વાગે મહારાજનું દર્શન કરી ત્યાંથી બે એક માઈલ દૂર રાહતા નામે એક ગામમાં મધુકરી માગવા ગયો. જિંદગીમાં ભિક્ષાની ઝોળી આ પહેલી જ વાર ભેરવેલી. હું ન મળું typical (લાક્ષણિક) બ્રાહ્મણ કે ન મળું typical બ્રહ્મચારી સાધુ. મને અન્ન કોણ આપે ? મહારાષ્ટ્રનો આ તદ્દન પછાત ભાગ છે. અહીંનાં ગામડાં તમારાં ભીલોના ગામડાં જેવાં જ છે. ગામમાં પાંચ-છ બ્રાહ્મણનાં ઘર હતાં. પણ એકે સ્થળેથી મને કણ અન્ન ન મળ્યું. ખાલી ઝોળી લઈ પાછો ફર્યો. વિચાર કર્યો કે હું ત્યાં રહું એવી પરમાત્માની ઈચ્છા નહિ હોય. આગલા દિવસના ચાલવાથી ખૂબ થાકી ગએલો કેમ કે ઘણા દિવસમાં આટલું ચાલેલો નહિ ને ગોધરા છોડ્યું તે વખતે જ શરીરમાં જ્વર હતો. ગોધરાથી સ્ટેશન પર ગાડીમાં ગએલો. પાછો સાંકોરી આવ્યો. બારેક વાગ્યા હશે. ભૂખે પેટે ચાર માઈલની મજલ તો થઈ ગએલી. પણ આરામ લેવા ક્યાં બેસું ? પેટ બૂમો પાડતું હતું. સામાન લઈ ત્યાંથી ૧૪-૧૫ માઈલ દૂર આવેલા કોપરગામનો રસ્તો લીધો. વરસાદને લીધે રસ્તા પરના પથ્થર બહાર ડોકીયાં કરતા'તા. કાંટા પણ કાદવમાં ખૂબ હતા. પણ વરસાદની મહેર હતી. એટલે ચાલી નીકળ્યો. રસ્તામાં ચોખ્ખું પાણી પણ ન મળે. પિત્ત ભડકી ઊઠ્યું. પગમાં ફોલ્લા પડી ગયા. પણ જેમ તેમ કરી કોપરગામથી એકાદ માઈલ દૂર સુધીનો રસ્તો કાપી નાંખ્યો. કોપરગામ એકાદ માઈલ દૂર રહ્યું હશે ને ચકરી આવી ભોંય પર ગબડી પડ્યો. થોડીવાર - કોણ જાણે કેટલો વખત - ઝાડ નીચે પડી રહ્યો. એટલામાં કોપરગામનો એક માણસ ત્યાંથી જતો હતો. તેની નજર મારા પર પડી. ઈશ્વરે જ એને મોકલ્યો. કેમકે વચમાં ગોદાવરી ઓળંગવાની હતી ને નદીમાં પૂર હતું. પૂલ પર ઢીંચણ પર પાણી હતું. સાધારણ સ્થિતિમાં પણ હું એકલો હોઉં તો ગબડી પડું તો અત્યારે તો પૂછવું જ શું ! પેલા માણસે હાથ ઝાલી મને નદી પાર પહોંચાડ્યો. ત્યાં એક દત્તમંદિર છે. અંદર પેસતાં પહેલાં જ મહારાજે મને કહ્યું કે ઉતરવાની જગ્યા નથી. પેલા મુરલીધરના મંદિરમાં જાઓ. ત્યાં તમારી વ્યવસ્થા થશે. પેલા મને લઈ જનાર માણસે મને કહેલું કે હું સીધું આપું ને તમે રાંધીને પહેલાં જમી લો કેમકે તમારા પેટમાં અન્નનો દાણોએ ગયો હોય એમ લાગતું નથી. પણ મેં કહ્યું કે બ્રાહ્મણનાં ઘર જ્યાં સુધી હોય ત્યાં સુધી તમારે ત્યાંથી સીધું લઈ રાંધી ખાવું એ બ્રાહ્મણોનું અપમાન છે. બ્રાહ્મણો મને ધૂતકારી ભલે કાઢે પણ મને બ્રાહ્મણને ત્યાંથી ભિક્ષા ન મળે એટલે ખાતર હું તમારું સીધું તો ન જ સ્વીકારું. એણે કહ્યું મહારાજ તમને દેહની બહુ કિંમત હોય એમ લાગતું

નથી. મેં કંઈ પણ ઉત્તર ન આપતાં મુરલીધરના મંદિરનો રસ્તો લીધો. ત્યાં પુરાણ ચાલતું હતું. બે મિનિટ બેઠો. કોઈને અંતરાય કરવાનું ઠીક ન લાગ્યું. બ્રાહ્મણનાં ઘરની તપાસ કરતો કરતો ચાલ્યો. એક ઘેર બપોરનું થોડું વધેલું તે પ્રેમથી ખાઈ લીધું. પાસે એક 'દત્ત નામસ્મરણ'ની પ્રત પડેલી તે પ્રસાદ દાખલ આપી. સૂવા માટે જગ્યાની ભાંજગડમાં પડ્યો. રાતે એક ઓટલા પર પડી રહ્યો. થાકથી ઊંઘ પણ નહિ જેવી જ આવી. પગમાં ગોટલા ચઢી ગએલા. સવારે નદીએ જવા જેટલી પણ તાકાત ન હતી. પણ ગયા વગર છૂટકો ન હતો. જેમ તેમ કરી નદીએ ગયો. ગોદાવરીનું સ્નાન મને ક્યાં મળવાનું હતું ? સ્નાન કરતાં કરતાં ગુરુમહારાજની પ્રાર્થના કરી કે હે પ્રભો શરીર લઈ લેવું હોય તો લઈ લે. મારે હવે તેની લેશ પણ જરૂર નથી. પણ જો એને ટકાવવાની તને આવશ્યકતા જણાતી હોય તો ચાલવાની તાકાત આપ. મારે ગુરુ પૂ. પહેલાં ગાંડા મહારાજને ત્યાં પહોંચી જવું જ જોઈએ. હું ન્હાયો. થોડું નિત્યકર્મ કર્યું ને શો ચમત્કાર ! ટાંટીયામાં એકદમ જોર આવ્યું. ઝોળી ખભે ભેરવી ચાલવા માંડ્યું. આ શનિવારનો દિવસ હતો. કોપરગામથી યેવલા ને યેવલાથી આંદરસૂલ (૧૨ + ૭ માઈલ) આવ્યો. ત્યાં ભોજન કર્યું ને તરત ચાલવા માંડ્યું. ત્યાંથી વૈજાપુર ૧૨-૧૩ માઈલ થાય. રસ્તામાં ભૂલો પડ્યો. કોણ જાણે કેટલું કૂટાયો. રાત્રે ગામમાં એક બ્રાહ્મણને ત્યાં પાણી પીવા થોભ્યો. પાણી પી એને જ ઓટલે સૂઈ રહ્યો. સવારમાં ત્યાંથી ચારેક માઈલ દૂર આવેલા શેહેગાવ નામના ગોદાવરી રેલ્વેના સ્ટેશને આવી પહોંચ્યો. ત્યાં ટાઈમ ટેબલ જોતાં ખબર પડી કે હજી લગભગ ૧૧૦ માઈલ ચાલવાનું હતું. સ્ટેશન માસ્તર કોઈ તેલંગી બ્રાહ્મણ છે. સારો માણસ છે. એણે મને જોતાં જ પોતાને ત્યાં ભિક્ષા કરાવી, બપોરે ટિકીટ કાઢી આપી, ગાડીમાં બેસાડી આપ્યો. સાતોના ઉતર્યો. સાતોના પાસે દૂધના નદીને કિનારે વાંકડી ગામે મહારાજનું ચાતુર્માસ થવાનું છે એવી ખબર હતી. સ્ટેશને ખબર પડી કે વાંકડી નામનાં ત્રણ ગામ નદીને કિનારે છે. પાસેમાં પાસેનું ગામ ચારેક માઈલ દૂર છે. ત્યાં ચાલ્યો. ગાડીમાં પાણી પણ પીધેલું નહિ. સાંજ પડી ગએલી. છતાં ચાર માઈલ મારા હિસાબમાં નહોતા એટલે ચાલી નીકળ્યો. ચોમાસાથી ચીલા બધા ખરાબ થઈ ગએલા ને કાંટાનો પાર નહોતો. શહેરના રસ્તાઓમાં પણ જે ભૂલો પડે તેને ગામડાના રસ્તા કેમ જડે ? રાત્રે ભૂલો પડ્યો. ઝાડીમાં ભૂતની માફક એકલો ચાલતો હતો. તરસથી ગળું સુકાઈ ગયું હતું. પણ કેમે કર્યું ગામ આવે નહિ. કોણ જાણે કેટલુંએ ચાલ્યો પણ ગામ કે નદી એકેયનું ઠેકાણું ન મળે. ઝાડ નીચે સૂઈ જવાનો વિચાર કર્યો, પણ તરસ ખૂબ લાગેલી એટલે છેવટે નદી મળે તો ત્યાં પાણી પીને સૂઈ જઈશ એવો વિચાર કરી માપવા માંડ્યું. ચાલતાં ચાલતાં એક ગામમાં આવ્યો ત્યાં ખબર પડી કે હું બીજે જ રસ્તે ચાલી નીકળેલો. છૂટા કેશે ને વિચિત્ર વેષે મોડી રાતે ભટકતો જોઈ લોકોને મારે વિષે વહેમ આવ્યો. આ તરફ ભૂતોનો ત્રાસ ઘણો છે ને લોકો અત્યંત વહેમી છે. ગામમાં બ્રાહ્મણનું ઘર પણ નહોતું. કોઈ મને ત્યાંથી વાંકડીનો રસ્તો ન બતાવે. એક બાઈએ તો મને ધૂતારો વગેરે કહી ગાળો પણ દીધી ને પોતાનો ધણી જે મને દૂરથી રસ્તો બતાવવા આવતો હતો તેને એમ કરતો અટકાવી મને પુષ્પાંજલિ આપી ઠેકાણે

આણવાની આજ્ઞા કરી. એટલામાં એક બીજો માણસ આવી પહોંચ્યો. તેણે મને દૂરથી રસ્તો બતાવવાની દયા કરી. વચમાં નદી હતી. નદીમાં પાણી પીને હું પેલા ગામમાં ગયો. માણસો સુવાની તૈયારી કરતાં હતાં. એક બ્રાહ્મણને ત્યાં થોડો ફલાહાર કરી સૂઈ ગયો. આ ગામનું નામ વાકડી જ હતું. પણ ત્યાં મહારાજના આવવાની કોઈને ખબર પણ ન હતી. ત્રણ વાંકડી ને દરેકના નામ પણ એકથી વધારે. એટલે મારે ક્યાં જવું ! સવારે એકાદશીનો અપવાસ છોડી હું બીજાં બે વાંકડીમાં ફરી વળ્યો ત્યારે તેમાંના એકમાં પત્તો મળ્યો કે મહારાજ એક બે દિવસમાં આવી પહોંચશે. પણ મને ધીરજ ક્યાં હતી. હું સીધો સાટોના આવ્યો ને ત્યાં જેને ત્યાં મહારાજ ઉતરે છે તે ગૃહસ્થને મળ્યો. મહારાજ સાંજે જ આવવાના છે એવી ખબર મળી. હું રોકાયો. સાંજે મહારાજ આવી પહોંચ્યા. મારી પહેલી જ મુલાકાત. મને લાગ્યું કે મારા જેવા ભ્રષ્ટ અર્ધદગ્ધ માણસની સાથે મહારાજ બોલશે કે નહિ. પણ મહારાજે મારી સાથે ખૂબ પ્રેમથી વાતો કરી. તેમણે વાસુદેવાનંદ સરસ્વતીનું મરાઠીમાં જીવન ચરિત્ર લખ્યું છે તેનું નિત્ય પારાયણ સમાહ વગેરે થઈ શકે ને ગુરુમહારાજનું નામ દિગંતમાં અમર રહે એ હેતુથી એ બધાનું ઓવીબદ્ધ પદ્ય કરવાનું એક જણને સોંપ્યું છે. માણસ ordinery છે. હું આવ્યો એટલે મહારાજને આનંદ થયો. એ બધું શુદ્ધ કરવાનું કામ મને સોંપાયું છે. અહીં આવવાનું સ્ફુરણ મને કેમ થયું તેની હવે મને ખબર પડી. ગુરુ મહારાજની એટલી સેવા મારે હાથે થાય એથી વધારે સ્પૃહણીય મારે માટે શું હોઈ શકે ? ગુરુમહારાજના મારા પર અનેક ઉપકાર છે. એમના પાર્થિવ શરીરનું દર્શન મને નથી થયું પણ મારામાં જે કંઈ રામ છે તે કેવળ એમની જ કૃપા છે એ વિશે મારા મનમાં તો લેશ પણ શંકા નથી.

આ દસેક દિવસની ભટકંતીમાં એક રૂપીઆ ભાર પણ ઘી પેટમાં નથી ગયું. ભોજન એક જ વાર કરું છું. મરચાંથી શરીરમાં દાહ પણ ખૂબ થાય છે. ને કાલે તો જ્વર પણ હતો. પણ હવે મરચાં વગરના ખોરાકની વ્યવસ્થા થઈ છે. જો કે ઘીનો તો અનુષ્ટુપ છે જ છે. મહારાજનું ખાવાનું જુદું થાય છે. પણ એમની સાથે અનેક માણસો છે. બધાને એ ખોરાક આપ્યે લોકોને પરવડે તેમ નથી. મહારાષ્ટ્રની ગરીબાઈનો તમને કદાચ ખ્યાલ હશે ને આ ભાગ તો તદ્દન પછાત ને કંગાળ છે. રાજ નિઝામનું છે. નિઝામશાહી એ ગાયકવાડીને પણ ભૂલાવે એવી છે. સવારે અનુષ્ઠાન કરું છું. બપોરે ને સ્હાંજે ગુરુમૂર્તિચરિત્ર તપાસવાનું કામ-કામ પ્રેસમાં જાય ત્યાં સુધી તો અહીં જ સ્થિતિ થશે. પણ પ્રભુ શરીર આવું આવું પણ નિભાવી રાખે ત્યારે. એક જ વાર જમું છું. સાંજે એક આચમની ભગવાનનું ચરણામૃત. બપોરે જમવાનું પણ નિયમસર નથી થતું. કોકવાર બાર તો કોકવાર બે ત્રણ પણ વાગી જાય છે. છતાં મરચાંમાંથી બચી શકાશે એટલે ઝાઝો ભો નથી. સ્વાદ તો અહીં આવતાં પહેલો જ મારી નાંખ્યો છે એટલે ચિંતા નથી. ગામમાં પાંચેક બ્રાહ્મણનાં ઘર છે. ને તેમના પર મહારાજ સાથે પાંચ છ ને કોકવાર વધારે પણ- માણસોનો બોજો છે. એટલે ખોરાકની તમને સ્હેજે કલ્પના આવશે. પોસ્ટ સાટોના મંગાવવી પડે છે. ત્યાંથી કોઈ આપી જાય ત્યારે ને કાગળ પણ ત્યાં જઈ કોઈ ટપાલમાં નાંખે

ત્યારે એટલે બહુ પત્રોની આશા રાખવી નહિ. મોદીને કાગળ મોકલી આપશો. ને ભાઈ વિશ્વનાથને પત્ર લખી સરનામું જણાવશો ને લખશો કે ખાસ જરૂર હોય ત્યારે જ અને તે પણ પરબીડીયું છૂટું કાર્ડ નહિ- પત્ર લખવો. મારાથી તો મહિનામાં કોઈ પણ એકને એકાદ પત્રથી વધારે ભાગ્યે જ લખી શકાય. કામ અત્યંત છે. ફુરસદ જરીયે નથી. આ કાગળ પણ જેમ તેમ ઘસડી નાખું છું. ને ગુ.પૂ.એ દર્શને આવનાર સાથે જ મોકલાવી શકું છું. એટલે પત્ર ન આવે તો પણ કોઈએ ચિંતા કરવી નહિ. અહીંનું કામ પૂરું થયે ત્યાં આવવાની વાત. ખૂબ આનંદમાં છું.

લિ.

**પાંડુરંગના પ્રણામ**

તા.ક. વિશ્વનાથને લખશો કે મુંબઈ ભાઈને ખબર આપવાનું પણ તેઓ જ કરે કેમકે એની બોર્ડીંગનું સરનામુ મને ચોક્કસ યાદ નથી.

સરનામું
ब्रह्मचारी
श्री. प. प. योगानंद सरस्वती स्वामि महाराज के मुकाम पर
C/o. किसनराव पटवारी, पो. साटोना मु. साटोना
वाया मनमाड - गोदावरी रेल्वे -

## ૧૦૨

શ્રી દૂધનાતટાક, ભા.સુ. ૩ મંગળ
(૩-૯-૨૭)

ભાઈ મોદી,

ગુજરાતના જળપ્રલયની હૃદયદ્રાવક કહાણીથી ભરેલા તમારા બન્ને પત્રો અને દત્ત૦ની નકલો વેળાસર મળેલાં, પણ ખૂબ કામમાં હોવાથી જવાબ આપી શક્યો નહિ. કારણ વગર કાર્ય બનતું નથી. આવા ભયંકર દૈવીપ્રકોપનું પણ કંઈ કારણ હોવું જોઈએ. ઊંડો વિચાર કરનારને એ કારણ સહેજે જણાઈ આવે તેમ છે. હું એની મીમાંસામાં પડવા માગતો નથી. મેં તો તમારા પત્ર વાંચતાં જ આર્દ્ર અંતઃકરણે પરમાત્માની પ્રાર્થના કરી કે હે પ્રભો !

अभंग १

धांव धांव दत्ता किती वाळूं आता ॥ चैन जसे चित्ता येई वेगीं ॥१॥
येई वेगीं दत्ता तूंचि मातापिता ॥ आन नसे त्राता कोणि जगीं ॥२॥
जगीं मायबाप तूंचि संखा कृप ॥ स्वस्वरूपी थाप बाळ तुझें ॥३॥
बाळ तुझें माई अंका वरी घेंई॥ बोधस्तन देई मुखीं माझ्या ॥४॥
मुखीं माझा शोष पढतो विशेष ॥ प्रेमरस धीश पाजी रंगा ॥५॥

अभंग २

घेनु जेवीं वत्सा धांव दत्ता तैसा॥ तुज विण कैसा राहूं जगीं ॥१॥
कोठें जाउं आतां कोण करी शाता ॥ तुज विण त्राता आन नसे ॥२॥
येंई येंई दत्ता पतितोद्धर्ता ॥ भवभयहर्ता तूंचि माझा ॥३॥
नको चाहूं अंत सदया अनंत ॥ उद्धरी हा अंत रंग तोका ॥४॥

મારું શસ્ત્ર તો પ્રાર્થના છે. પણ લૂખી નહિ. એની પાછળ sincere આચરણનું જોર જોઈએ.

શ્રા.વ. ૯ એ વાકડી છોડ્યું. મહારાજ મને છોડવાને રાજી નહોતા. એમને થોડા નાખુશ કરીને જ પરવાનગી મેળવવી પડી. અહીંથી પચાસેક માઈલ દૂર આવેલા પરલી વૈજનાથના જ્યોતિર્લિંગનાં દર્શન કરી આવ્યો. મહારાજે જતાં આ રસ્તે થઈને જવાનું કહેલું એટલે રવિવારે ભા. ૧ની સ્હવારે પાછો અહીં હાજર થયો છું. અહીંથી આવતીકાલે સ્હાંજે નાગનાથના દર્શને જઉં છું ને ત્યાંથી બારોબાર અકોલા થઈ નર્મદા કિનારો પકડવા વિચાર છે. ભાઈ વ્યાસને ત્યાં પહોંચ્યા પછી પત્ર લખીશ. તમે સાથે લાવવા માટે એમને દત્ત૦ની પચીસેક નકલો મોકલી આપશો. ખૂબ આનંદમાં છું. તબીયત કંઈક ઠીક છે. તમે નોકરી પર હાજર થઈ ગયા હશો. હાલ એજ

લિ. **અવધૂતેર રંગ**

## 103

શ્રી નર્મદાતટાક,, (વિ.સં. ૧૯૮૩),
આ.શુ. ૧૨, (૮-૧૦-૨૭)

ભાઈ અંબાલાલ,

તમારો એક પત્ર મોરટક્કા મળેલો. આ. શુ. ૪ ને ગુરુવારે સાંજે ચાર વાગ્યે મોરટક્કા છોડ્યું. ૪૦-૪૫ માઈલ ચાલ્યો હોઈશ ને આપણા જૂના દોસ્ત પ્રીતમદાસે દેખો દીધો, પણ દરેક જણ પોતાનું પ્રારબ્ધ સાથે લઈને જ આવે છે; ગુરુમહારાજે એક સુથાર ભગતને પ્રેરણા કરી, એ પોતાને ઘેર લઈ ગયો ને ત્રણ-ચાર દિવસ સારી સેવા ચાકરી કરી. પ્રભુ એનું કલ્યાણ કરો !

સાથે એક લોટા વગર બીજું કંઈ પણ વાસણ સાથે રાખ્યું નથી કે નથી સામાન લેવા એક વેંતભર ફાલતું કપડું. મળે છે તો દૂધ જ પી લઉં છું. કોક વાર મળે તો ચણાની દાળ કાચી જ પલાળીને ખાઈ લઉં છું. બાકી ઘણુંખરું 'ગુડપ્રકારમ્'થી જ શરીર નભે છે. કોકવાર ખજૂર પણ મળી જાય છે. ઠેકઠેકાણે સદાવ્રતો તો લાગેલાં છે પણ મારા જેવા બલ્લવાચાર્ય માટે એ નકામાં છે. તૈયાર ચૂલે પણ રસોઈ બનાવવામાં જેનું ચિત્ત ન લાગે તેને જંગલમાંથી લાકડાં અડાયાં વીણી લાવી પાક કરવાનું કેમ પરવડે ? ૮૦-૮૫ માઈલની મજલ થઈ છે. પ્રીતમદાસની માવજતમાં ત્રણ-ચાર દિવસ ભાગવા પડ્યા, નહિ તો ઝાડીમાં પ્રવેશ થઈ ગયો હોત. પરમ

દિવસે શૂલપાણેશ્વર ઝાડીમાં પ્રવેશ કરવાનો છે. ૮૦ માઈલ વિકટ રસ્તો છે. ખાવાપીવાનો ઠાઠ ઉપર લખ્યો તેવો છે. કોઈ સાથ થયો નથી ને થાય તેવો સંભવ પણ નથી. ધૂણી ધીખવવાની ને શંખ ફુંકવાની કળા પણ અવગત નથી. હિંસક પશુઓ અને ભીલોના ડરની દહેશત જે તે બતાવે છે પણ મને વિશ્વાસ છે કે આ દાઢીવાળો અવધૂત એમાંથી નિર્વિઘ્ને પસાર થશે.

મેં વેષ પણ અવધૂતી ધારણ કર્યો છે એટલે મારી તરફ કોક કોક શંકાની દૃષ્ટિથી જુએ છે. તમારી કાળી કામળ ને દાઢીવાળ વગેરેથી કોક મને બેરાગી ધારે છે. ભગવી ઝોળી પર નજર પડે છે તો ગુંસાઈ હોવાનો તર્ક કરે છે. વેષ પૂરો કરવા મેં માથે વિદૂષક જેવી લાંબી ટોપી ને હાથમાં લાંબો દંડ ધારણ કર્યો છે. એથી વળી ઓર ઠાઠ જામ્યો છે, પણ તમારા નસીબમાં જોવાનું નથી તેને હું શું કરું ? તમે ચાંદોદ મળવા આવવાનું લખો છો પણ તમારો મેળ ખાય તેમ નથી. સામે આવવાનો દિવસ અને મુકામ બંને અનિયમિત હોવાથી પહેલેથી કંઈ જ ચોક્કસ લખી શકાય તેમ નથી. તમારે મળવા આવવું જ હોય તો ભરૂચ કે નારેશ્વર આવો. ત્યાં ગયા પછી પત્ર લખીશ. દત્તજયંતી કર્યા પછી નારેશ્વરથી આગળ પ્રયાણ કરવું છે. ત્યાં થોડી વિશ્રાંતિ લઈ ઘોડાને આગળના પ્રવાસ માટે ચંદીચારો ખવાડી તૈયાર કરવો પડશે. તમારી બધી ભેગી થયેલી રજા ને થોડી મળે તો થોડી Advance પણ લઈને આવશો તો અમરકંટક થોડા દિવસ મુકામ રાખીશ. સાંભળવા પ્રમાણે સ્થાન અત્યંત રમણીય ને ઠંડું છે એટલે ગુરુમહારાજની ઈચ્છા હોય તો આ ઉન્હાળો ત્યાં કાઢવાનો વિચાર છે.

## ૧૦૪

આ.શુ. ૪ શૂલપાણની ઝાડી

અડધી ઝાડીમાં બેસીને પત્ર લખી રહ્યો છું. આજે તો જળસમાધિ જ થઈ જાત, પણ ગુરુમહારાજની કૃપાથી બચી જવા પામ્યો છું. ભીલો જ્યાં આગળ સતાવે છે તે જગા તો તદ્દન નિર્વિઘ્ને વટાવી ગયા. ઝાડીનો પ્રવાસ અત્યંત કષ્ટનો છે. typical સાધુ હોય ને માગવામાં નિષ્ણાત હોય તો જ અન્ન મળી શકે ને તે પણ લૂખુંસૂકું. બેત્રણ ઠેકાણે સીધાનો રજવાડી બંદોબસ્ત છે, પણ ત્યાં અંધાધૂંધી છે. આજે છઠ છે. હાપેશ્વર આવી પહોંચ્યો છું. અહીંથી ત્રણ દિવસનું સીધું મળે છે, પણ અમને તો કણે અન્ન ન મળ્યું, કેમકે મંદિર સામે પાર છે, ને બૂમો પાડી થાકી ગયા તોપણ કોઈ આવ્યું નહિ. એક ગિરનારી સાધુનો અડધી ઝાડીમાંથી સાથ થઈ ગયો છે. તે ભીલોનાં ઝૂંપડાંમાંથી મકાઈ વગેરે માગી લાવે છે ને ઘાણી શેકી આપે છે તે ખાઈને માર્ગ કાપીએ છીએ. શૂલપાણ અહીંથી પંદરેક કોસ-૩૦ માઈલ છે. સાંભળવા પ્રમાણે આ તટના જેટલી મુશ્કેલી પેલે તટ નથી.

શૂલપાણીશ્વર, મંગળવાર

અનેક ખૈબરઘાટ ને બોલનઘાટ વટાવી આજે શૂલપાણીશ્વર આવી પહોંચ્યો છું. માર્ગ અત્યંત વિકટ છે ને રસ્તામાં વાઘ તથા ચોરોનો ભય છે, તેથી ઘણાખરા પરિક્રમાવાસીઓ તો

ઉપરથી જ જતા રહે છે. ગુરુમહારાજની કૃપાથી અમે નિર્વિઘ્ન આવી પહોંચ્યા છીએ. ગઈ રાત્રે તો વાઘદાદા પણ મુલાકાતે આવી ગયા, પણ દૂરથી જ હર નર્મદે કરી ૧૫-૨૦ ફૂટ દૂરથી દર્શન કરી ચાલ્યા ગયા. પથ્થરો કૂદીકૂદીને મારો જમણો પગ અડધો લંગડો થઈ ગયો છે. છતાં ગુરુમહારાજની દયા હશે તો દિવાળી વેળુગામ કરવા વિચાર છે. પત્ર લખો તો કુટીને સરનામે વળતી ટપાલે લખશો તો મને વેળુગામ પહોંચતાં મળી જશે. તપસીજીને બે પત્ર લખેલા પણ ઉત્તર નથી. ક્યાં તપ કરી રહ્યા છે તે નથી જાણતો. સાથેની આરતી શુદ્ધ લખી એમને મોકલી આપશો, ને મારી ખુશખબર લખશો. બીજો પત્ર કુટી પર પહોંચ્યા પછી લખીશ.

હાલ એજ....

**લિ. અવધૂતેર રંગ**

## ૧૦૫

શ્રી　　　　　　　　　　દત્ત-કુટીર નારેશ્વર

કા.શુ. ૧૫ બુધવાર, (૩-૧૧-૨૭)

ભાઈશ્રી અંબાલાલ,

ખૂબ આનંદમાં છું. તમારો પત્ર કાલે જ મળ્યો. હું પણ કાલે જ આવ્યો. શૂલપાણીશ્વર આવ્યું. સીધાપાણી મળવા લાગ્યાં. એટલે પેલા સાધુઓ તો 'મહાતમ' લેવા થોભી ગયા. મારે એજ જોઈતું હતું. મારો અવધૂતી વેષ સજી પવનના ઘોડા પર સ્વાર થઈ આ.વ. ૧૨ને દિવસે એકલો વેળુગામ આવી પહોંચ્યો. તમને લખ્યા પ્રમાણે દિવાળી ત્યાં જ કરી. વર્ષપ્રતિપદાએ આગળ પ્રયાણ કર્યું. માર્ગમાં વિમલેશ્વર-જ્યાંથી સાગર સંગમ પાર થવાય છે ત્યાં-નાવડી ન મળવાથી છ દિવસ પડી રહેવું પડ્યું. નહિ તો આથીએ વહેલો આવત. પાંચમે દિવસે ખૂબ કંટાળી ગયો. નર્મદાજીની સ્તુતિ કરી. બીજે જ દિવસે નાવડી આવી. શનિવારે એક વાગ્યાને સુમારે ઉત્તર તટે ઊતર્યાં. નાવડીના ઝોલાથી-ખાડીમાં કંઈક પવનનું તોફાન પણ હતું-પિત્ત વધી ગએલું, એટલે તે દિવસે તો આઠદસ માઈલ જ ચાલ્યો, બીજે દિવસે લગભગ ૩૦ માઈલ ચાલી ભરૂચ આવ્યો. બે રાત્રી ભરૂચ ગાળી કાલે એકે શ્વાસે ભરૂચથી ચાલી બપોરે લગભગ બેએક વાગ્યાને સુમારે નારેશ્વર આવી પહોંચ્યો છું.

ભરૂચમાં પ્રારબ્ધવશાત્ સ્વામી ચંદ્રશેખરનો ભેટો થયો. મેં તમને વાત કરેલી જ કે તેઓ દ્વારકાપીઠના શંકરાચાર્ય થવાની વકી છે ને પોતાનું કામ દિપાવવા મને યુવરાજપદે સ્થાપી સાથે ફેરવવા ઈચ્છે છે. આ ૧૧ સે દ્વારકામાં એમનો અભિષેક થવાનું નક્કી થયું છે. હું ભરૂચ પહોંચ્યો તેને બીજે જ દિવસે સરકારી આજ્ઞાપત્ર લેવા ગાયકવાડ સરકારના મહેમાન તરીકે વાજતે ગાજતે વડોદરે ઉપડી ગયા. ત્યાં આઠેક દિવસ રહી દ્વારકા જશે. મને સાથે આવવા ખૂબ કહ્યું, પણ હું ક્યાં કોઈના હાથમાં આવ્યો છું ? ઈન્દ્ર ચંદ્રાદિ દેવતાઈ પદને પણ તુચ્છ લેખનાર મારા જેવા ખફ્તી દિવાનાને આ અડધી દમડીના લોટ (પીઠ) શા હિસાબમાં ! છતાં પરિક્રમા જલદીથી પૂરી

કરી હું એમની સાથે એમના દૌરામાં સામેલ થઉં તેવી આશા ને ઈતબાર તો તેઓ રાખે જ છે. હરે રામ ! आशाया: परमं दु:खं नैराश्यं परमं सुखम् । એ પરમ સૂત્રનો અનુભવ સ્વામીજીને આવવાનું શું હજીએ બાકી જ છે !

તમને કેટલી રજા મળી શકશે ? માગસર સુ. ૧૫ એ ગ્રહણ છે. ત્યાર સુધીમાં તમે મારી સાથે જોડાઈ શકશો ? ગ્રહણ કુટી પર કરી પછીથી આગળ પ્રયાણ કરવા વિચાર છે.

બેએક મહિનાની રજા હોય ને અહીંથી જ સાથે જોડાઓ અને રોજના ઓછામાં ઓછા દસેક માઈલ ચાલવાની કેડ બાંધો તો આ તટની ત્રણેય-શૂલપાણ, ઓંકાર ને અમરકંટકની ઝાડીનો લાભ તમને મળી શકે. બાકી મારા એકલાનું તો કંઈ ઠેકાણું નહિ. શરીર સારું રહે ને કોઈ ઠેકાણે ઝાઝો રોકાઉં નહિ તો હું તો ત્રણેક મહિનામાં અવશિષ્ટ બધીએ પરિક્રમા પૂરી કરી નાખું. ત્યાર પછી મારે ગાંડા મહારાજ પાસે કદાચ જવું પડશે. અથવા ૮-૧૦ મહિના ભરૂચ રહેવું પડશે. સ્વામીશ્રી વાસુદેવાનંદસરસ્વતીનું ચરિત્ર તૈયાર થાય છે. એ બધું શુદ્ધ કરી છપાવીને ગુરુસ્થાને પહોંચાડવાનું કામ મારે હાથે જ થાય એવો ઈશ્વરી સંકેત જણાય છે. એટલે હું તો ટૂંક મુદતમાંજ બધું ફરી નાખવા ઈચ્છું છું. તમે આવશો તો વળી ઓર આનંદ જામશે પણ હું તમને પહેલેથી જ લખી નાખું તો ઠીક કે મારા પત્ર ઉપરથી જ આવવાની ઈચ્છા રાખતા હો તો ન જ આવશો, કેમકે તમે થોડા દિવસમાં જ કંટાળી જશો. પ્રવાસમાં તમને શહેરની એક પણ સગવડ નહિ મળે. સીધું ઉંચકવાની ને જંગલમાંથી લાકડાં વીણી લાવી રાંધવાની તૈયારી હશે તો ખાવાની ખોટ નથી. બાકી હું તો ઘણુંખરું 'ગુડપ્રકારમ્'થી જ ચલાવી લઉં છું.

વિમલેશ્વર લખાએલી નર્મદાજીની સ્તુતિ નીચે લખી મોકલું છું. મોદીને નકલ કરી મોકલી આપશો. મેં એમને રાજકોટ પત્ર તો લખ્યો છે ને તમે પણ લખશો કે મને દત્ત૦ની ૧૦૦ નકલો મોકલી આપે.

સિંધમાંથી મારે માટે શી ભીક્ષા લાવશો ? જેમ ગાયના પેટમાંથી ગોરોચન નીકળે છે તેમ ઊંટના પેટમાંથી પેઢુબાજાર નામે એક ઔષધી ચીજ નીકળે છે. મળે તો એ થોડી મેળવી રાખશો. હાલ એજ.

## ૧૦૬

શ્રી

ચિખલદા માર્ગ વ. ૧૪ શુક્ર,
વિ.સં. ૧૯૮૪ (૨૩-૧૧-'૨૭)

બોલ બોલ બોલ પ્રેમવેણ એક બોલ,
ખોલ ખોલ ખોલ દ્વાર પલક એક ખોલ. ૧
દરસપ્યાસ લાગી મુને છિપાવનાર કોણ ?
વ્રેહ અગન-ઝાળ આ બુઝાવનાર કોણ ? ૨
ભવાબ્ધિમધ્ય નાવ પાર ઉનારનાર કોણ ?

૯૮

કામ-ચાંચિયા લૂંટે ભગાડનાર કોણ ! ૩
દૂર દૂર સહુ કહે બોલાવનાર કોણ ?
તૂં વિના માત અંક બેસાડનાર કોણ ? ૪
વિષય વિખ વ્યાપ્યું બધે ઉગારનાર કોણ ?
**રંગ** પ્રેમ અમૃત આજ પિવાડનાર કોણ ? ૫

હું જુગજુગનો બીમાર છું. મારું દર્દ કોણ મટાડે ? મારી દવા કોણ કરે ? ગરુડેશ્વર પગ મચકોડાયો, આગળ જતાં જવર આવવા મંડ્યો, કેમ જાણે બધા રોગોએ સાથે મળી આ શરીરરૂપી કિલ્લાને તોડી પાડવાનો વિચાર ન કર્યો હોય ! પણ ભામટાઓ ક્યાં જાણે છે કે નવ દરવાજાને ચૌદ માળના મહેલમાં બેસી આ ત્રણે લોકનો નાથ ચૌદ બ્રહ્માંડને પોતાની ઝોળીમાં નચાવી રહ્યો છે ! એનો ખેલ ન્યારો છે: 'નાયં હન્તિ ન હન્યતે' એ નથી કોઈને પ્રહાર કરતો કે નથી કોઈના પ્રહારોથી લેશ પણ ઘવાતો. એ તો બધો ખેલ જોઈ બેઠો બેઠો હસે છે.

ખૂબ આનંદમાં છું. બધી ઝાડી તદ્દન એકલાએ જ પસાર કરી. પગનું દર્દ હજી ચાર આની બાકી જ છે. એક દહાડો એ ય થાકીને ચાલ્યું જશે. પરમાત્માની ગતિ ન્યારી છે. ઘણી વાર અમુક કૃત્ય કેમ થાય છે તેનું રહસ્ય આપણને તુરત જ નથી સમજાતું. પણ દરેક કૃત્યમાં એનો ઊંડો હેતુ હોય છે. મારો પગ કેમ મચકોડાયો તેનું રહસ્ય મને હવે સમજાયું. ઝાડીનો રસ્તો તદ્દન વિકટ છે ને ભલભલાને માંદા પાડી દે તેવો છે. પણ સાજો હોત તો ત્રણ દિવસમાં જ બધી ઝાડી ઓળંગવાને હું દોડી પડત ને કદાચ જિંદગીનું જોખમ વહોરી લેત. પરમાત્માએ પગ ભાંગી નાંખી એ અણધારી આફતમાંથી મને બચાવી લીધો. બે રાત ગરુડેશ્વરથી દોઢેક માઈલ દૂર કેવડીયામાં જ પડી રહ્યો. એક ભગતે સારી સેવા કરી. પગને થોડો આરામ થયો એટલે ચાલી નીકળ્યો ને વચમાં હાપેશ્વર બે રાત આરામ લઈ આજે સ્હવારે અહીં આવી પહોંચ્યો છું. શરીર તદ્દન તંદુરસ્ત છે. કોઈ જાતની ચિંતા કરવા જેવું નથી. કાગળ વગેરે આવ્યા હોય કે તમારે અથવા બીજા કોઈને પત્ર લખવો હોય તો આઠેક દહાડામાં નીચેને સરનામે મોકલવાથી મને મળી શકશે. સરનામું નાગરી લિપિમાં મેં લખ્યા પ્રમાણે છે.

બ્રહ્મચારી કામલીવાલા C/o. પોસ્ટ માસ્તર, નેમાવર, જિ. નિમાડ.

લિ. **મહારાજ**ની શુભાશિષ.

**૧૦૭**

શ્રી                    ચિખલદા, માગ. વ. ૧૪ શુક્ર
(૨૪-૧૨-૨૭)

ભાઈ અંબાલાલ,

ઝાડી વટાવી ચિખલદા આવી પહોંચ્યો છું. તદ્દન એકલો જ છું. ઝાડીમાં પણ સાથ નહોતો. પ્રકૃતિ મઝામાં છે. આઠેક દિવસમાં બડવાહી-મોરટક્કાની સામે-પહોંચીશ. મુકામ નાગેશ્વર

કુંડ પાસેની ધર્મશાળામાં રહેશે. પંદરેક દિવસમાં એટલે પોષની પૂર્ણિમાને સુમારે સિદ્ધનાથ-નેમાવર જવાનો સંકલ્પ છે. સિદ્ધનાથ નર્મદાની બરાબર મધ્યમાં છે. તમારે આવવું હોય તો બડવાહી એ રેલ્વે સ્ટેશન છે. અથવા સિદ્ધનાથ-નેમાવર આવી મળો. સિદ્ધનાથ જબલપુર વાળી જી. આય. પી. રેલના હરદા સ્ટેશનેથી ૧૪ માઈલ છે. આવવા માટે પાકી સડક છે. બડવાહી આવશો તો નર્મદાખંડનું ઉત્તમમાં ઉત્તમ સ્થળ ધાવડી કુંડ-જ્યાંથી શંકરના બાણ નીકળે છે-જોવા મળશે. પત્ર લખવો અથવા મારા આવેલા મોકલવા હોય તો પંદર દિવસની અંદર નીચેના સરનામે મોકલશો. આવવાના હો તો સાથે લાવજો. આવો તો સાથે. દત્તબ્ની નકલો લાવશો. હાલ એજ, સરનામું મોદીને મોકલશો.

સરનામું અંગ્રેજી કે નાગરીમાં લખવું.
બ્રહ્મચારી કામલીવાલા
C/o. પોસ્ટ માસ્તર, નેમાવર, વાયા હરદા
લી. **પાંડુરંગ**

## ૧૦૮

## શ્રી

સિદ્ધનાથ, પો.વ. ૮ રવિ.
(૫-૧-૨૮)

ભાઈ અંબાલાલ,

ખૂબ આનંદમાં છું. કાલે સિદ્ધનાથ આવી પહોંચ્યો. તમારાં બે પત્તાં ને એક પરબીડીયું મળ્યાં છે. મંડલેશ્વર નરમ પડેલો તાવ પાછો આવવા મંડ્યો છે. છતાં સાંજે આગળ કૂચ કરવા વિચાર છે. કા.શુ. ૧ એ ભારકચ્છ મુકામ હશે. ભારકચ્છ પોસ્ટ છે. રેલ્વે સ્ટેશન મને ખબર નથી. હરદાથી બે ત્રણ સ્ટેશન આગળથી અવાતું હશે. શુ. ૧૧-૧૨ સુધીમાં ભેડાઘાટ પહોંચાશે. અહીં જબલપુર લાઈનના મીરગંજ સ્ટેશનથી અવાય છે. વદી ૩-૪ સુધીમાં મંડલા પહોંચાશે. અહીં આવવા બી.એન. રેલ્વેનું મહારાજપુર સ્ટેશન છે. મહારાજપુર સામે કિનારે ને આ કિનારે મંડલા. ભારકચ્છમાં પાઠશાળામાં, ભેડાઘાટમાં શેઠ ગોકુલદાસની ધર્મશાળામાં, ને મંડલામાં ત્યાંની ત્રણ ધર્મશાળામાંથી કોઈ એકમાં મુકામ હશે. વ. ૮ સુધીમાં મંડલાથી આગળ ૪૦-૫૦ માઈલ લગભગ અમરકંટક આવો તો સાથે થોડાં અજમાનાં ફૂલ, એકાદ સારી દંતમંજનની ડબી ને થોડું સુદર્શન ચૂર્ણ લેતા આવશો.

પત્ર C/o. પોસ્ટ માસ્તર મંડલા, વાયા મહારાજપુર બી.એન. રેલ્વે એ સરનામે લખશો. સરનામું અંગ્રેજી કે હિંદી. હાલ એજ

લિ. **અવધૂતેર રંગ**

## ૧૦૯

શ્રી લક્કડકોટ,

પો. વ. ૪ બુધ

વિ.સં. ૧૯૮૪ (૧૧-૧-૨૮)

બડવાહીથી જ આ તટની ઓંકારની ઝાડી શરૂ થાય છે. બે મૂર્તિનો સાથ છે. આનંદથી ચાલી રહ્યો છું. આ મુસાફરીથી મારો આત્મવિશ્વાસ હજાર ગણો વધ્યો છે. પરમાત્માની અચિંત્ય દયાનો સેંકડો વાર અનુભવ થાય છે. આવતી કાલે પામાખેડીનું ૧૪ માઈલનું વિકટ જંગલ વટાવવાનું છે. ધોળે દહાડે પણ વાઘ, રીંછ વગેરે હિંસ્ર પશુઓનો ડર છે ને રસ્તો ભૂલવાનો પણ ભો છે. તાવ ભાગી ગયો છે પણ અશક્તિ ડરાવી રહી છે. પગનું દર્દ પણ હજી બેઆની કાયમ જ છે. છતાં મને વિશ્વાસ છે કે હું એ જંગલ પણ નિર્વિઘ્ને પસાર કરીશ.

## ૧૧૦

શ્રી સિદ્ધનાથ, પો.વ. ૭ સંક્રાંતિ

વિ.સં. ૧૯૮૪ (૧૪-૧-૨૮)

આનંદથી કાલે ઝાડી વટાવી સિદ્ધનાથ આવી પહોંચ્યો છું. લક્કડકોટથી ઠેઠ પામાખેડી સુધી ત્યાંના નાકેદારનો સાથ હતો એટલે માર્ગમાં જરાએ અડચણ પડી નહિ. પુસ્તકો ને લંગોટનું પાર્સલ તથા અંદરના કાગળ ને બીજ મળ્યાં. એક ટાઈપ્ડ અંગ્રેજી પરબીડિયું ને પત્ર-કોણ જાણે કોનાં આવેલાં તે માસ્તરે પાછાં મોકલવાથી મને મળી શક્યાં નથી. ગોળના પાણી વિષેની તમારી સૂચનાઓ માટે અભારી છું. ગોળના પાણીની સાથે ક્વચિત્ પલાળેલી કાચી ચણાની દાળનો નવો પ્રયોગ કેટલાક દિવસથી શરૂ કર્યો છે. મંડળેશ્વરમાં નરમ પડેલા તાવે પાછો કાલે દેખો દીધો છે. છતાં પરમાત્માની ઈચ્છા હશે તો શિવરાત્રી સુધીમાં અમરકંટક પહોંચી જવાની ઉમેદ છે. પચીસેક દિવસમાં મંડલા જઈશ. પત્ર C/o. પોસ્ટ માસ્તર, મંડલા, વાયા મહારાજપુર, બી.એન. રેલવે એ સરનામે લખશો.

હાલ એજ...

– અવધૂતેર રંગ

## ૧૧૧

શ્રી પો.વ. ૯ સોમ, (૧૮-૧-૨૮)

ભાઈ અંબાલાલ,

કાલે એક પત્ર લખી નાંખ્યો ત્યાર પછી ખબર પડી કે ભારકચ્છ આવવા માટે હુસંગાબાદ સ્ટેશન છે. કદાચ એથી એક બે સ્ટેશન આગળથી પણ આવી શકાતું હોય. હુસંગાબાદ સામે